

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**




**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-10, August-2014**

વર્ષ : ૩૩ સળંગ અંક : ૩૯૪

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

સહયોગી : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮

અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 8 |
| કુરઆન શિક્ષણ | 9 |
| અહાદીસ | 11 |
| અઝલ સે હો રહા હય અય શહે બત્હા અબૂ તાલિબ ! | 14 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 15 |
| ઈબાદાત | 19 |
| ચમકતા સિતારા – ૨૦૧૪ | 21 |
| મશાયખવાણી | 23 |
| નહજુલ અસરાર | 27 |
| જાફરી પંચાંગ | 30 |
| ઈસ્લામ વિષેની સમજણ | 31 |
| બ્લોગ | 33 |
| રોઝી | 35 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 41 |
| અલ ઈર્શાદ | 45 |
| ખુત્બો : માબાપ વિષે | 49 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 53 |
| મીર અનીસના મરસિયા | 55 |
| એપીટમી ડેરી | 58 |
| જ્ઞાનગોષ્ઠિ | 59 |
| આપણા ઘરની વાતો | 62 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 65 |


# ઊઘડતે પાને...

અલ્લાહની કિતાબ.

કુરઆને મજીદ.

કુરઆને મજીદમાં એવા કિસ્સા પણ આવેલા છે કે જે નસીહતથી ભરપૂર છે. માણસ તેના પર અમલ કરે તો પોતાનું જીવન સુધારી શકે છે.

આવો જ એક કિસ્સો બે દોસ્તોનો અથવા બે ભાઈઓનો આવેલો છે. આ કિસ્સો ઉદાહરણ સ્વરૂપે બયાન કરવામાં આવ્યો છે. આ બન્નેમાંથી

એક અભિમાની માણસનો અને બીજો સદ્‌ગુણી માણસનો નમૂનો હતો. તે બન્નેના વિચારો, વાણી અને વર્તન સમુદાયોને અનુરૂપ હતાં.

સૌ પ્રથમ તો ફરમાવવામાં આવ્યું છે,

وَاضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا لِأَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ أَعْنَابٍ وَّحَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّ جَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا ﴿٣٢﴾

*"અય રસૂલ ! એમની આગળ બે માણસોના ઉદાહરણને બયાન કરો કે જેમાંથી એકને અમે દ્રાક્ષના બે બગીચા આપ્યા હતા કે જે વિવિધ પ્રકારની દ્રાક્ષ હતી અને તેમની આજુબાજુ ખજૂરનાં ઝાડ આસમાન સાથે વાતો કરી રહ્યાં હતાં અને એ બન્ને બાગોની વચ્ચે હરિયાળી ખેતી હતી."* (સૂરા કહ્‌ફ, આયત–૩૨)

આવા બાગ અને આવી ખેતીઓ કે જેમાં દરેક વસ્તુ સુંદર હતી. દ્રાક્ષ પણ હતી, ખજૂરો પણ હતી, ઘઉં અને બીજાં અનાજ પણ હતાં. સ્વાવલંબી ખેતીઓ હતી. આ બન્ને બાગ ઉત્પાદનની દૃષ્ટિએ ભરેલાં પડ્યાં હતાં. વૃક્ષો ફળોથી લચી પડેલાં હતાં અને ખેતીઓના છોડ પણ દાણાથી ભરપૂર હતા. એ બન્ને બાગોમાં કોઈ વાતની કમી ન હતી.

સૌથી મહત્ત્વની બાબત એ કે પાણી કે જે દરેક વસ્તુ માટે જીવન હતું તે ખાસ કરીને બગીચાઓ અને ખેતી માટે તેમને એક જગ્યાએથી મળી રહેતું હતું. આના કારણમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

...وَّ فَجَّرْنَا خِلٰلَهُمَا نَهَرًا ﴿٣٣﴾

*"...કેમકે બન્ને બાગોની વચ્ચે અમે એક નહેર વહેતી કરી દીધી હતી."* (સૂરા કહ્‌ફ, આયત–૩૩)

આ રીતે તે બાગોના અને ખેતીઓના માલિકને ખૂબ ઉત્પાદન મળતું હતું.

દુનિયાનો મકસદ પૂરો થઈ જતો હોય તો નીચ અને તિરસ્કૃત માણસ પોતાની દુન્યવી મુરાદો મેળવીને ગુરૂર અને તકબ્બુરમાં ફસાઈ જતો હોય છે અને સરકશી કરવા માંડે છે. પહેલાં તો તે બીજાઓની સરખામણીમાં પોતાને મોટો સમજવા માંડે છે. બગીચાઓના આ માલિકે પણ પોતાના દોસ્ત સાથે વાત કરતાં કહ્યું,

"હું દોલત અને પૂંજીની દૃષ્ટિએ તારાથી ચડિયાતો છું, મારી આબરૂ, ઈજ્જત અને હેસિયત તારાથી વધારે છે."

અને માનવશકિત પણ મારી પાસે ખૂબ વધારે છે. માલ અને દોલત અને પ્રભાવ પણ મારો વધારે છે. સમાજમાં મારી હેસિયત વધારે છે, તું મારા મુકાબલામાં શું છે અને તું શું વિસાતમાં છે ?

ધીરે ધીરે તેના વિચારો વધતા જ ગયા અને વાત એટલે સુધી પહોંચી ગઈ કે તે દુનિયાને કાયમ રહેનારી, માલદોલતને કાયમી અને નોકરચાકરને દાયમી સમજવા લાગ્યો. તે મગરૂર હતો, જો કે તે પોતાની જાત ઉપર જ જુલ્મ કરી રહ્યો હતો. એવામાં તે પોતાના બાગમાં દાખલ થયો. તેણે એક નજર લીલાંછમ વૃક્ષો પર ફેંકી કે જેની ડાળીઓ ફળોના ભારથી નમી પડેલી હતી. તેણે અનાજની ડાળીઓને જોઈને નહેરમાં વહેતા પાણીની લહેરો પર નજર કરી કે જે વહેતી વહેતી વૃક્ષોને સયરાબ કરી રહી હતી. એવામાં તે બધું જ ભૂલી ગયો અને કહેવા લાગ્યો, "મને તો વિચાર જ આવતો નથી કે મારો બાગ પણ કદી વેરાન થઈ જશે."

પછી તેણે એના કરતાં ય આગળની વાત કરી, આ જગત કાયમી હોવાની કે જે કયામતના

અકીદાની વિરૂધ્ધ હતી. તેથી તે કયામતનો ઈન્કાર કરવાનું વિચારવા લાગ્યો. તેણે કહ્યું, મારો વિચાર હરગિઝ નથી કે કોઈ કયામત છે.

પછી વધુમાં કહેવા લાગ્યો, ફર્ઝ કરવામાં આવે કે કયામત હોય પણ, અને હું મારી આ હેસિયત અને મકામની સાથે મારા રબની પાસે જાઉં તો પણ આના કરતાં વધારે સારી જગ્યા ન મેળવીશ.

તે આવા અપરિપકવ વિચારોમાં ડૂબેલો અને એક પછી બીજી નિર્રથક વાતો કર્યે જતો હતો.

કુરઆનમાં આ મગરૂર, બેઈમાન, સ્વાર્થી દોલતમંદની પાયા વગરની વાતોનો જવાબ તેના મોમિન દોસ્તના મોઢેથી આપવામાં આવ્યો છે. પહેલાં તો તે ખામોશ રહીને આ ટૂંકી વિચારધારાવાળા માણસની વાતો સાંભળતો રહ્યો કે જેથી જે કંઈ તેની અંદર છે તે બહાર આવી જાય અને પછી એક જ વખત એને જવાબ આપવામાં આવે.

તેણે કહ્યું,

"શું તું એ અલ્લાહથી કાફિર થઈ ગયો છે કે જેણે તને માટીમાંથી અને પછી નુત્ફામાંથી પેદા કર્યો અને પછી તને આખો માણસ બનાવ્યો ?''

ત્યાર પછી તે ઈમાનદાર માણસે તેના કુફ્રને અને ગુરૂરને તોડવા માટે કહ્યું, "પરંતુ મારું તો ઈમાન છે કે અલ્લાહ મારો પરવરદિગાર છે અને મને તે અકીદા ઉપર ગર્વ છે."

તું એ બાબત ઉપર નાઝ કરે છે કે તારી પાસે બગીચાઓ, ખેતીઓ, ફળ અને પાણીની વિપુલતા છે, પરંતુ મને એના ઉપર ફખ્ર છે કે મારો પરવરદિગાર અલ્લાહ છે, મારો ખાલિક અને રાઝિક તે છે. તને તારી દુનિયા પર ફખ્ર છે અને મને મારા તોહીદના અકીદા પર. અને હું કોઈને પણ મારા રબનો શરીક નથી ગણતો.

તોહીદ અને શિર્કનો મસઅલો માણસના ભાગ્યલેખમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પછી તેણે એ બાબતમાં વાતચીત આગળ વધારી અને તેની મુલાકાત કરીને કહ્યું,

"જ્યારે તું તારા બાગમાં દાખલ થાય તો તેં શા માટે એવું ન કહ્યું કે આ નેઅમત અલ્લાહની મન્શા (ઈચ્છા)થી છે. તેં તેને અલ્લાહના તરફથી છે એવું કેમ ન માન્યું અને તેનો શુક્ર કેમ ન બજાવી લાવ્યો? તેં શા માટે એવું ન કહ્યું કે અલ્લાહના સિવાય કોઈની કંઈ તાકાત નથી."

તેણે વધુમાં કહ્યું,

અગર તેં જમીનમાં હળ ચલાવ્યું છે, બીજ વાવ્યાં છે, ઝાડ રોપ્યાં છે, કલમો લગાવી છે અને તને દરેક મોકા પર બધું જ અનુકૂળ આવ્યું છે એટલે સુધી કે તું એવા સ્થાને પહોંચ્યો છે તો તે બધું અલ્લાહની કુદરતથી ફાયદો મેળવવાના કારણે છે. આ બધા જ વસીલાઓ અને સરળતાઓ અલ્લાહે તને બક્ષ્યા છે, તારા તરફથી તો કંઈ પણ તારી પાસે નથી અને તેના વગર તું કંઈ પણ નથી.

ત્યાર પછી તેણે વધુમાં કહ્યું,

"આ જે તને નજરે પડે છે કે હું માલ અને ઓલાદની દૃષ્ટિએ તારાથી ઉતરતો છું (તે કંઈ મહત્ત્વની બાબત નથી.) અલ્લાહ તારા માલના સંબંધમાં મને વધારે સારું અતા કરી શકે છે, બલ્કે એવું પણ થઈ શકે છે કે અલ્લાહ આકાશમાંથી તારા બાગ પર વીજળી પાડે અને જોત જોતામાં એ હરિયાળી જમીન એવા સપાટ મેદાનમાં બદલાઈ જાય કે જ્યાં પગ લપસી પડતા હોય."

અથવા જમીનને એવો હુકમ આપે કે તે ભેગી

થઈ જાય અને આ ઝરણું અને નહેરો તેના ઊંડાણમાં એવી રીતે ચાલી જાય કે ફરીથી તું તેને મેળવી ન શકે.

ખરેખર તે કહે છે કે તેં તારી સગી આંખે જોયું છે અથવા તો ઓછામાં ઓછું સાંભળ્યું છે કે કદીક એવું પણ થાય છે કે આસમાનથી વીજળી એક ક્ષણવારમાં બાગોને, ઘરોને અને ખેતરોને માટીના ટેકરામાં અથવા નિર્જન જમીનમાં ફેરવીને મૂકી દે છે. વળી તેં સાંભળ્યું છે અથવા જોયું છે કે કોઈક વાર જમીન પર એવો ભૂકંપ આવે છે કે ઝરણાં સૂકાઈ જાય છે અને નહેરો નીચે ચાલી જાય છે એવી રીતે કે તે સુધારવાને પાત્ર પણ રહેતી નથી. જ્યારે તું આ બધી બાબતોને જાણે છે તો પછી આ ગુરૂર અને ગફલત કયા કારણે છે ? તેં એ દૃશ્ય જોયું છે તો પછી આટલી બધી દિલચશ્પી શા માટે ? તું એવું કહે છે કે હું નથી સમજતો કે આ નેઅમતો કદી નાશ પામશે અને તું એવું સમજે છે કે આ હંમેશાં રહેશે, આ તો કેવી નાદાની અને મૂર્ખાઈ છે ?

તે બન્નેની પરસ્પરની વાતચીત ખતમ થઈ ગઈ. આ ખુદાપરસ્ત માણસની વાતોની તે મગરૂર, બેઈમાન, દોલતમંદ માણસના દિલ ઉપર કોઈ અસર ન થઈ. તે પોતાના એ મનોભાવ અને વિચારોની સાથે પોતાના ઘેર પાછો ગયો. તેને એ બાબતની ખબર પણ નહોતી કે તેનાં હરિયાળાં ખેતરોના વિનાશ માટે અલ્લાહનો હુકમ થઈ ચૂક્યો છે. તેને વિચાર પણ આવ્યો ન હતો કે તે પોતાના તકબ્બુર અને શિર્કની સજા આ દુનિયામાં મેળવી લેશે અને તેનો અંજામ બીજાઓના માટે ઈબ્રતનું કારણ બની જશે.

કદાચ એ વખતે કે જ્યારે રાતનો અંધકાર દરેક વસ્તુ પર છવાઈ ગયેલો હોય છે, ત્યારે અઝાબે ઈલાહી નાઝિલ થયો, વિનાશકારી વીજળીના સ્વરૂપમાં અથવા ભયંકર તોફાનના સ્વરૂપમાં અથવા હોલનાક ધરતીકંપની સૂરતમાં અલ્લાહનો અઝાબ નાઝિલ થયો. ટૂંકમાં જે કંઈ હતું તે થોડીક જ ક્ષણોમાં લીલાછમ બગીચા, ઊંચાં ઊંચાં વૃક્ષો અને ડૂંડાંથી લદાયેલી ખેતીઓને વેરણછેરણ અને બરબાદ કરી દીધી.

દિવસ ચઢ્યો. બાગનો માલિક બાગ તરફ ચાલ્યો. સરકશી તેના ઝહનમાં હતી. તે પોતાના બાગોની પેદાવારથી વધારે ફાયદો ઉઠાવવાની ચિંતામાં હતો. જ્યારે તે બાગની નજીક પહોંચ્યો તો અચાનક તેણે ભયંકર દૃશ્ય જોયું. હેરતથી તેનું મોઢું ખુલ્લું ને ખુલ્લું રહી ગયું. તેની આંખોની સામે અંધારું છવાઈ ગયું અને તે ત્યાં જરા પણ હલનચલન કર્યા વગર ઊભો રહ્યો.

તેને સમજણ પડતી ન હતી કે તે આ સપનું જોઈ રહ્યો હતો કે હકીકત. બધાં ઝાડ ઊંધાં પડ્યાં હતાં. ખેતીઓ નાશ પામી ચૂકી હતી. જીવનનાં કોઈ ચિહ્નો ત્યાં નજરે પડતાં ન હતાં, જાણે કે ત્યાં કદી લીલાછમ બગીચા અને ખેતીઓ જ ન હોય. તેનું દિલ ધડકવા લાગ્યું. ચહેરાનો રંગ ઊડી ગયો. ગળું સૂકાઈ ગયું. તેના દિલો દિમાગમાંથી ગુરૂર અને અભિમાન જતું રહ્યું. તેને એવું લાગ્યું કે તે એક લાંબી નિદ્રામાંથી જાગી ગયો છે. તે સતત પોતાના હાથ મસળી રહ્યો હતો. તેને એ બધા ખર્ચાઓનો વિચાર આવતો હતો કે જે તેણે આખી જિંદગી દરમિયાન કર્યા હતા. હવે તે બધું બરબાદ થઈ ચૂક્યું હતું અને ઝાડ ઊંધાં પડેલાં હતાં.

એ વખતે તે પોતાની ફાલતું વાતો અને બેહૂદા વિચારો પર પસ્તાવા લાગ્યો. તે કહેતો હતો, કાશ!

મેં કોઈને મારા પરવરદિગારનો શરીક ન બનાવ્યો હોત, કાશ ! મેં શિર્કના રસ્તા ઉપર ડગ માંડ્યો ન હોત !

વધારે દુઃખદ બાબત તો એ હતી કે તે બધાં જ દુઃખો અને આપત્તિઓની સામે તે એકલો જ ઊભેલો હતો. અલ્લાહના સિવાય કોઈ ન હતું કે જે આ મહાન મુસીબત અને આટલા બધા નુકસાન પર તેની મદદ કરે અને જો કે તેની સઘળી પૂંજી તો અહીં હતી કે જે બરબાદ થઈ ગઈ, હવે તેની પાસે કંઈ ન હતું તેથી તે પોતે પણ પોતાની કોઈ મદદ કરી શકતો ન હતો.

હકીકતમાં આ પ્રસંગે તેના સઘળા ગુરૂર ભરેલા વિચારો અને કલ્પનાઓને જમીનદોસ્ત અને બાતિલ કરી નાખ્યા. કયારેક તો તે કહેતો હતો કે મને સમજણ પડતી નથી કે આ મહાન દોલત અને પૂંજી કદી ફના થશે ? પરંતુ આજે તે પોતાની આંખોથી તેનો વિનાશ જોઈ રહ્યો હતો. બીજી તરફ તે પોતાના ખુદાપરસ્ત અને ઈમાનદાર દોસ્તની આગળ અભિમાન અને ઘમંડનું પ્રદર્શન કરતો હતો અને કહેતો હતો કે હું તારા કરતાં વધારે શકિતશાળી છું, મારા પરવરદિગારો ઘણા વધારે છે, પરંતુ આ પ્રસંગ પછી તેણે જોયું કે કોઈ પણ તેનો મદદગાર નથી. તેને પોતાની તાકાત ઉપર ઘમંડ હતો. તે સમજતો હતો કે તેની પાસે ખૂબ શકિત છે, પરંતુ જ્યારે આ પ્રસંગ બની ગયો અને તેણે જોયું કે તેના બસમાં કંઈ નથી તો તેને પોતાની ભૂલનો એહસાસ થયો, કેમ કે હવે તે જોઈ રહ્યો છે કે તેના બસમાં એટલું પણ નથી કે તે આ નુકસાનના અમુક ભાગની ભરપાઈ કરી શકે.

(સંદર્ભ : કસસુલ કુરઆન, પેજ-૬૫૫ થી ૬૬૦)

અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯

Bhagyoday
DAIRY

દુધ ◎ દહીં ◎ ઘી ◎ છાશ ◎ પનીર ◎ લસ્સી
પેડા ◎ હલવો ◎ બાસુંદી ◎ શ્રીખંડ ◎ કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.




## ૨૬૩

**સંપાદન :** જાફરી આવાઝ (માસિક) કાર્યાલય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | | ૫ |
| | ■ | | ■ | ૬ | | | ■ | ■ | |
| ૭ | ૮ | ■ | ૯ | | ■ | ■ | ૧૦ | | |
| ૧૧ | | ૧૨ | | ■ | ૧૩ | | | ■ | |
| ■ | ૧૪ | | | ■ | | ■ | ૧૫ | ૧૬ | ■ |
| ૧૭ | | ■ | ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | ૨૧ |
| | ■ | ૨૨ | ■ | ■ | ■ | ૨૩ | ૨૪ | | |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | ■ | | ■ | |
| ૨૯ | | ■ | ૩૦ | | | ૩૧ | ■ | ૩૨ | |
| ■ | ૩૩ | | | | ■ | ૩૪ | | | ■ |

### ::::: આડી ચાવીઓ :::::

(૧) રોઝાનો મહિનો, રમઝાન (૫)
(૪) હલનચલન (૪)
(૬) એક પ્રખ્યાત મરસિયા કહેનાર (૩)
(૭) તશ્ત, વાસણ (૨)
(૯) ફરી ફરીને આવતો તહેવાર (૨)
(૧૦) પાકો ઈરાદો, દ્રઢ નિશ્ચય (૩)
(૧૧) વધારો, વૃદ્ધિ (૪)
(૧૩) તીવ્ર, પ્રચંડ (૩)
(૧૪) મોત પછીનું ઘર (૩)
(૧૫) આનંદ, મોજ(૨)
(૧૭ ) અલ્લાહ કરે, ખુદા કરે (૨)
(૧૮) ઉપાય, યુક્તિ (૪)
(૨૦) 'આ' દર્શાવવા વપરાતો શબ્દ (૨)
(૨૩) દુરાચારી, ખરાબ કામ કરનાર (૪)
(૨૫) બીકણ, ડરપોક, નપુસંક (૩)
(૨૭) સફરજન, એક ફળ (૨)
(૨૯) નવમા ઈમામનો લકબ (૨)
(૩૦) બાદશાહનો દીકરો (૪)
(૩૨) ભાર, વજન (૨)
(૩૩) શિખામણ, ઉપદેશ (૪)
(૩૪) હેચ, ક્ષુદ્ર, નજીવું (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) ચંદ્ર, ચાંદ (૪)
(૨) તરફ, બાજુ, દિશા (૨)
(૩) સહાયતા (૩)
(૪) દરેક (૪)
(૫) બદલી, સ્થળ પરિવર્તન (૪)
(૮) તોફાની, નાફરમાન, વિદ્રોહી (૪)
(૯) ઓલાદ, સંતતિ (૪)
(૧૦) પગ, ડગલું (૩)
(૧૨) ક્યારે ? (૨)
(૧૩) શરાબ પીનારો, દારૂડિયો (૩)
(૧૬) સ્વાદ, લિજ્જત (૩)
(૧૭) બ્રહ્માંડ, વિશ્વ (૪)
(૧૯) પાલનહાર, અલ્લાહનું એક નામ (૨)
(૨૧) ગવર્નમેન્ટ, શાસન ચલાવનાર (૪)
(૨૨) ઠંડુ, શિતળ (૨)
(૨૪) દગો, પ્રપંચ (૨)
(૨૬) મકાનમાં રહેનારો, નિવાસી (૩)
(૨૭) તંદુરસ્તી, આરોગ્ય (૩)
(૨૮) યોગ્ય, ઉચિત (૨)
(૩૦) બાદશાહ, રાજા (૨)
(૩૧) બુદ્ધિશાળી (૨)
(૩૨) એક પક્ષીનું નામ (૨)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

**અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اِنَّ الَّذِیۡنَ کَذَّبُوۡا بِاٰیٰتِنَا وَ اسۡتَکۡبَرُوۡا
عَنۡہَا لَا تُفَتَّحُ لَہُمۡ اَبۡوَابُ السَّمَآءِ وَ لَا
یَدۡخُلُوۡنَ الۡجَنَّۃَ حَتّٰی یَلِجَ الۡجَمَلُ فِیۡ سَمِّ
الۡخِیَاطِ ؕ وَکَذٰلِکَ نَجۡزِی الۡمُجۡرِمِیۡنَ ﴿۴۰﴾

❂ બેશક જેમણે અમારી આયતોને જૂઠલાવી તથા અભિમાનપૂર્વક તેનાથી મોઢું ફેરવ્યું તેમના માટે ન આકાશનાં દ્વાર ઊઘાડવામાં આવશે અને ન તેઓ જન્નતમાં દાખલ થશે, જ્યાં સુધી કે સોયના નાકામાંથી ઊંટ નીકળી ન જાય, અને અમે ગુનેગારોને એવો જ બદલો આપ્યા કરીએ છીએ.

**(પારા-૮, સૂરા અઅ્રાફ, આયત-૪૦)**

---

وَ لَقَدۡ ذَرَاۡنَا لِجَہَنَّمَ کَثِیۡرًا مِّنَ الۡجِنِّ وَ
الۡاِنۡسِ ۫ۖ لَہُمۡ قُلُوۡبٌ لَّا یَفۡقَہُوۡنَ بِہَا ۫ وَ
لَہُمۡ اَعۡیُنٌ لَّا یُبۡصِرُوۡنَ بِہَا ۫ وَ لَہُمۡ اٰذَانٌ لَّا
یَسۡمَعُوۡنَ بِہَا ؕ اُولٰٓئِکَ کَالۡاَنۡعَامِ بَلۡ ہُمۡ
اَضَلُّ ؕ اُولٰٓئِکَ ہُمُ الۡغٰفِلُوۡنَ ﴿۱۷۹﴾

❂ અને અમોએ જિન્નાતો તથા ઇન્સાનોમાંથી ઘણાઓને જહન્નમ માટે જ સર્જ્યા છે, તેઓ પણ અંતઃકરણો ધરાવે છે, પરંતુ તે વડે (સારુંનરસું) સમજતા અને તેમનાં ચક્ષુઓ છે છતાં તે વડે તેઓ દેખતા નથી, અને તેમના કાન (પણ) છે, પરંતુ તે વડે સાંભળતા નથી, (માટે) તેઓ પશુઓ સમાન છે બલ્કે તે કરતાં ય વધુ ગુમરાહ એ (લોકો)જ (સત્ય બિનાઓથી) અજ્ઞાત છે.

**(પારા-૯, સૂરા અઅ્રાફ, આયત-૧૭૯)**

---

ذٰلِکُمۡ وَ اَنَّ اللّٰہَ مُوۡہِنُ کَیۡدِ الۡکٰفِرِیۡنَ ﴿۱۸﴾

❂ આ (તમોએ જોયું પણ ખરું) અને આ પણ (સમજી લો) કે અલ્લાહ ઈમાન નહીં લાવનારાઓના દાવપેચ કમજોર કરી નાખનાર છે.

**(પારા-૯, સૂરા અન્ફાલ, આયત-૧૮)**

إِنَّ الَّذِينَ كَفَرُوا يُنْفِقُونَ أَمْوَالَهُمْ لِيَصُدُّوا
عَنْ سَبِيلِ اللَّهِ ۚ فَسَيُنْفِقُونَهَا ثُمَّ تَكُونُ
عَلَيْهِمْ حَسْرَةً ثُمَّ يُغْلَبُونَ ۗ وَالَّذِينَ كَفَرُوا
إِلَىٰ جَهَنَّمَ يُحْشَرُونَ ﴿٣٦﴾

❂ બેશક જેઓ ઈમાન નથી લાવ્યા તેઓ પોતાનો માલ એવા હેતુસર ખર્ચે છે કે (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવે; તેઓ તે (માલ) ને એવી રીતે ખર્ચ્યા જ કરશે; પછી એ જ તેમના માટે ખેદનું કારણ બની જશે, પછી તેઓ પરાજિત થઈ જશે; અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેમને દોઝખ તરફ હંકારી લઈ જવામાં આવશે.

**(પારા–૯, સૂરા અન્ફાલ, આયત–૩૬)**

---

لِيَمِيزَ اللَّهُ الْخَبِيثَ مِنَ الطَّيِّبِ وَيَجْعَلَ
الْخَبِيثَ بَعْضَهُ عَلَىٰ بَعْضٍ فَيَرْكُمَهُ
جَمِيعًا فَيَجْعَلَهُ فِي جَهَنَّمَ ۚ أُولَٰئِكَ هُمُ
الْخَاسِرُونَ ﴿٣٧﴾

❂ કે જેથી અલ્લાહ નાપાકોને પાકોથી વિખૂટા પાડી નાખે, અને નાપાકને એકબીજા પર મૂકે; પછી એ સર્વેનો ઢગ કરે, પછી એ આખા ઢગને જહન્નમમાં હડસેલી મૂકે; તેઓ જ હાનિ ભોગવનારા છે.

**(પારા–૯, સૂરા અન્ફાલ, આયત–૩૭)**

---

وَإِنْ أَحَدٌ مِنَ الْمُشْرِكِينَ اسْتَجَارَكَ فَأَجِرْهُ
حَتَّىٰ يَسْمَعَ كَلَامَ اللَّهِ ثُمَّ أَبْلِغْهُ مَأْمَنَهُ ۚ
ذَٰلِكَ بِأَنَّهُمْ قَوْمٌ لَا يَعْلَمُونَ ﴿٦﴾

❂ અને (હે રસૂલ !) મુશરિકોમાંથી અગર કોઈ તારી પનાહ માગે તો તેને પનાહ આપ, અહીં સુધી કે તે અલ્લાહનો કલામ સાંભળે, પછી તેને તેના સુરક્ષિત સ્થાને પહોંચાડી દેજે, આ એ માટે કે તેઓ એવા લોકો છે કે જેઓ કાંઈ જાણતા નથી.

**(પારા–૧૦, સૂરા તૌબા, આયત–૬)**

---

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنَّمَا الْمُشْرِكُونَ نَجَسٌ
فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ
هَٰذَا ۚ وَإِنْ خِفْتُمْ عَيْلَةً فَسَوْفَ يُغْنِيكُمُ
اللَّهُ مِنْ فَضْلِهِ إِنْ شَاءَ ۚ إِنَّ اللَّهَ عَلِيمٌ
حَكِيمٌ ﴿٢٨﴾

❂ હે ઈમાન લાવનારાઓ ! સિવાય તેના નથી કે મુશરિકો નાપાક છે, માટે તેઓ પોતાના (કરાર પ્રમાણેના) આ વર્ષ પછી મસ્જિદુલ હરામ પાસે આવવા પામે નહીં, અને અગર તેમને દરિદ્રતાનો અંદેશો હોય તો આગળ જતાં અલ્લાહ ચાહશે તો પોતાની દયાથી તેમને ધનવાન બનાવી દેશે, બેશક અલ્લાહ સર્વજ્ઞ અને હિકમતવાળો છે.

**(પારા–૧૦, સૂરા તૌબા, આયત–૨૮)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ અેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૮ ઈલ્મ વિષે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

قُلۡ هَلۡ يَسۡتَوِى الَّذِيۡنَ يَعۡلَمُوۡنَ وَالَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ

*(હે પયગમ્બર ! તમે પૂછો કે ઈલ્મ ધરાવનાર અને ઈલ્મથી વંચિત લોકો સમાન હોઈ શકે છે ?)*

(સૂરા ઝોમર, આયત-૯)

(ગતાંકનું ચાલુ)

(૫૬૦) મારી ઉમ્મતની દરેક બુધ્ધિશાળી વ્યકિતને ચાર વસ્તુઓ આપવામાં આવી છે : (૧) ઈલ્મને સાંભળવાની. (૨) ઈલ્મનું રક્ષણ કરવાની. (૩) ઈલ્મને યોગ્ય લોકો સુધી પહોંચાડવાની. (૪) અને ઈલ્મ પર અમલ કરવાની.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૧, સફા–૧૩)

(૫૬૧) જે ઈલ્મ હાંસિલ કરવાની કોશિશ કરીને ઈલ્મને હાંસિલ કરી લે તો તેને બમણો સવાબ મળશે અને જે કોશિશ કરે અને હાંસિલ ન કરી શકે તો તેને સવાબનો એક ભાગ મળશે. (ઈસ્નાઅશરીયા, સફા–૧૧)

(૫૬૨) જે ઈલ્મ હાંસિલ કરીને તેના પર અમલ નહીં કરે તો અલ્લાહ કયામતના દિવસે તેને આંધળો બનાવશે અને જે દેખાડો કરવા અને લોકપ્રિય થવા ઈલ્મ હાંસિલ કરશે તો અલ્લાહ તેનાથી બરકત લઈ લેશે અને તેને પૈસાની તંગીમાં નાખશે અને તેને ફકત તેના જ હવાલે કરી દેશે અને જેને અલ્લાહે ફકત તેના જ હવાલે કર્યો, તે નાશ પામ્યો. અલ્લાહે ફરમાવ્યું, જે અલ્લાહથી મુલાકાત કરવાની ઈચ્છા રાખતો હોય તેણે નેક અમલ કરવા જોઈએ અને પોતાની ઈબાદતોમાં શિર્ક ન કરે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૦૦)

(૫૬૩) જે પોતાના ઈલ્મ અનુસાર અમલ કરે છે, અલ્લાહ તેનાથી રાજી થાય છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૩)

(૫૬૪) જે લોકોને દગો કરવા ઈલ્મ હાંસિલ કરશે તો તેવી વ્યકિત જન્નતની સુગંધ પણ નહીં મેળવી શકે.

(મજમુઆ વરામ, જિલ્દ–૨, સફા–૫૩)

(૫૬૫) ઈલ્મ હાંસિલ કરો ભલે ને પછી ચીનમાં પણ કેમ ન જવું પડે, કારણ કે ઈલ્મ હાંસિલ કરવું દરેક મુસલમાન માટે ફરજિયાત છે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૧૧)

(૫૬૬) અલ્લાહની દૃષ્ટિમાં એક આલિમ એક હજાર શહીદોથી વધારે સન્માનીય છે, કારણ કે આલિમો નબીઓથી હિદાયત મેળવે છે અને શહીદો આલિમોથી હિદાયત મેળવે છે. (ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૩)

(૫૬૭) કોઈ આલિમ કદી ઈલ્મથી ધરાતો નથી ત્યાં સુધી કે તેનું મોત થઈ જાય.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૫)

(૫૬૮) જે ઈલ્મ મેળવ્યા વગર લોકોને ફતવો આપે છે તો આકાશ અને જમીનના ફરિશ્તા તેના પર લા'નત કરે છે.

(તરાએફુલ ઉકૂલ મવાએઝુન્નબી)

(૫૬૯) જે અલ્લાહની ખુશનૂદી માટે લોકોને શિખવાડવા ઈલ્મ હાંસિલ કરે તો અલ્લાહ તેને ૭૦ નબીઓનો સવાબ આપશે. (રૌઝતુલ વાએઝીન, સફા–૧૨)

(૫૭૦) જે વ્યકિત ઈલ્મ હાંસિલ કરવા નીકળે કે જેથી ઈલ્મ વડે કોઈ બાતિલની રોકથામ કરે અને તેને હકની તરફ ફેરવી દે અથવા કોઈ ગુમરાહને હિદાયતની તરફ લાવે તો તેનો આ અમલ એક આબિદની ૪૦ વર્ષની ઈબાદત જેટલો છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૧, સફા–૧૪)

(૫૭૧) બેશક, આલિમો નબીઓના વારસદાર છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૬)

(૫૭૨) ઈલ્મ અલ્લાહની જમીન પર તેની અમાનત છે અને આલિમો તેના અમાનતદાર છે. જેણે પોતાના ઈલ્મ અનુસાર અમલ કર્યો તો જાણે કે તેણે અમાનતની અદાયગી કરી અને જેણે ઈલ્મ અનુસાર અમલ ન કર્યો તો તેણે અમાનતમાં ચોરી કરી એમ ગણાશે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૬૬)

(૫૭૩) કયામતના દિવસે આલિમોની શાહીનું વજન અને શહીદોના લોહીનું વજન સરખાવવામાં આવશે અને તેમાં આલિમોની શાહીનું વજન વધી જશે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૫)

(૫૭૪) જેણે કોઈ આલિમનું અપમાન કર્યું તો જાણે તેણે મારું અપમાન કર્યું અને જે મારું અપમાન કરશે તે કાફિર છે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૫)

(૫૭૫) બેશક, ઈલ્મની સાથે ઓછો અમલ પણ વધારે છે અને ઈલ્મ વગર વધારે અમલ પણ ઓછો છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૪)

(૫૭૬) મોમિને સાંભળેલું ઈલ્મનું એક વાકય એક વર્ષની ઈબાદતથી બહેતર છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૭૨)

(૫૭૭) જિબ્રઈલે રસૂલ (સ.)ને કહ્યું, "આલિમ લોકો દુનિયા અને આખેરતમાં આપની

ઉમ્મતના ચિરાગ છે. ધન્ય છે તે કે જે તેમની માઅરેફ્ત રાખે અને તેમને દોસ્ત રાખે અને તેના માટે અફસોસ છે કે જે તેમની માઅરેફ્ત ન રાખે અને તેમને દુશ્મન ગણે અને અમે ફરિશ્તાઓ તે વાતની સાક્ષી આપીએ છીએ કે જે આલિમોને દુશ્મન ગણશે તે જહન્નમમાં જશે અને જે આલિમોને દોસ્ત રાખે તે જન્નતમાં જશે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૫)

(૫૭૮) જે દીનનું ઈલ્મ હાંસિલ કરતાં કરતાં મૃત્યુ પામે તો જન્નતમાં તેના અને નબીઓ વચ્ચે ફકત એક દરજ્જાનું જ અંતર હશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૪૩૬)

(૫૭૯) આલિમ જાહિલોની વચ્ચે એવો છે કે જેવી રીત મૃત લોકોની વચ્ચે કોઈ જીવિત હોય અને ઈલ્મ શીખનાર માટે દરેક વસ્તુ મગ્ફેરતની દુઆ કરે છે. તમે ઈલ્મ હાંસિલ કરો, કારણ કે ઈલ્મ શીખવાથી અલ્લાહની નજદીકી પ્રાપ્ત થાય છે. બેશક, ઈલ્મ શીખવું દરેક મુસલમાન માટે ફરજિયાત છે. (ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૫)

(૫૮૦) ઈલ્મ ઈબાદતથી બહેતર છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૯)

(૫૮૧) જે જહન્નમથી આઝાદ કરાયેલા બંદાને જોવાની ઈચ્છા ધરાવતો હોય તેણે ઈલ્મ શીખનારને જોવો જોઈએ.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૭૩)


દુકાન
૯૦૩૩૧૨૭૪૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

**યાદગાર હોજીયરી**

**એન્ડ કટલરી સ્ટોર્સ**

(વાઘરોલવાળા)

**અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે.**
**નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથરૂ માલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.**

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

# ازل سے ہو رہا ہے اے شہِ بطحا ابو طالب!

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

ازل سے ہو رہا ہے اے شہِ بطحا ابو طالب !
فلک پر اور زمیں پر بھی ترا چرچا ابو طالب .

تری آغوش میں آئی رسالت بھی، امامت بھی،
سوا تیرے کسی کا ہے شرف ایسا، ابو طالب ؟

پدر بارہ اماموں کے، چچا جاں تم محمدؐ کے،
خدا سے تم نے پایا ہے عجب رتبہ ابو طالب .

نبیؐ کے دین پر تیرے بہت احسان ہیں مولا،
کہا اسلام نے مشکل میں گھِر کر، یا ابو طالب !

نبیؐ کے دین پر تو نے ہر اک بیٹا کیا قرباں،
نہ ہونے دی مگر اسلام کو ایذا، ابو طالب .

علیؑ سے عسکریؑ تک سب ترے بیٹے ہوئے مقتول،
بہا ہے ہر زمانے میں لہو تیرا ابو طالب .

تجھے کہتے ہیں جو کافر ہدایت کرنے ان سب کی،
کب آئیگا ترا وہ بارہواں بیٹا، ابو طالب ؟

ملیگی کامراںؔ کو کامرانی حوضِ کوثر پر،
جو دیگا جام کوثر کا ترا بیٹا، ابو طالب !

અઝલ સે હો રહા હય અય શહે બત્હા અબૂ તાલિબ!
ફલક પર ઔર ઝમીં પર ભી તેરા ચર્ચા, અબૂ તાલિબ.

તેરી આગોશ મેં આયી રિસાલત ભી, ઈમામત ભી,
સિવા તેરે કિસી કા હય શરફ ઐસા, અબૂ તાલિબ ?

પિદર બારા ઈમામોં કે ચચાજાં તુમ મોહંમદ કે,
ખુદા સે તુમ ને પાયા હય અજબ રુત્બા અબૂ તાલિબ!

નબી કે દીન પર તેરે બોહોત એહસાન હૈં, મૌલા,
કહા ઈસ્લામ ને મુશ્કિલ મેં ઘિર કર, યા અબૂ તાલિબ!

નબી કે દીન પર તૂને હર ઈક બેટા કિયા કુરબાં,
ન હોને દી મગર ઈસ્લામ કો ઈઝા, અબૂ તાલિબ !

અલી સે અસ્કરી તક સબ તેરે બેટે હુએ મક્તૂલ,
બહા હય હર ઝમાને મેં લહુ તેરા, અબૂ તાલિબ !

તુઝે કેહતે હૈં જો કાફિર હિદાયત કરને ઉન સબ કી,
કબ આયેગા તેરા વો બારહવાં બેટા, અબૂ તાલિબ ?

મિલેગી ‘કામરાં’ કો કામરાની હૌઝે કૌસર પર,
જો દેગા જામ કૌસર કા તેરા બેટા, અબૂ તાલિબ.

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

:::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## નેક અને નહસ ચોઘડિયાં વિષે મુફઝ્ઝલ બિન ઉમરના પ્રશ્નો

ઈમામ જાફર સાદિક (અ.)ના એક શિષ્ય મુફઝઝલ બિન ઉમર છે કે જેમના લખાણમાં ઈમામ જાફર સાદિક (અ.)ના ભણાવેલા પાઠ જોવા મળે છે. એક દિવસ મુફઝઝલ બિન ઉમરે પોતાના ઉસ્તાદથી પૂછ્યું કે નેક અને નહસ ચોઘડિયાં કે જેમને કિસ્મત જોવાવાળા અને જ્યોતિષીઓ નિશ્ચિત કરે છે તેમની હકીકત શું છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જાદુને બાતિલ ગણવામાં આવ્યું છે અને તે રીતે જ્યોતિષશાસ્ત્રને પણ વખોડવામાં આવ્યું છે. અલ્લાહ તઆલાએ તેને હરામ કર્યું છે.

મુફઝઝલ બિન ઉમરે કહ્યું કે નેક અને નહસ ચોઘડિયાં મોટા ભાગે જ્યોતિષશાસ્ત્રીઓ નિશ્ચિત કરે છે તે તો જાદુગર નથી.

ઈમામ જાફર સાદિક (અ.)એ વિચાર વ્યક્ત કર્યો, એ જ્યોતિષશાસ્ત્રીઓ કે જે એવો દાવો કરે છે કે પોતે નેક અને નહસ ચોઘડિયાં નિશ્ચિત કરી શકે છે તેઓ જાદુગર જ છે અને બીજા જાદુગરોની જેમ તેમને પણ બાતિલ ગણવામાં આવ્યા છે અને તેમને વખોડવામાં આવ્યા છે. અલ્લાહ તઆલાએ દરેક પ્રકારના જાદુને હરામ ગણ્યું છે.

મુફઝઝલ બિન ઉમરે પૂછ્યું, તો પછી એ બધા લોકો કે જેઓ જૂના જમાનાથી આજ સુધી નેક અને નહસ ચોઘડિયાંમાં માનનારા છે, શું તેમનો અકીદો બાતિલ છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, હા, અય મુફઝઝલ ! પરંતુ માણસના જીવનમાં અનુકૂળ અને પ્રતિકૂળ ચોઘડિયાં છે ખરાં.

મુફઝઝલ બિન ઉમરે વિચાર વ્યક્ત કર્યો, જો આવું છે તો જ્યોતિષીઓએ નિશ્ચિત કરેલા નેક અને નહસ ચોઘડિયાંમાં અને તેમનામાં શું ફેર છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, જ્યોતિષીઓ જે ચોઘડિયાંને નેક કે નહસ તરીકે નિશ્ચિત કરે છે તેમને જાદુ વડે નિશ્ચિત કરવામાં આવે છે. પરંતુ અનુકૂળ અને પ્રતિકૂળ ચોઘડિયાંનો સંબંધ માણસના સ્વભાવથી છે, તેનો સંબંધ જાદુથી નથી. દરેક માણસને કેટલાક દિવસોમાં એક વખતે અથવા તો એક જ દિવસ અને રાતમાં સ્વભાવના આધારે અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. તેનું કારણ એ છે કે માણસમાં રક્ત, કફ, પિત્ત, વાત દરેક સમયે એક જ પરિસ્થિતિમાં રહેતાં નથી. દિવસે અને રાત્રે તેમની માત્રામાં ફેર પડી જાય છે. એવી જ રીતે માણસના શરીરનાં કેટલાંક આંતરિક અંગો દિવસ અને રાત દરમિયાન એવાં કાર્યો કરે છે કે જેમાં તફાવત હોય છે. પ્રાચીન

કાળમાં જે લોકો આ વાતને જાણતા હતા તેમાંથી એક હકીમ બુકરાત (Hippocratus) પણ હતો કે જેણે કહ્યું છે કે કાળજુ માણસના શરીરમાં કેટલાંક કાર્યો કરે છે, પરંતુ તે કાર્યોને એક ક્ષણમાં નથી કરી નાખતું, બલ્કે કાળજું દરેક કાર્ય કરવામાં સમય લે છે. એવી રીતે કે કાળજું દરેક કાર્યને ક્રમ આપી દેતું હોય છે, પરંતુ આપણા સ્વભાવની પરિસ્થિતિ પ્રમાણે ક્યારેક તે કાર્યો કેટલાક દિવસ અથવા તો એક રાત અને દિવસમાં પૂરાં થાય છે. તમને એ બતાવવા ખાતર કે કેવી રીતે નેક અને નહસ ચોઘડિયાં આપણા અસ્તિત્વમાં જ રહેલાં છે અને જેવી રીતે જાદુગર કહે છે તેવી રીતે નથી તે માટે તમને યાદ અપાવી દઉં કે દિવસ અને રાતમાં લોહીનું ઘટ્ટ થવું શક્ય છે કે પાંચમા ભાગ અથવા તો ચોથા ભાગ સુધી જ હોય. આ અર્થમાં કે આપણું લોહી સવારે આપણે સૂઈને નમાઝ માટે ઉઠીએ ત્યારથી લઈને ચોથા અથવા પાંચમા ભાગ સુધી હોય કે જેમાં આપણે રોજિંદાં કાર્યોથી થાકીને સૂઈ જવાનું વિચારીએ છીએ, લોહીનું ઘટ્ટ થવું આપણી પરિસ્થિતિ ઉપર પ્રભાવ પાડે છે અને ક્યારેક આપણને થાકેલા અને ક્યારેક સુસ્ત કરી દે છે જેના કારણે રાત અને દિવસ દરમિયાન લોહીની ઘટ્ટતા ઓછી થતાંની સાથે જ શક્ય છે કે આપણે સ્ફુર્તિવાળા થઈ જઈએ અને આવી જ રીતે પાછું લોહી ઘટ્ટ થાય એટલે પાછા થાકી જઈએ.

જે લોકોને શ્વાસ ચઢવાની બીમારી છે, જો તેઓ શ્વાસ ચઢવાની દવા અડધી રાત્રે લે તો આ દવા દિવસની સરખામણીમાં વધારે સારી અસર કરશે, કારણ કે રાત્રે લોહીમાં એવું પરિવર્તન આવે છે કે દવાની અસર વધારી દે છે. આવા પ્રકારના લોકો માટે અડધી રાત્રે દવા લેવાનું નેક ચોઘડિયું હોય છે, કારણ કે આ ચોઘડિયું શ્વાસની બીમારીના ઈલાજ માટે એક અસરકારક ચોઘડિયું છે. જો કે એક દવા લઈ લેવાથી એક રાતમાં શ્વાસની બીમારીનો ઈલાજ નથી થઈ જતો, પરંતુ રાતની તકલીફ દૂર થઈ જાય છે અને તે માણસ વધારે સારી રીતે સૂઈ શકે છે. કેટલાક ખોરાક કે જે આપણે ખાઈએ છીએ તે પણ નેક છે અને કેટલાક નહસ. એ ખોરાક કે જેમના ખાવાથી શરીર બીમાર થતું નથી અને આપણે પોતાની અંદર ભારેપણાનો અનુભવ નથી કરતા અને આપણાં કામ સહેલાઈથી કરી શકીએ છીએ અને આપણને કામ કરવા માટે શક્તિ મળે છે તે એવા ખોરાક છે કે જેમને નેક કહી શકાય છે, પરંતુ એવા ખોરાક કે જેમના ખાધા પછી આપણી અંદર ભારેપણાનો અનુભવ થાય તેવી રીતે કે આપણે કામ ન કરી શકીએ આવા ખોરાક નહસ છે, કારણ કે તેમણે આપણા ઉપર નકારાત્મક અસર કરી છે.

અય મુફઝઝલ ! નેક અને નહસનો મસઅલો આપણા જીવનમાં આવી રીતે છે અને આપણા સ્વભાવથી સંકળાયેલા મામલાઓના દાયરાની બહાર નેક અને નહસનું અસ્તિત્વ જ નથી.

મુફઝઝલે પૂછ્યું, શું એ શક્ય છે કે આપ તારાઓની સંખ્યા જણાવી શકો છો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ તારાઓની સંખ્યાઓને જાણતું નથી.

મુફઝઝલે પૂછ્યું, શું આપણે અંદાજ પણ ન લગાવી શકીએ કે તારાઓની સંખ્યા કેટલી હશે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, અંદાજે પણ ન કહી શકાય કે તારાઓની સંખ્યા કેટલી છે.

મુફઝઝલે પૂછ્યું, આકાશમાં સૌથી વધારે પ્રકાશમાન તારો કયો છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, શું તમે આકાશના તારાઓના વાસ્તવિક પ્રકાશ વિષે પૂછો છો કે એ પ્રકાશ વિષે પૂછો છો કે જે આપણા સુધી પહોંચે છે ?

મુફઝઝલે કહ્યું, હું આપનો સવાલ સમજ્યો નહીં.

ઈમામ જાફર સાદિક (અ.)એ પોતાનો વિચાર વ્યક્ત કર્યો. મારો અર્થ એ છે કે આપણે ગ્રહોને તારાઓ કરતાં વધારે પ્રકાશમાન જોઈએ છીએ, કારણ કે ગ્રહો આપણા કરતાં વધારે નજીક છે, પરંતુ તારાઓનો પ્રકાશ ગ્રહો કરતાં ઘણો જ વધારે છે.

મુફઝઝલે પૂછ્યું, ગ્રહોમાં સૌથી પ્રકાશમાન ગ્રહ કયો છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ગ્રહોમાં સૌથી વધારે પ્રકાશમાન વિનસ છે. આખા વર્ષના ઘણા બધા મહિનાઓ દરમિયાન તમે તેને એટલો બધો પ્રકાશમાન જોશો કે તમને લાગશે કે આ બીજો ચાંદ છે પરંતુ વિનસ પણ ચાંદની જેમ સૂરજથી જ પ્રકાશ લે છે. તેનો પોતાનો પ્રકાશ નથી. પરંતુ ચાંદનો પ્રકાશ વિનસના પ્રકાશ જેટલો નથી એનું કારણ એ છે કે અલ્લાહ તઆલાએ વિનસની જમીનને એવા પદાર્થ વડે બનાવી છે કે જે પ્રકાશને અરીસાની જેમ પ્રતિબિંબિત કરે છે અને જે પદાર્થ વડે ચાંદ બનાવવામાં આવ્યો છે તે પદાર્થ પ્રકાશને એટલો બધો પ્રતિબિંબિત કરી શકતો નથી.

મુફઝઝલે પૂછ્યું, વિનસ પછી સૌથી વધારે પ્રકાશમાન ગ્રહ કયો છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તે પછી બધા ગ્રહોમાં સૌથી વધારે પ્રકાશમાન ગુરૂ છે અને કેટલાક લોકો તેને ભૂલથી વિનસ માની લે છે.

મુફઝઝલે પૂછ્યું, તારાઓમાં સૌથી વધારે પ્રકાશમાન તારો કયો છે ?

ઈમામ જાફર સાદિક (અ.) હસીને કહેવા લાગ્યા, અય મુફઝઝલ ! આપણા વડવાઓ કે જેઓ જંગલમાં જીવન વ્યતીત કરતા હતા તેઓ આકાશના પ્રકાશમાન તારાઓને સારી રીતે જાણતા હતા અને રાતના સમયે જંગલોમાં મુસાફરીમાં રસ્તો શોધવા માટે તારાઓની મદદ લેતા હતા, પરંતુ આપણે આપણા વડવાઓની જેમ જંગલોમાં જીવન વ્યતીત કરતા નથી માટે આપણે તારાઓને ઓળખી શકતા નથી.

જાણી લો કે, આકાશમાં સૌથી પ્રકાશમાન તારો શોઅરાએ યમાની (Sirius) છે અને આ તારો જંગલમાં જીવન વ્યતીત કરનારા આપણા વડવાઓમાં જાણીતો હતો. તેમને ખબર હતી કે આ તારો વર્ષના કયા મહિનામાં આકાશના કયા ભાગમાં ઊગે છે અને આનું નામ પણ તેમણે જ રાખ્યું હતું.

શોઅરાએ યમાની પછી આકાશમાં સૌથી વધારે પ્રકાશમાન તારો સમાક રામેહ છે અને આ તારાને પણ જંગલમાં જીવન વ્યતીત કરનારા આપણા વડવાઓ સારી રીતે જાણતા હતા. આ તારાનું નામ પણ તેમણે જ રાખ્યું હતું. જો તમારે આકાશના તારાઓના પ્રકાશના આધારે ક્રમ જાણવો હોય તો હું બતલીમુસ (Ptolemy) એ પ્રસ્તુત કરેલા તારાનું એ ચિત્ર તમને સોંપીશ કે જેમાં તારાઓના ન કેવળ નામ અને તેમની તસ્વીરો છે, બલ્કે આકાશમાં તેમની જગ્યા અને દરેક સ્વરૂપમાં તેમની પરિસ્થિતિ અને તેમનું કોષ્ટક પણ આપેલું છે. તેમાં આકાશના સૌથી પ્રકાશમાન તારાઓનું તેમના પ્રકાશના આધારે વર્ણન છે. (ક્રમશઃ)

# ધી વફાદાર ટુર

THE VAFADAR TOUR - HAJ - UMARAH - ZIYARAT

**માત્ર હજ ૨૦૧૪**

૮ સપ્ટેમ્બર થી ૯ ઓકટોમ્બર

**હજ + ઈરાક + ઈરાન**

૮ સપ્ટેમ્બર થી ૬ નવેમ્બર

**માત્ર ઈરાન ૯ દીવસ (ઈદે ગદીર)**

૯ ઓકટોમ્બર થી ૧૯ ઓકટોમ્બર

માત્ર ૩૫૦૦૦/-

**ઈરાન + ઈરાક ૨૫ દીવસ (આશુરા કરબલા)**

૯ ઓકટોમ્બર થી ૬ નવેમ્બર

માત્ર ૭૫૦૦૦/-

**ઈરાક ૧૭ દીવસ (આશુરા કરબલા)**

૧૯ ઓકટોમ્બર થી ૬ નવેમ્બર

માત્ર ૬૦૦૦૦/-

**રમજાન મહીનાની ૨૮ તારીખ સુધી બુકીંગ લેવામાં આવશે**

:: Contect ::

Jafarali Bhatt
Mo. 9998897720

Bakarali Bhatt
Mo. 9998822121

130, 1 st Floor, Sun Complex -2 , Motipura Circle, Himmatnagar , S.K ,Pin - 383001 (Gujarat) India
**E-mail**:- vafadar_jafar@hotmail.com **Website**:- www.vafadar.in

# ઇબાદાત

## માહે ઝિલ્કાદ

### માહે ઝિલ્કાદના આમાલ

ઝિલ્કાદ મહિનામાં રવિવારના દિવસે ગુસ્લ અને વુઝૂ કરીને ચાર રકાત બે-બે રકાતની નિય્યતથી પઢવાની છે, જેની બધી રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા તોહીદ અને એક એક વખત સૂરા ફલક અને સૂરા નાસ પઢવો, અને ૭૦ વખત اَسْتَغْفِرُ اللهَ رَبِّيْ وَ اَتُوْبُ اِلَيْهِ પઢવું અને છેલ્લે આ દુઆ પઢવી :

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ.

અને પછી આ દુઆ પઢવી :

يَا عَزِيْزُ يَا غَفَّارُ اغْفِرْ لِيْ ذُنُوْبِيْ وَذُنُوْبَ جَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ فَاِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ

૨૫મી ઝિલ્કાદના દિવસે રોઝો રાખવો અને આ મુજબ આમાલ કરવા : (૧) બે રકાત નમાઝ પઢવી, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી પાંચ વખત સૂરા શમ્સ પઢવો, અને નમાઝની સલામ પછી આ દુઆ પઢવી :

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ.

પછી આ પઢે :

يَا مُقِيْلَ الْعَثَرَاتِ اَقِلْنِيْ عَثْرَتِيْ، يَا مُجِيْبَ الدَّعَوَاتِ اَجِبْ دَعْوَتِيْ، يَا سَامِعَ الْاَصْوَاتِ اِسْمَعْ صَوْتِيْ وَارْحَمْنِيْ، وَتَجَاوَزْ عَنْ سَيِّئَاتِيْ، وَمَا عِنْدِيْ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

ઝિલ્કાદ મહિનામાં નીચે આપેલ દુઆ પઢવી જે મુસ્તહબ છે :

اَللّٰهُمَّ دَاحِيَ الْكَعْبَةِ، وَفَالِقَ الْحَبَّةِ، وَصَارِفَ اللَّزْبَةِ، وَكَاشِفَ كُلِّ كُرْبَةٍ، اَسْاَلُكَ فِيْ هٰذَا الْيَوْمِ مِنْ اَيَّامِكَ الَّتِيْٓ اَعْظَمْتَ حَقَّهَا، وَاَقْدَمْتَ سَبْقَهَا، وَجَعَلْتَهَا عِنْدَ الْمُؤْمِنِيْنَ وَدِيْعَةً، وَّاِلَيْكَ ذَرِيْعَةً، وَّبِرَحْمَتِكَ الْوَسِيْعَةِ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ الْمُنْتَجَبِ فِي الْمِيْثَاقِ الْقَرِيْبِ يَوْمَ التَّلَاقِ، فَاتِقِ كُلِّ رَتْقٍ، وَّدَاعٍ اِلٰى كُلِّ حَقٍّ، وَّعَلٰى

اَهْلِ بَيْتِهِ الْاَطْهَارِ الْهُدَاةِ الْمَنَارِ دَعَآئِمِ الْجَبَّارِ، وَوُلَاةِ الْجَنَّةِ وَالنَّارِ، وَاَعْطِنَا
فِيْ يَوْمِنَا هٰذَا مِنْ عَطَآئِكَ الْمَخْزُوْنِ غَيْرَ مَقْطُوْعٍ وَّلَا مَمْنُوْعٍ، تَجْمَعُ لَنَا بِهِ التَّوْبَةَ
وَحُسْنَ الْاَوْبَةِ، يَا خَيْرَ مَدْعُوٍّ، وَّاَكْرَمَ مَرْجُوٍّ، يَّا كَفِيُّ يَا وَفِيُّ يَا مَنْ لُّطْفُهُ خَفِيٌّ
اُلْطُفْ لِيْ بِلُطْفِكَ، وَاَسْعِدْنِيْ بِعَفْوِكَ، وَاَيِّدْنِيْ بِنَصْرِكَ، وَلَا تُنْسِنِيْ كَرِيْمَ ذِكْرِكَ بِوُلَاةِ اَمْرِكَ،
وَحَفَظَةِ سِرِّكَ، وَاحْفَظْنِيْ مِنْ شَوَائِبِ الدَّهْرِ اِلٰى يَوْمِ الْحَشْرِ وَالنَّشْرِ، وَاَشْهِدْنِيْٓ اَوْلِيَآءَكَ
عِنْدَ خُرُوْجِ نَفْسِيْ، وَحُلُوْلِ رَمْسِيْ، وَانْقِطَاعِ عَمَلِيْ، وَانْقِضَآءِ اَجَلِيْ، اَللّٰهُمَّ وَاذْكُرْنِيْ عَلٰى
طُوْلِ الْبِلٰى اِذَا حَلَلْتُ بَيْنَ اَطْبَاقِ الثَّرٰى، وَنَسِيَنِي النَّاسُوْنَ مِنَ الْوَرٰى، وَاحْلِلْنِيْ دَارَ
الْمُقَامَةِ، وَبَوِّئْنِيْ مَنْزِلَ الْكَرَامَةِ، وَاجْعَلْنِيْ مِنْ مُّرَافِقِيْٓ اَوْلِيَآئِكَ وَاَهْلِ اجْتِبَآئِكَ
وَاصْطِفَآئِكَ، وَبَارِكْ لِيْ فِيْ لِقَآئِكَ، وَارْزُقْنِيْ حُسْنَ الْعَمَلِ قَبْلَ حُلُوْلِ الْاَجَلِ، بَرِيْئًا مِّنَ
الزَّلَلِ وَسُوْٓءِ الْخَطَلِ، اَللّٰهُمَّ وَاَوْرِدْنِيْ حَوْضَ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَآلِهٖ، وَاسْقِنِيْ
مِنْهُ مَشْرَبًا رَّوِيًّا سَآئِغًا هَنِيْٓئًا لَّآ اَظْمَاُ بَعْدَهٗ وَلَآ اُحَلَّاُ وِرْدَهٗ وَلَا عَنْهُ اُذَادُ، وَاجْعَلْهُ لِيْ
خَيْرَ زَادٍ، وَّاَوْفٰى مِيْعَادٍ يَّوْمَ يَقُوْمُ الْاَشْهَادُ، اَللّٰهُمَّ وَالْعَنْ جَبَابِرَةَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ،
وَبِحُقُوْقِ اَوْلِيَآئِكَ الْمُسْتَاْثِرِيْنَ. اَللّٰهُمَّ وَاقْصِمْ دَعَآئِمَهُمْ وَاَهْلِكْ اَشْيَاعَهُمْ وَعَامِلَهُمْ،
وَعَجِّلْ مَهَالِكَهُمْ، وَاسْلُبْهُمْ مَّمَالِكَهُمْ، وَضَيِّقْ عَلَيْهِمْ مَّسَالِكَهُمْ، وَالْعَنْ
مُسَاهِمَهُمْ وَمُشَارِكَهُمْ، اَللّٰهُمَّ وَعَجِّلْ فَرَجَ اَوْلِيَآئِكَ، وَارْدُدْ عَلَيْهِمْ مَّظَالِمَهُمْ، وَاَظْهِرْ
بِالْحَقِّ قَآئِمَهُمْ، وَاجْعَلْهُ لِدِيْنِكَ مُنْتَصِرًا، وَّبِاَمْرِكَ فِيْٓ اَعْدَآئِكَ مُؤْتَمِرًا. اَللّٰهُمَّ احْفُفْهُ
بِمَلآئِكَةِ النَّصْرِ وَبِمَآ اَلْقَيْتَ اِلَيْهِ مِنَ الْاَمْرِ فِيْ لَيْلَةِ الْقَدْرِ، مُنْتَقِمًا لَّكَ حَتّٰى تَرْضٰى
وَيَعُوْدَ دِيْنُكَ بِهٖ وَعَلٰى يَدَيْهِ جَدِيْدًا غَضًّا، وَّيَمْحَضَ الْحَقَّ مَحْضًا، وَّيَرْفِضَ الْبَاطِلَ
رَفْضًا، اَللّٰهُمَّ صَلِّ عَلَيْهِ وَعَلٰى جَمِيْعِ اٰبَآئِهٖ، وَاجْعَلْنَا مِنْ صَحْبِهٖ وَاُسْرَتِهٖ، وَابْعَثْنَا فِيْ
كَرَّتِهٖ حَتّٰى نَكُوْنَ فِيْ زَمَانِهٖ مِنْ اَعْوَانِهٖ، اَللّٰهُمَّ اَدْرِكْ بِنَا قِيَامَهٗ، وَاَشْهِدْنَا اَيَّامَهٗ، وَصَلِّ
عَلَيْهِ وَارْدُدْ اِلَيْنَا سَلَامَهٗ، وَالسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ.

# ચમકતા સિતારા – ૨૦૧૪

## એસ.એસ.સી. : માર્ચ–૨૦૧૪


કુલસૂમફાતેમા એહમદહુસૈન
અધારીયા (શેરપુરા)
૫૩૬/૬૦૦


એહસાનઅલી આબિદઅલી
આગલોડીયા (પીંપોદર)
૫૩૩/૬૦૦


એહમદઅબ્બાસ ઈમ્તિયાઝઅલી
દેધરોટીયા (કનાઈ)
૫૩૨/૬૦૦


કામયાબઅલી કમ્બરઅલી
મુસબજી (શેરપુરા)
૫૩૧/૬૦૦


અસગરઅલી હસનઅલી
મોમિન (ધોળકા)
૫૩૦/૬૦૦


સકીનાફાતમા આબિદઅલી
ભટ્ટા (ઈલોલ પહાડીયા)
૫૧૩/૬૦૦


રહેમતફાતમા શબ્બીરઅલી
મતિયા (ઈલોલ પહાડીયા)
૫૧૧/૬૦૦



કનીઝફાતમા માસૂમઅલી
સુણસરા
૫૦૦/૬૦૦


મંજૂરફાતમા સાબિરઅલી
ભટ્ટ (ઝહીરાબાદ)
૪૯૮/૬૦૦


ઝાકિરહુસૈન આબિદહુસૈન
સુણસરા (સેવાલણી)
૪૯૫/૬૦૦


અકબરઅબ્બાસ સુલેમાનભાઈ
જગરાળા (દશાવાડા)
૪૯૧/૬૦૦


મંજૂરઅલી આબિદઅલી
બલોસપુરા (અમદાવાદ)
૪૯૧/૬૦૦


જાફરઅલી બાકિરઅલી
ભાણી (ગાંધીનગર)
૪૮૭/૬૦૦


મુખ્તારઅલી ખાદિમહુસૈન
સુણસરા (સેવાલણી)
૪૮૧/૬૦૦


સાજેદાફાતમા મુસ્તાકઅલી
વિજાપુરા (કિશોરગઢ)
૪૭૩/૬૦૦


આબિદઅલી શબ્બીરઅલી
અસામદી (મેતા)
૩૫૬/૬૦૦



મોમિન અબ્બાસઅલી
જાફરઅલી (નડીયાદ–સાલડી)
૪૦૮/૬૦૦



કામયાબઅલી શબ્બીરઅલી
દેધરોટીયા (કનાઈ)
CBSC 9.4 Rank



ઈરફાના આબિદઅલી
અસામદી (મેતા)
૪૫૮/૫૦૦



ઈમદાદઅલી મહેદીઅલી
અસામદી (મેતા)
૩૧૩/૫૦૦

**એચ.એસ.સી.
(વિજ્ઞાન પ્રવાહ)
માર્ચ–૨૦૧૪**



શાકિરઅલી તાહિરઅલી
વિજાપુરા (ગાંધીનગર)
૪૯૮/૬૫૦



મેઅરાજફાતમા શબ્બીરઅલી
ખાણશીયા (કાટવાડ)
૪૯૬/૬૫૦



ઈમદાદઅલી આબિદઅલી
આગલોડીયા (પીંપોદર)
૪૩૧/૬૦૦



સાજેદાબેન મોહંમદહુસૈન
ભટ્ટ (પીંપોદર)
૩૯૦/૬૫૦



હસનઅબ્બાસ શબ્બીરઅલી
સુથાર (ખાટાઆંબા)
૩૭૫/૬૫૦

**એચ.એસ.સી.
(સા.પ્રવાહ કોમર્સ)
માર્ચ–૨૦૧૪**



ઝૈનબફાતમા અહમદહુસૈન
અધારીયા
૬૬૯/૭૫૦



હસનઅલી ગુલામહુસૈન
સાલેહ (પીરોજપુરા)
૬૩૨/૭૫૦



મેઅરાજફાતમા આબિદઅલી
બલોસપુરા (અમદાવાદ)
૫૮૭/૭૫૦



મકબૂલફાતમા મોહંમદહુસૈન
મસુ (મહેરપુરા–ભરૂચ)
૫૭૮/૭૦૦



કુલસૂમબેન યૂસુફભાઈ
ફકીર (સુરપુર)
૫૦૦/૭૦૦

**એચ.એસ.સી.
(સા. પ્રવાહ આર્ટસ)
માર્ચ–૨૦૧૪**



શીરીનફાતમા આબિદહુસૈન
સુણસરા (સેવાલણી)
૬૦૧/૭૦૦




મેઅરાજફાતેમા શબ્બીરઅલી
હોલ્ડા (ઈલોલ તલાવ)
૫૬૯/૭૦૦

તમામ
વિદ્યાર્થીઓને
જાફરી આવાઝ
(માસિક) પરિવાર
તરફથી હાર્દિક
અભિનંદન

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્‌તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૯

**તબ ઈમામ હસનકુ, ના રોઝે માંહે ધરીએ,**
**કે જનાઝા લેકર, ઓર તરફ રે ચલીએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે ત્યાર પછી ઈમામ હસન (અ.)ને તેમના દાદા રસૂલલ્લાહ (સ.)ના રોઝામાં દફન કરવામાં ન આવ્યા અને ઈમામ હુસૈન (અ.) તેમનો જનાઝો લઈને બીજી તરફ ચાલ્યા.)

**જ્યાં ગોરસ્તાન કહીએ, ગરીબું કેરા,**
**વાં જનાઝે કુ લેકર, ગએ રે સવેરા.**

(પછી આપના જનાઝાને ગરીબોના કબ્રસ્તાન (જન્નતુલ બકી)માં લઈ જવામાં આવ્યો.)

**સુનો ઈમામકુ લે જાકર, વાં દફન રે કીતે,**
**સો દુશ્મનુ કેરે, હસદ કે લીતે.**

(દુશ્મનોના હસદને કારણે ઈમામ હસન (અ.) ને ત્યાં લઈ જઈને દફન કરી દીધા.)

**થી તારીખ દુજી, *મોહર્રમ માસા,**
**ઈમામ હસનકા વિસાલ, તબ હુઆ રે ખાસા.**

(મોહર્રમ મહિનાની બીજી તારીખે ઈમામ હસન (અ.)નો વિસાલ થયો હતો.)

*આપની વફાતની તારીખમાં મતભેદ છે. સફર મહિનાની ૨૮મી તારીખ પણ લખાયેલ છે.

**બરસ ચાલીસ આઠ, ઉમ્મર રે કેલાહી,**
**એ ખબર તો સાચી લખેસું પાહી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે મને એ સાચી ખબર લખેલી મળી છે કે ઈમામ હસન (અ.)ની ઉમ્મર ચાલીસ અને આઠ ૪૮ વર્ષની હતી.)

**દસ બેટે ને સાત બેટીયાં કહીએ,**
**ઈમામ હસનકી ઔલાદ, એ સુન કર લહીએ.**

(તમે સાંભળો કે ઈમામ હસન (અ.)ની ઓલાદમાં દસ દીકરા અને સાત દીકરીઓ હતી.)

**બેટેકી ઓલાદ, અનુ બાજ રે કહીએ,**
**અને અવરકું નાંહી, એસી ખબર રે લહીએ.**

(તેમના પછી તેમના દીકરાઓની ઓલાદ કહેવાય છે અને બીજાની નહીં, એવી ખબર મળી છે.)

**સો અબુલ હસન, અબુ મોહંમદ કહીએ,**
**રહી ઓલાદ અનુકી, બાજ ઈમામકે લહીએ.**

(ઈમામ હસન (અ.)ના પછી તેમની જે ઓલાદ રહી તે અબુલ હસન અને અબૂ મોહંમદ કહેવાય છે.)

**અને અવરૂંકી ઔલાદ, રહી રે નાંહાં,**
**નામ સુન વે લીજીએ, હે જ્યું લખેકે માંહાં.**

(ઈમામ હસન (અ.)ની બીજી ઓલાદ બાકી રહી નથી. જેમની ઓલાદ બાકી રહી નથી તેમનાં નામ આ મુજબ છે.)

**સહી કાસીમ, અબદુલ્લા, ઈસ્માઈલ કહીએ,**
**અને ઝેદ ને ઈબ્રાહીમ નામ ભી લહીએ.**

(જનાબે કાસિમ, જનાબે અબ્દુલ્લાહ, જનાબે ઈસ્માઈલ, જનાબે ઝૈદ અને જનાબે ઈબ્રાહીમ નામ છે. (આ નામ છે તેમને ઓલાદ ન હતી.))

**અને એહમદ અલી, જાનો રે નામા,**
**એ ઈમામ હસનકી ઔલાદકા ઠામા.**

(વળી એહમદ અલી પણ નામ હતું. આ બધાં ઈમામ હસન (અ.)ની ઓલાદનાં નામ છે.)

**એ સુન સુન બાતી, સહી કર લીજે,**
**અને એક કર રબકું મન એતના દીજે.**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ બધી વાતો સાંભળીને સાચી માનો અને અલ્લાહને એક સમજીને તેને યાદ કરતા રહો.)

**દુજી તારીખ જાનીએ,**
**મોહર્રમ કેરા માસ રે, મોહર્રમ કેરા માસ;**
**તબ સહી વિસાલ ઈમામકા,**
**હુઆ દિન એ ખાસ રે, હુઆ દિન એ ખાસ.**

(ઈમામ હસન (અ.)ની વિસાલનો દિવસ મોહર્રમ માસની બીજી તારીખ છે. આ દિવસ ખાસ બની ગયો છે. **નોંધ :** સફરની ૨૮મી તારીખ આપની વિસાલની તારીખ તરીકે પણ ગણવામાં આવે છે.)

**બયાન નં.૩૦**

**પીછે ઓરતને યઝીદકું, કેલાઈ બાતી,**
**સો બીયા રે કેરી બાત, કેલાઈ સુણાતી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે ત્યાર પછી ઈમામ હસન (અ.)ને ઝેર આપનાર સ્ત્રીએ યઝીદને શાદી કરવા અંગેની વાત કરી.)

**જ્યું તેં રે કહ્યા થા, ત્યું કામ મેં કીતા,**
**કે ઈમામ હસનકુ, ઝેર રે દીતા.**

(પેલી સ્ત્રીએ યઝીદને સમાચાર મોકલીને કહ્યું કે જેવું કામ કરવાનું તેં મને કહ્યું હતું એવું કામ મેં કરી દીધું છે. મેં ઈમામ હસન (અ.)ને ઝેર આપી દીધું છે.)

**અબ વાયદા તેરા, તુજે પૂરા હે કરના,**
**જે કોલ તેં કિયા થા, સો મન ધરના.**

(પેલી સ્ત્રીએ કહ્યું કે હવે તારે તારો વાયદો પૂરો કરવાનો છે. તેં જે મને વચન આપ્યું હતું તે પાળવાનું છે.)

**કે બેગે રે હોવે, તુજ સેતી ઘર વાસા,**
**ઝેર દિયા તેં ઈમામકુ, એતી કર મેં આશા.**

(પેલી સ્ત્રીએ કહ્યું કે મેં ઈમામ હસન (અ.) ને એવી આશાએ ઝેર આપ્યું છે કે હું જલ્દીથી તારા ઘરમાં વસવાટ કરું (અને તારી પત્ની બની જાઉં.).)

**યું ઓરતને યઝીદકુ, જબ બાત રે કેલાઈ,**
**તબ યઝીદને ઉસકી, પીછી ખબર ભેજાઈ.**

(પેલી સ્ત્રીએ યઝીદને આવી વાત કહી તો યઝીદે પણ તેના ઉપર વળતા સમચાર મોકલ્યા.)

**કે ઈમામ હસન જેસા, તેં ઝેર દે મારા,**
**તો તેરા મુજકું, ના આવે ઈતબારા.**

(યઝીદે વળતા સમાચાર મોકલ્યા કે તેં ઈમામ હસન (અ.) જેવાને ઝેર આપીને મારી નાખ્યા તો મને તારા ઉપર વિશ્વાસ આવતો

નથી.)

**યું જવાબ રે સુણીયા, જબ ઓરતને કાના,**
**તબ છોડા રે ઉમેદા, જે કીયા થા ધાના.**

(જ્યારે પેલી સ્ત્રીએ પોતાના કાને યઝીદનો આવો જવાબ સાંભળ્યો તો જે ઉમેદ રાખીને તેણી બેઠી હતી તે ઉમેદને છોડી દીધી.)

**યું હુઈ રે નીરાસી, દુનિયા માંહાં,**
**અને આકેબત માંહે, ખૂબ ઠામ રે નાંહાં.**

(આવી રીતે તે દુનિયામાં પણ નિરાશ થઈ ગઈ અને આકેબતમાં પણ તેના માટે સારી જગ્યા બાકી રહી નહીં.)

**જો ઈમામકે તનકુ, ઉને કીતી રે ઘાતા,**
**દો જગ નીરાસી, હુઈ ઓરતકી જાતા.**

(પેલી સ્ત્રીએ ઈમામ હસન (અ.)ના શરીર ઉપર ઝેર આપીને ઘાત કર્યો તો તે સ્ત્રી બન્ને જગતમાં નિરાશ થઈ ગઈ.)

**સહી સજા તો દેખતે, ઉસકુ પોચાહી,**
**એ સુનતે મોમિનો, એતી ચંતા રે આહી,**

**-: રે તુહી :-**

(તો પેલી સ્ત્રીને આવી સજા પહોંચી તો આ સાંભળીને મોમિનોના દિલોમાં પણ ચિંતા પેદા થઈ.)

**ઘાત કીયા ઈમામ કા,**
**દો જગ હુઈ નીરાસ રે, દો જગ હુઈ નીરાસ;**
**ના ઉમેદકુ પોંચી સહી,**
**જે કીતી થી આસ રે, જે કીતી થી આસ.**

(પેલી સ્ત્રીએ ઈમામ હસન (અ.)ની હત્યા કરી તો તે બન્ને જગતમાં નિરાશ થઈ ગઈ. જે આશા તેણીએ રાખી હતી તે ઉમેદે તે પહોંચી શકી નહીં.)


આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice


Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટનાં પતરાં તથા ગેલ્વે. પતરાં, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.


**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**

# HONEST RESIDENCY

-: બુકીંગ સંપર્ક :-
હસનઅબ્બાસ (સાબરકાંઠા માટે)
Mo. 7600801883
ઈમદાદઅલી (ધાણધાર માટે)
Mo. 9925071486




| SALABLE AREA TABLE | | |
|---|---|---|
| NO. | AREA IN MT. | AREA IN FEET. |
| 01 | 138.09 | 1485.85 |
| 02 | 97.52 | 1049.32 |
| 03 | 97.52 | 1049.32 |
| 04 | 97.52 | 1049.32 |
| 05 | 97.52 | 1049.32 |
| 06 | 112.03 | 1205.44 |
| 07 | 112.03 | 1205.44 |
| 08 | 97.52 | 1049.32 |
| 09 | 97.52 | 1049.32 |
| 10 | 97.52 | 1049.32 |
| 11 | 159.21 + 129.26 (open) | 1713.09 + 1390.83 (open) |
| 12 | 154.15 + 128.77 (open) | 1658.65 + 1385.56 (open) |
| 13 | 97.52 | 1049.32 |
| 14 | 97.52 | 1049.32 |
| 15 | 97.52 | 1049.32 |
| 16 | 97.52 | 1049.32 |
| 17 | 97.52 | 1049.32 |
| 18 | 60.48 | 650.76 |
| 19 | 79.67 | 857.24 |
| 20 | 86.37 | 929.34 |
| 21 | 91.49 | 984.43 |
| 22 | 96.60 | 1039.41 |
| 23 | 108.49 + 140.93 (open) | 1167.35 + 1516.40 (open) |



# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## ખુત્બતુલ બાલેગા

અલ્લાહ તઆલાની હમ્દ અને રિસાલત મઆબ (સ.)ની હમ્દોસના પછી હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું,

અય લોકો ! અલ્લાહે તમારી તરફ એક રસૂલને મોકલ્યા કે જેથી તમને તેના ઝરીઆથી નેકીની તરફ ધ્યાન અપાવે અને ગફલતથી સખ્તીની સાથે જાગૃત કરે. હું તમને ખોફ અપાવી રહ્યો છું અને તમારા નફસનું અનુસરણ કરવાની ખ્વાહિશ અને લાંબી લાંબી ઉમ્મીદોમાં સપડાયેલા રહેવાથી ડરું છું. ખ્વાહિશોનું આગમન તમને હકથી રોકે છે અને આરઝૂની વિપુલતા આખેરતને ભૂલાવી દે છે. દુનિયાની પસાર થનારી ક્ષણો તમને મારીને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જાય છે અને આખેરત તમને કબૂલ કરીને સ્થળાંતર કરી જાય છે. આ બન્ને એક જ છે. એ બન્નેનાં ફરઝંદ છે. તમે આખેરતના ફરઝંદ બનો, દુનિયાના ફરઝંદ ન બનો.

તેહકીકની સાથે કે આજનો દિવસ અમલનો દિવસ છે, હિસાબનો નથી. અને કાલે કયામતનો દિવસ હિસાબનો હશે, અમલનો નહીં. જાણી લો કે તમે મરી જશો અને મરવા પછી ઉઠાડવામાં આવશો અને તમારા આમાલનો હિસાબ લેવામાં આવશે. અને તેનો બદલો આપવામાં આવશે. તેથી દુનિયાની જિંદગી પર આશિક ન થઈ જાઓ. અને ધોખા દ્વારા અલ્લાહ સાથે ફરેબ ન કરો કેમ કે આ દારૂલ બલા, (આફતનું ઘર) છે કે જેણે તમને ઘેરી લીધેલ છે. આ બેવફાઈ અને મો'તબરના નામથી તારીફ કરવામાં આવેલ છે. એમાં જે કંઈ છે તે પતન તરફ લઈ જનારું છે. તે પોતાની અહલની વચ્ચે છે. સખાવત અને દોલત તેની હાલતો હંમેશગી બક્ષતાં નથી. તેના શરમાં સલામતી નથી કે જે તેના અહલની વચ્ચે નાઝિલ થાય છે જ્યારે કે પ્રગતિ અને ઐશની હાલતમાં વિચારમગ્ન રહે છે. જ્યારે તેઓ તેની મુસીબત અને ઐશના ફરેબમાં સપડાયેલા રહે છે ત્યારે તેઓ ખરાબ હોય છે. તેમના ઐશમાં તેમના અહલ માટે હંમેશગી નથી. તેમની ગરજને લક્ષ્ય બનાવવામાં આવે છે. અહીં બધાના માટે મોત મુકર્રર થઈ ચૂકી છે. આમાં દુ:ખો ખૂબ વિપુલ પ્રમાણમાં છે અને તમે અય અલ્લાહના બંદાઓ! એ લોકોના રસ્તા ઉપર છો કે જે લોકો ગુજરી ગયા અને જે હતા અને પછી ખતમ થઈ ગયા. તમારામાંથી જેઓ વધારે મકાનોમાં રહેવાવાળા હતા, તેમનાં શરીર સડી ગયાં અને તેમનાં ઘર ખાલી થઈ ગયાં. તેમના મજબૂત મહેલો અને ખૂબસૂરત પાથરણાંના બદલે તેમને કબરના ખાડા મળ્યા અને તે એવા ઘરોમાં કે જેમાં રહેનારા પોતાના મકાનોમાંથી નીકળેલા છે,

કીડાઓની સાથે રહેનારા થઈ ગયા. તેમના મહેલો (ઘર) નજીક નજીક હતાં કે જે વેરાન થઈ ગયાં. આ એકબીજાના પાડોશી છે, પરંતુ મળતા નથી. તેમને વસ્તી સાથે કોઈ સંબંધ નથી. તેઓ પાડોશીઓ સાથે પરસ્પર નીકટતા રાખવા હોવા છતાં અને તેમના મકાનોની નજીક નજીક હોવા છતાં મુલાકાત નથી કરતા. તેમની વચ્ચે મોહબ્બત અને પ્રેમ કેવી રીતે કાયમ થઈ શકે છે ? કેમકે દુ:ખોએ તેમને કચડી નાખ્યા છે. અને દુ:ખો તેમના ઉપર તૂટી પડ્યાં છે. જિંદગી પછી તેમણે કૂચ કરી અને મડદાં થઈ ગયા. તેમના મિત્રો તેમના પર રડે છે તેમની માટી સ્થિર થઈ ગઈ. તેમણે કૂચ કરી હવે તેમણે ન તો પાછા આવવાનું છે કે ન તો પાછા આવવાની તમન્ના કરી શકે છે, કેમ કે મોત તેમની અને તેમની ખ્વાહિશની વચ્ચે અવરોધરૂપ થઈ ગયેલ છે.

## સવાલો અને જવાબો

**એક યહૂદીના સવાલો :** કિતાબ મનાકિબમાં અબૂ તુફૈલ આમર બિન વાસલાથી રિવાયત છે કે મદીનાનો એક યહૂદી અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી કે હું આપને ત્રણ અને ત્રણ અને એક સવાલ કરવા ઈચ્છું છું. હઝરત અલી (અ.)એ ફરમાવ્યું કે સાત કેમ નથી કહેતો ? તેણે અરજ કરી કે જો આપે પહેલા ત્રણ સવાલોના સાચે સાચા જવાબો આપ્યા તો વધારાના ત્રણ સવાલો કરીશ અને જો તેમના પણ સાચા જવાબો આપ્યા તો છેવટે એક સવાલ કરીશ. હઝરત અલી (અ.) એ ફરમાવ્યું, મારા જવાબો સાચા હોવાની તસ્દીક તું કેવી રીતે કરીશ ? યહૂદીએ પોતાના પહેરણની બાંયમાંથી એક નાનકડી જૂની કિતાબ બહાર કાઢી અને કહ્યું કે આ કિતાબને મેં મારા બાપદાદાઓથી વારસામાં મેળવેલી છે. આ કિતાબને મૂસા બિન ઈમરાન (અ.)એ લખાવી હતી અને અમારા જદ્દે આલા (મહાન દાદા) હઝરત હારૂનના હાથે લખેલી છે કે જેમાં એ બધા જ મસઅલા લખેલા છે, જે હું આપને પૂછવા માગું છું. હઝરત અલી (અ.) એ ફરમાવ્યું કે જો હું એ સવાલોના સાચે સાચા જવાબો આપું તો શું તું મુસલમાન થઈ જઈશ ? તેણે જવાબ આપ્યો કે ખુદાની કસમ, અગર આપે સાચા જવાબો આપ્યા તો હું આ સમયે જ આપના હાથ ઉપર ઈસ્લામ કબૂલ કરીશ.

હઝરત અલી (અ.)એ ફરમાવ્યું કે સારું, તું જે ઈચ્છતો હોય તે સવાલ કર.

**યહૂદી :** એ પહેલો પથ્થર કયો છે કે જે આસમાનથી જમીન પર નાઝિલ થયો છે ?

**હઝરત અલી (અ.) :** યહૂદીઓનું ગુમાન છે કે એ બૈતુલ મુકદ્દસનો પથ્થર છે, પરંતુ એ બાબત ખોટી છે. પહેલો પથ્થર હજરે અસ્વદ છે કે જે હઝરત આદમ (અ.)ની સાથે જન્નતમાંથી જમીન પર નાઝિલ કરવામાં આવ્યો હતો અને રુકનના મકામ પર રાખવામાં આવ્યો કે જે આજ સુધી બૈતુલ હરામમાં છે.

**યહૂદી :** એ ઝરણું કયું છે કે જે સૌથી પહેલાં જમીન પર પ્રવાહિત થયું ?

**હઝરત અલી (અ.) :** તમારા અકીદામાં પહેલું ઝરણું એ છે કે જે બૈતુલ મુકદ્દસના પથ્થરની નીચેથી નીકળ્યું હતું, પરંતુ આ વાત ખોટી છે. પહેલું ઝરણું 'ચશ્મએ હયાત' છે કે જેના પર હઝરત મૂસા (અ.), હઝરત ખિઝર (અ.), યુશોઅ બિન નૂન (અ.) અને

ઝુલ્કરનૈન (અ.) ગયા હતા અને જેમાં માછલી પડી જઈને જીવતી થઈ ગઈ હતી.

**યહૂદી :** આપ (અ.)એ સાચું ફરમાવ્યું. સારું, હવે એ બતાવો કે એ કયું ઝાડ છે કે જે જમીન પર સૌથી પહેલાં પેદા થયું ?

**હઝરત અલી (અ.) :** તમે લોકો કહો છો કે પહેલું ઝાડ ઝૈતૂનનું છે. આ ખોટું છે. તે ખજૂર અજવાનું ઝાડ છે કે જેને હઝરત આદમ (અ.) પોતાની સાથે જન્નતમાંથી લાવ્યા હતા.

યહૂદીએ કહ્યું કે આપે સાચું ફરમાવ્યું. હવે બીજા ત્રણ સવાલ કરું છું.

**યહૂદી :** ખાતમુલ અંબિયા પછી કેટલા ઈમામો થશે?

**હઝરત અલી (અ.) :** ખાતમુલ અંબિયા પછી બાર ઈમામો થશે કે જેઓ કોઈ જાલિમના જુલ્મ અને કોઈ વિરોધીના વિરોધથી કદી દિલ તંગ નહીં થાય.

**યહૂદી :** ખાતમુલ અંબિયા કઈ જન્નતમાં રહેશે ?

**હઝરત અલી (અ.) :** રસૂલે અકરમ (સ.) 'બેહિશ્તે અદન'માં રહેશે. આ જન્નતોની વચ્ચેના ભાગમાં ખૂબ જ ઊંચી જગ્યા હશે અને અર્શથી ખૂબ જ નજીક હશે.

**યહૂદી :** આ મંઝિલમાં આપ (સ.)ની સાથે બીજા કોણ હશે ?

**હઝરત અલી (અ.) :** રિસાલત મઆબ (સ.)ની સાથે આ મંઝિલમાં એ જ બાર ઈમામો હશે કે જેમાંનો પહેલો હું છું અને છેલ્લા ઈમામ મહદી (અ.) હશે.

યહૂદીએ કહ્યું કે અલ્લાહની કસમ, કિતાબે હારૂનમાં આવું જ લખ્યું છે.

હવે આપને હું છેલ્લો સવાલ કરું છું.

**યહૂદી :** એ બતાવો કે તમારા નબી (સ.)ના પછી આપ કેટલા સમય સુધી જીવતા રહેશો ? અને આપનું મોત કેવી રીતે થશે ?

**હઝરત અલી (અ.) :** હું નબી (સ.)ના પછી ત્રીસ વર્ષ સુધી જીવતો રહીશ અને તલવારના ઝખમથી શહીદ થઈશ. મારો કાતિલ સાલેહ (અ.)ની ઊંટડીના પગ કાપનારા કરતાંય વધારે ખરાબ હશે.

યહૂદી રડવા લાગ્યો અને ઈસ્લામ કબૂલ કરતાં કહેવા લાગ્યો,

અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહંમદુર્રસૂલુલ્લાહ વ અશહદો અન્ન વસીયો રસૂલિલ્લાહ.

(કિતાબ અલ એહતેજાજ જિલ્દ-૧, યનાબેઉલ મોવદ્દત, બાબ-૭૬, કોકબ દરી)


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર

Manzar Optical

• નંબરના ચશ્મા
• બેલ્ટ
• ફેન્સી ગોગલ્સ
• પર્સ
• સનગ્લાસના ચશ્મા
• સ્પ્રે-અત્તર

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ઓગસ્ટ–૨૦૧૪ થી તા. ૧૫, માહે સપ્ટેમ્બર–૨૦૧૪ મુ.તા. ૧૯, શવ્વાલ–૧૪૩૫ થી મુ.તા. ૧૯, ઝિલ્કાદ–૧૪૩૫ |
|---|---|---|---|
| ઓગ. | શવ્વાલ | – | |
| 17 | ૨૦ | રવિ | **જન્માષ્ટમી** |
| 18 | ૨૧ | સોમ | **પતેતી** |
| 22 | ૨૫ | શુક્ર | વફાત : ઈમામ જાફર સાદિક (અ.) |
| 29 | ઝિલ્કાદ-૨ | શુક્ર | વફાત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા * **ગણેશ ચતુર્થી** |
| સપ્ટે.-7 | ૧૧ | રવિ | **વિલાદત : ઈમામ અલી રઝા (અ.)** |
| 11 | ૧૫ | ગુરુ | વફાત : પીર સૈયદ અબ્દુલ મજીદ (રહે.) |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) પહાડીમાંથી લાવેલા માણસનો એહવાલ સાંભળીને ઈબ્રાહીમ અદહમના મોઢામાંથી કયા શબ્દો સરી પડ્યા ?

(૨) સૌથી વધારે પ્રકાશમાન ગ્રહ કયો છે ?

(૩) બાળકને દૂધ પીવડાવવાની મુદ્દત વધુમાં વધુ કેટલી હોય છે ?

(૪) હઝરત આદમ (અ.)ની સાથે જન્નતમાંથી કયો પથ્થર જન્નતમાંથી નાઝિલ કરવામાં આવ્યો હતો ?

(૫) સામાજિક સુધારાઓ લાવવાનું સૌ પ્રથમ પગલું કયું હોવું જોઈએ ?

(૬) અલ્લાહ સિવાય કોઈની ઈબાદત ન કરો............. (આગળના શબ્દો પૂરા કરો.)

(૭) મોમિન ઈલ્મનું એક વાકય સાંભળે તો કેટલા વર્ષની ઈબાદતથી બહેતર છે ?

(૮) આપણા વડવાઓએ રાખેલા તારાનું નામ શું છે ?

(૯) માબાપ સાથે નેકી અને એહસાન એ ________, ________, ________, ________, અને ________થી પણ અફઝલ છે.

(૧૦) રસૂલે ખુદા કઈ જન્નતમાં રહેશે ?

# ઈસ્લામ વિષેની સમજણ

(વિસ્તૃત તસ્વીર) (ભાગ–૨)

લેખક : ડૉ. ક્રિસ હેવર

(ગતાંકનું ચાલુ)

અત્યાર સુધી તો મેં કાળજીપૂર્વક 'ઈસ્લામ' શબ્દ અને 'મુસ્લિમ' શબ્દ ત્રાંસા અને નાના અક્ષરો (small letters)માં વાપર્યો છે. આ રીતે મેં સમયવિહોણી કુદરતી રીત બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે જેને આકાશી કિતાબોમાં બધા પયગમ્બરો ઉપર નાઝિલ થયેલ છે કે જેમને આ ધરતી પર મોકલવામાં આવ્યા છે. આપણે તેમને generic islam (કોઈ જાતિ કે વર્ગનો ઈસ્લામ) કહીશું. ઈ.સ.-૬૧૦માં એ ભયાનક રાતથી શરૂ કરતાં કે જ્યારે અલ્લાહે મોહંમદ (સ.) પર કુરઆન નાઝિલ કરવાની શરૂઆત કરી, આપણે કહી શકીએ કે સર્જન એક નવા જ તબકકામાં પ્રવેશ્યું. કુરઆન બધા જ જમાનાઓ માટેની છેલ્લી, સ્પષ્ટ નાઝિલ થયેલી કિતાબ છે અને મોહંમદ (સ.) અંતિમ અને સાર્વત્રિક પયગમ્બર છે. એ ક્ષણ પહેલાં ધરતી ઉપર વત્તે ઓછે અંશે ચોકકસપણે તે સમયવિહોણા ઈસ્લામને અનુસરનારી ઘણી બધી કોમો હતી કે જે ઈસ્લામ તેમના ઉપર પણ મોકલવામાં આવ્યો હતો. કુરઆન અને મોહંમદ (સ.)ના આગમનના સમય પછી અલ્લાહે છેલ્લે હિદાયત માનવજાતની બૂરાઈઓનો ઈલાજ કરવા મોકલી. મુસલમાનો સમજે છે તે મુજબ, જો માણસો એ સમય પછી આગળ એવું જાણતા હોત કે તેમના માટે સર્વશ્રેષ્ઠ શું છે, તો તેઓ આ અંતિમ હિદાયતને અનુસરત. હવેથી આગળ આપણે કેપીટલ I, Islam, અને કેપીટલ M, Muslim કહી શકીશું એટલે કે એ જીવન પધ્ધતિ કે જે અંતિમ હિદાયત પર આધારિત હોય કે જે કુરઆનમાં આપવામાં આવી છે અને મોહંમદ (સ.)એ જીવેલા જીવનના ઉદાહરણ પર આધારિત હોય.

**કટોકટીનો એક સવાલ :**

બધા જ અસ્તિત્વ ધરાવનારાઓના સર્જક તરીકેના અલ્લાહ વિષે બોલતા મુસ્લિમોના વલણ વિષે ઉત્ક્રાન્તિનો પ્રશ્ન ઘણી વાર ઉપસ્થિત થાય છે. અલ્લાહને તો સર્જક અને મખ્લૂકને રોજી આપનાર તરીકે સમજી શકાય છે. અલ્લાહ બધા જ પ્રાણીઓના જીવનમાં રોજી આપતો સક્રિય રીતે સંડોવાયેલો છે. (૧૧:૬) આને આપણે વિદ્યુત પ્રવાહની જેમ વિચારી શકીએ કે જે લાઈટના બલ્બમાં થઈને દોડે છે. બલ્બ એક રીતે અસ્તિત્ત્વ ધરાવે છે કરંટ સાથે જોડાયા વગર, પરંતુ તે માત્ર લાઈટનો બલ્બ ત્યારે જ થાય છે કે જ્યારે તે વિદ્યુતશકિતને કારણે સળગે છે કે જે વિદ્યુતશકિત તેમાં થઈને વહે છે. વિદ્યુતપ્રવાહ વગર તો તે માત્ર એક પાતળા કાચનું બનેલું માળખું છે.

વાસ્તવિકતા એ છે કે આખી દુનિયાના મુસલમાનોની વિશાળ બહુમતી અને મુસલમાન આલિમો એવા છે કે જેમને આપણે કહીશું નિર્માણકારો એટલે કે તેઓ અલ્લાહ દ્વારા પેદા

કરવામાં આવેલ સર્જનના જુદા જુદા તત્ત્વોને તેમના હાલના સ્વરૂપને વત્તા ઓછા પ્રમાણમાં સમજે છે. કુરઆન સર્જનની પ્રક્રિયા વિષે વધારે ઊંડાણમાં જતું નથી, પરંતુ આપણને કટોકટીની માહિતી આપે છે કે અલ્લાહે જ માત્ર કોઈ વસ્તુની ઈચ્છા કરવાની છે અને તે થઈ જાય છે. અથવા જેમેકે કુરઆન કહે છે તેમ અલાહ કહે છે 'કુન' (થઈ જા) અને તે થઈ જાય છે. (૩૬: ૮૧-૮૨) અલ્લાહ હુકમનો ઈલાહી શબ્દ દ્વારા સર્જન કરે છે.

તો શું એવા મુસ્લિમો છે ખરા કે જેઓ ઉત્ક્રાન્તિના શબ્દો વિષે કહે ? તાજેતરના દાયકાઓમાં કેટલાક મુસ્લિમ વૈજ્ઞાનિકોએ ઉત્ક્રાન્તિની જુદી જુદી થિઅરીઓના ઈસ્લામ સાથેના સુમેળની તપાસ કરી છે. આ પ્રશ્નના ફરતેના તેમના કાર્યમાં તેમણે તેમની પધ્ધતિની અંદર ચાર તત્ત્વો રાખવાં પડે છે. પ્રથમ જ્યારે જે કાંઈ શરૂઆતમાં બન્યું તે અલ્લાહની મરજી અને હુકમ વડે હતું. જે કંઈ અસ્તિત્વ ધરાવે છે તેનું પ્રથમ કારણ અથવા રચનારો અલ્લાહ છે અને હોવો જ જોઈએ. બીજું સર્જનની બહાર રહેલા ક્ષેત્રમાં અલ્લાહ સતત સંડોવાયેલો રહે છે, તે બધું નસીબજોગે કે અડસટ્ટાની પસંદગીથી બની શકતું નથી. ત્રીજું ગમે તે રીતે હોઈએ માનવ જાતની અદ્વિતીયતાના માર્ગ વિષે બોલવાની રીત શોધવી જ પડે. વિવિધ મુસ્લિમ વિદ્વાનોએ સદીઓથી આ બાબત જુદી જુદી રીતે કરી છે. ઉદાહરણ તરીકે માનવજીવનના આગમન વિષે બોલીને જેમ એરિસ્ટોટલે પણ શીખવ્યું હતું. આપણને માણસ બનાવવા માટે અલ્લાહની રૂહ માણસોમાં અલ્લાહના ફૂંકવા વિષે કુરઆન વાત કરે છે. (૩૮:૭૨). આજે કેટલાક વિદ્વાનો કદાચ માનવ સજાગતાની અજોડતા વિષે આ જ રીતે કદાચ બોલી શકે. છેલ્લે, કુરઆન પ્રથમ માનવો તરીકે આદમ અને તેમની બીબી વિષે કહે છે. તેથી જ તો આને પધ્ધતિસર કામ કરવાનું છે કદાચ તેમને આદિ માબાપ તરીકે જોઈએ કે જેમનામાંથી સમગ્ર માનવજાત ઉતરી આવે છે. (૨:૩૫) બધા વૈજ્ઞાનિકો કે જેઓ જુદી જુદી થિઅરીઓ વિકસાવે છે તેઓ પૃથ્વી ઉપરના જીવનના ઉદગમ વિષે કહે છે તેઓ તેમનાં અવલોકનનો મર્મ જાણવાનો પ્રયત્નો કરે છે અને તેમને એક સુસંગત પધ્ધતિમાં બાંધે છે. આ થિઅરીઓ "ખરેખર શું બન્યું" તેના કોઈ ચોકકસ વર્ણન કરવાને બદલે "work in progrees (કામ ચાલુ છે) પ્રકારની છે.


## રક્ષણ ફેબ્રીકેશન ગૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે



કરી આપવામાં આવશે.



**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દ.)

- **Media** (સમૂહ માધ્યમો)

  The media are eating away traditions and trivializing cultures by making a mockery of every sacred thing. The result - a world where everyone is clueless about what to do and what to expect of others, because there is practically nothing which the media can't and won't trivialize.

  સમૂહ માધ્યમો દરેક પવિત્ર વસ્તુની ઠેકડી ઉડાડીને પરંપરાઓને અને સભ્યતાઓને નજીવી બનાવીને કોરી ખાય છે. અંજામ એ આવે છે કે – એવી દુનિયા કે જ્યાં દરેક જણે શું કરવું અને બીજાઓ વિષે શું આશાઓ રાખવી તે વિષે ઉકેલ વગરનો હોય છે, કારણ કે વ્યવહારુ રીતે એવું કંઈ નથી કે જેને સમૂહ માધ્યમો નજીવી બનાવી શકે કે બનાવી શકશે નહીં.

- **Responsibility** (જવાબદારી)

  Being oblivious to ones responsibility is not as great a sin as being unsympathetic to someone who is meticulous about one's responsibility.

  પોતાની જવાબદારીને (લોકોને) ખુલ્લંખુલ્લા દેખાડતા રહેવું એ એટલો મોટો ગુનો નથી કે જેટલું કોઈની સાથે બિનહમદર્દીભર્યું હોવું કે જે પોતાની જવાબદારી વિષે ચીવટભર્યો હોય.

- **Bomb** (બોમ્બ)

  Gross misuse of Nature's energy and blatant disobedience of God's covenant of spreading peace on earth rather than war.

  કુદરતની કાર્યશક્તિનો હડહડતો દુરુપયોગ અને પૃથ્વી ઉપર યુધ્ધ કરવા કરતાં તો શાંતિ (અમન) ફેલાવવાના અલ્લાહના હુકમની બેશરમીભરી નાફરમાની.

- **Relationship** (સંબંધ)

  Let everybody remain under the impression that they are yours, but never test the truth of it. If you do, you will find that nobody is actually yours, and those who claimed to be yours initially, don't claim it anymore. After all, God is more yours than you can ever claim to be His.

  દરેક જણને એવી છાપ હેઠળ રહેવા દો કે તેઓ તમારા છે, પરંતુ તે હકીકતની કસોટી કદી કરતા નહીં. જો તમે (કસોટી) કરશો તો તમને જાણવા મળશે કે હકીકતમાં કોઈ પણ માણસ તમારો નથી, અને જે લોકોએ શરૂઆતથી જ તમારા હોવાનો દાવો કર્યો છે તેઓ વધારે દાવો કરતા નથી

છેવટે તો અલ્લાહ જ વધારે તમારો છે એના કરતાં કે તમે તેના હોવાનો કદી દાવો કરી શકો.

- **Corporate Advertising** (કંપનીની જાહેરાત)

  A company's false claims in order to present a human face of it while the real face of it remains greed.

  (કંપનીની જાહેરાતો) કોઈ માનવ ચહેરાને પ્રસ્તુત કરવાના હેતુથી કરવામાં આવેલા કંપનીના ખોટા દાવા હોય છે જ્યારે તેની પાછળનો સાચો ચહેરો તો લોભ જ રહેલો હોય છે.)

- **The Path of Truth** (સત્યનો માર્ગ/ હકનો રસ્તો)

  When you say that you will accept Truth wholeheartedly even if your rival believes in the same thing, you are practicing religion. When you say that you will never accept Truth because your rival believes in it, you are playing politics.

  જ્યારે તમે એવું કહો કે તમે હકનો સ્વીકાર સાચા દિલથી કરશો ભલે ને પછી તમારો હરીફ પણ એ જ બાબતમાં માનતો હોય, તો તમે ધર્મનું આચરણ કરી રહ્યા છો. જ્યારે તમે એવું કહો કે તમે કદી પણ હકનો સ્વીકાર કરવાના નથી, કારણ કે તમારો હરીફ તેમાં માનતો હોય, તો તમે રાજકારણ રમી રહ્યા છો.

- **Society** (સમાજ/ કોમ)

  The first step towards bringing about social reforms is to make decent language mandatory upon everyone and to outlaw rude language.

  સામાજિક સુધારાઓ લાવવા તરફનું પ્રથમ પગલું સભ્ય ભાષાને દરેક જણ ઉપર ફરજિયાત બનાવવા જેવું છે અને અસભ્ય ભાષાને દેશવટો આપવા જેવું છે.

- **Society** (સમાજ/ કોમ)

  In a situation where you feel that everyone lacks courage, and you feel like blaming everyone for not showing courage, taking the initiative and showing a little courage yourself will work like magic. It will motivate others to join you, and soon you will find that everyone has equally shared your load.

  એવી પરિસ્થિતિમાં કે જ્યારે તમને એવું લાગે કે દરેક જણમાં હિંમતનો અભાવ છે અને હિંમત ન દર્શાવવા માટે તમે દરેક જણ ઉપર દોષારોપણ કરવાની લાગણી ધરાવતા હો ત્યારે પહેલ કરીને અને તમે જાતે જ થોડીક હિંમત દર્શાવશો તો જાદુઈ અસર થશે. તે બાબત અન્ય લોકોને તમારી સાથે જોડાવા માટે પ્રેરિત કરશે અને થોડાંક જ સમયમાં તમને જાણવા મળશે કે દરેક જણે તમારા કાર્યભારમાં એક સરખો હિસ્સો લીધો છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# રોજી માટેનો અલ્લાહનો સુરક્ષિત વાયદો

**સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (મોલીપુરવાળા)**

દરેક નાનાથી લઈને મોટા માણસને જોતાં એવું જણાઈ આવે છે કે તે રોજીની ચિંતામાં છે. તેના એવા ઉદ્‌ગારો નીકળતા આપણને સાંભળવા મળે છે કે રોજી તો બરાબર રીતે મળતી રહેશે ને ? વરસાદ બરાબર આવશે કે નહીં ? નોકરી સલામત રહેશે કે નહીં ? ધંધો વ્યવસાય ખોટવાઈ તો નહીં જાય ને ? વગેરે આ જ ચિંતા સ્વાભાવિક રીતે દરેકના ચહેરા પર દ્રષ્ટિગોચર થતી જણાય છે.

જો કે કુરઆને મજીદમાં અલ્લાહના આપેલા સુરક્ષિત વાયદા આપણને આવા વિચારોથી અલ્લાહના તવક્કુલ તરફ લઈ જાય છે કે અય મારા બંદાઓ ! તમે ચિંતા ન કરો, તમને અપાઈ ગયેલું વચન આસમાનમાં સુરક્ષિત છે.

અલ્લાહ તઆલા કુરઆને મજીદ સૂરા ઝારિઆત, સૂરા-૫૧, આયત-૨૨માં ફરમાવે છે :

وَفِي السَّمَاءِ رِزْقُكُمْ وَمَا تُوعَدُونَ ﴿٢٢﴾

*(અને આસમાનમાં તમારી રોજી મોજૂદ (સુરક્ષિત) છે જેનો તમને વાયદો કરવામાં આવ્યો છે.)*

અને માત્ર વાયદો કરવામાં આવ્યો છે તે ફક્ત માણસનો જ નહીં, પરંતુ અલ્લાહની સર્વે મખ્લૂકની રોજી અલ્લાહની પાસે આસમાનમાં સુરક્ષિત છે અને તે જમીન પર ક્યાં અને કયા ઈલાકામાં વસે છે તેની પણ સઘળી પરિસ્થિતિથી તે સંપૂર્ણ વાકેફ છે.

અલ્લાહ તઆલા કુરઆને મજીદ સૂરા હૂદ, સૂરા-૧૧, આયત-૬માં ફરમાવે છે :

وَمَا مِنْ دَابَّةٍ فِي الْأَرْضِ إِلَّا عَلَى اللَّهِ رِزْقُهَا وَيَعْلَمُ مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا ۚ كُلٌّ فِي كِتَابٍ مُبِينٍ ﴿٦﴾

*(પૃથ્વી પર ચાલનારું કોઈ એવું પ્રાણી નથી કે જેની રોજી અલ્લાહના શિરે ન હોય અને એ જ અલ્લાહ તેના દુનિયામાં રહેવાનું સ્થાન તથા મરણ પછી) તે (ને સોંપવા)નું સ્થાન જાણે છે; લોહે મહેફૂઝમાં દરેક બાબતનું વર્ણન મોજૂદ છે.)*

એટલે કે લોહે મહેફૂઝમાં અલ્લાહે સુરક્ષિત લખી દીધું છે કે તમારી રોજી અલ્લાહના શિરે છે અને તમે ક્યાં અને કયા ઈલાકામાં છો અને તમારા મોત પછી તમને કઈ જગ્યા સોંપવાની છે તે બધું જ તેના ઈલ્મમાં મોજૂદ છે.

આપણને પોતાની જાતને જ પૂછેલા એક પ્રશ્નથી કદાચ આ વાત પર વિશેષ યકીન હાંસિલ થઈ શકે એમ છે. પૂછીએ આપણે પોતાની જાતને, કે શું આપણને ઘરની વધારે જરૂર છે કે કપડાંની? ઘર વગર ચાલી શકે કે કપડાં વગર ? આપણો જવાબ હશે કે ઘરની પણ જરૂરિયાત તો છે, પરંતુ તેના કરતાં કપડાંની વધારે જરૂર છે.

વધુમાં પૂછીએ કે કપડાંની વધારે જરૂર છે કે ખોરાકની ? તો પણ આપણો જવાબ હશે કે કપડાંની પણ જરૂરિયાત તો છે જ, પરંતુ તેના કરતાં ખોરાકની વધારે જરૂર છે.

વધુમાં પૂછીએ કે ખોરાકની વધારે જરૂર છે

કે પાણીની ? તો પણ આપણો જવાબ હશે કે ખોરાકની પણ જરૂરિયાત તો છે જ, પરંતુ તેના કરતાં પાણીની વધારે જરૂર છે.

ચાલો, છેલ્લો એક પ્રશ્ન પણ કરી લઈએ કે પાણીની વધારે જરૂર છે કે હવા ? તો આપણો સ્પષ્ટ અને ચોખ્ખો જવાબ હશે કે પાણીની પણ જરૂરિયાત તો છે જ, પરંતુ તેના કરતાં વધુ અધિક હવાની જરૂર છે.

કદાચ માની લઈએ કે ઘર તો અમૂક દિવસો કે મહિના સુધી ન હોય તો પણ ચાલી શકે, કપડાં જો કે જૂનાં, થીગડાં મારેલાં કે તેની જગ્યાએ અન્ય વસ્તુનો ઉપયોગ અમુક દિવસો માટે ચાલી પણ શકે, ખોરાક કે જેના વગર અમુક દિવસનો ગુઝારો થઈ પણ શકે, પાણી કે જેના વગર અમુક કલાક કે દિવસ માટે સબ્ર થઈ પણ શકે, પરંતુ હવા વગર તો દિવસો કે મહિનાઓ કે અમુક કલાકો નહીં, તેના વગર તો અલ્પ ક્ષણો ગાળવી પણ મુશ્કેલ છે. તે એટલી સખત જરૂરિયાતવાળી છે કે થોડી ક્ષણો પણ તેના વગર પસાર કરવી માણસ માટે મુશ્કેલ થઈ પડે છે.

સારાંશ એ જ કે ઘરથી વધારે જરૂરિયાત કપડાંની છે, કપડાંથી વધારે જરૂરિયાત ખોરાકની છે, ખોરાકથી વધારે જરૂરિયાત પાણીની છે અને પાણીથી વધારે જરૂરિયાત હવાની છે. હવે વિચારો, જો આપણને ચિંતા છે કપડાં કે ખોરાકની, રોજી કે અન્ય જીવન જરૂરિયાતની, તો તેના કરતાંય જે વધારે મહત્ત્વની વસ્તુઓ છે તેના તરફ પણ નજર કરતાં જણાય છે કે જો આપણા ખાલિક, પરવરદિગારે આપણને એવી વધારે મહત્ત્વની વસ્તુઓથી પણ જો ક્યારેય મહેરૂમ ન રાખ્યા હોય, એટલે કે પાણી અને તેનાથીય વધારે જરૂરવાળી હવા કે જે દરેક ક્ષણે આપણને મળીને જ રહે છે તો શું ઓછી મહત્ત્વવાળી વસ્તુઓથી તે આપણને વંચિત રાખશે ખરો ? શું આપણે તેના રોજી વિષેના આસમાનના વાયદામાં શંકા કરીને તેના ઉપરનો તવક્કુલ ગુમાવી દેવો જોઈએ ? શું તેના વાયદા ઉપર વિશ્વાસ ન કરવો જોઈએ ?

એક હદીસમાં અલ્લાહના આ અતૂટ વાયદાનું બયાન કરતાં અને રોજીની ખોટી ચિંતાની મનાઈ કરતાં હઝરત અલી (અ.) નહ્જુલ બલાગા બોધ વચન નં.૩૭૯માં ફરમાવે છે :

وَقَالَ: يَا ابْنَ آدَمَ الرِّزْقُ رِزْقَانِ رِزْقٌ
تَطْلُبُهُ وَرِزْقٌ يَطْلُبُكَ فَإِنْ لَمْ تَأْتِهِ أَتَاكَ
فَلَا تَحْمِلْ هَمَّ سَنَتِكَ عَلَى هَمِّ يَوْمِكَ كَفَاكَ
كُلُّ يَوْمٍ عَلَى مَا فِيهِ فَإِنْ تَكُنِ السَّنَةُ
مِنْ عُمُرِكَ فَإِنَّ اللّٰهَ تَعَالَى سَيُؤْتِيكَ فِي
كُلِّ غَدٍ جَدِيدٍ مَا قَسَمَ لَكَ وَإِنْ لَمْ تَكُنِ
السَّنَةُ مِنْ عُمُرِكَ فَمَا تَصْنَعُ بِالْهَمِّ فِيمَا
لَيْسَ لَكَ وَلَنْ يَسْبِقَكَ إِلَى رِزْقِكَ طَالِبٌ وَ
لَنْ يَغْلِبَكَ عَلَيْهِ غَالِبٌ وَلَنْ يُبْطِئَ عَنْكَ
مَا قَدْ قُدِّرَ لَكَ.

("અય આદમના પુત્ર ! રોજીના બે પ્રકાર છે; એક રોજી એ છે કે જેને તમે શોધો છો અને બીજી રોજી એ છે કે જે તમને શોધી રહી છે, જો તમે તેના સુધી નહીં પહોંચો તો તે તમારી પાસે આવી જશે એટલે એક વર્ષની ચિંતા, વ્યાધિને એક દિવસ પર ન લાદી દો. દરેક દિવસ માટે એજ દિવસની ચિંતા પૂરતી છે, ત્યાર પછી જો તમારી ઉંમરમાં એક વર્ષ

બાકી રહી ગયું હોય તો દરેક આવવાવાળો દિવસ પોતાની રોજી પોતાની સાથે લઈને આવશે અને જો વર્ષ બાકી નથી તો વર્ષભરની ચિંતાની જરૂરત જ શી છે ? તમારી રોજીને તમારા પહેલાં કોઈ પામી નથી શકતો અને તમારા ભાગ પર કોઈ વર્ચસ્વ નથી પામી શકતો, બલ્કે તમારા નસીબમાં જે લખાઈ ચૂકયું છે તે વહેલે કે મોડે તમને મળીને રહેશે."

એટલે કે એક રોજી એવી છે જે માણસને શોધે છે કે જે તેને શોધીને જ રહેશે. આપણે હમેશાં ક્ષણની ચિંતા આખા દિવસ પર લાદી દઈએ છીએ અને એક દિવસની ચિંતા આખા વર્ષ પર, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે આવનારો દરેક દિવસ પોતાની રોજી પોતાની સાથે લઈને આવશે.

વળી એટલે સુધી પણ કે માણસને ચાર દીવાલની વચ્ચે કેદ કરી દેવામાં આવશે તોય તેની આવવાવાળી રોજીને કોઈ રોકી શકશે નહીં તે તેના સુધી પહોંચીને જ રહેશે. તેના વિષે હઝરત અલી (અ.)થી કરવામાં આવેલા સવાલનો આપ (અ.)એ આપેલો એક ઉમદા જવાબ પણ સાંભળી લો.

وَقِيْلَ لَهٗ لَوْ سُدَّ عَلٰى رَجُلٍ بَابُ بَيْتِهٖ وَ تُرِكَ فِيْهِ مِنْ اَيْنَ كَانَ يَاْتِيْهِ رِزْقُهٗ فَقَالَ : مِنْ حَيْثُ يَاْتِيْهِ اَجَلُهٗ

*(કોઈએ આપ (અ.)ને સવાલ કર્યો કે અગર કોઈ માણસના ઘરનો દરવાજો બંધ કરી દેવામાં આવે અને તેને એકલો મૂકી દેવામાં આવે તો તેની રોજી કયાંથી આવશે ? ફરમાવ્યું, જયાંથી તેનું મોત આવશે. (નહ્જુલ બલાગા, બોધ વચન નં. ૩૫૬))*

હઝરત અલી (અ.)નો આ જવાબ આપણને યકીન અપાવે છે કે અલ્લાહ તરફથી સુનિશ્ચિત થયેલી રોજીને કોઈ પણ રોકી શકતું નથી જયાં સુધી કે અલ્લાહ બંદાને પહોંચાડવા માગે. અને બંદાને પોતાના મુકામ પર તે રોજી પહોંચીને જ રહે છે.

અને બન્યું છે પણ એવું, અલ્લાહના કેટલાય બુધ્ધિશાળી બંદાઓએ કુરઆન અને હદીસનાં આ વર્ણનોને નજરો નજર જોયાં પણ છે અને તેના ઉપર ઈમાન અડગ કરી પણ દીધું છે.

ઈબ્રાહીમ અદહમ વિષે લખ્યું છે કે જેઓ બલ્ખના રાજા હતા. એક વાર તેઓ પોતાના લશ્કર સાથે કયાંક જતાં રસ્તામાં તેમણે પહાડોની વચ્ચે એક રમણીય સ્થળે પડાવ નાખ્યો હતો. જયારે જમવાનો સમય થયો ત્યારે દસ્તરખાન બિછાવવામાં આવ્યું અને તેના પર બકરીનું તળેલું ગોશ્ત મૂકવામાં આવ્યું. એ જ સમયે એક પક્ષી ઊડતું ઊડતું અચાનક ત્યાં આવી પહોંચ્યું અને તેણે દસ્તરખાન પર મૂકવામાં આવેલ ગોશ્ત પર ઝાપટ મારી અને ગોશ્તનો એક ટુકડો લઈને ઊડી ગયું.

ઈબ્રાહીમ અદહમે આ જોતાં જ પોતાના ફોજીઓને કહ્યું, જાઓ તે પક્ષીની પાછળ પડી જાઓ. બસ ફોજીઓને હુકમ મળતાં જ તેનો પીછો કર્યો. તે પક્ષી નજીકના એક પહાડ પાસે જઈને ઉતર્યું. ફોજી તેની પાછળ પાછળ ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચતાં જ તેમના આશ્ચર્યની સીમા ન રહી. તેમણે જોયું કે તે પહાડીમાં એક માણસ છે કે જેના બન્ને હાથ પગ બાંધેલા છે અને આ પક્ષી દસ્તરખાન ઉપરથી ઉઠાવેલ ગોશ્તના તે ટુકડાને નાના નાના ટુકડા કરીને પોતાની ચાંચ વડે તે માણસના મોઢામાં મૂકી રહ્યું છે. ફોજી એ માણસને એ જ હાલતમાં ઉઠાવી ઈબ્રાહીમ અદહમ પાસે લાવ્યા. અને પૂરો બનાવ બાદશાહને કહી સંભળાવ્યો.

ઈબ્રાહીમ અદહમે તે માણસને પૂછ્યું, તારી આવી પરિસ્થિતિ ? બતાવ તારો હાલ શું છે ? તે માણસે કહ્યું, જાણી લો કે હું એક મુસાફર હતો. અહીંયાંથી પસાર થઈ રહ્યો હતો તેવામાં લૂંટારુઓએ મારો સામાન લૂંટી લીધો અને મારા હાથ પગ બાંધીને મને જંગલમાં નાખી દીધો કે જેથી જંગલી જાનવર મને ફાડી ખાય અને હું મારું રક્ષણ પણ ના કરી શકું. અને આ બનાવને આજે સાત દિવસ વીતી ગયા છે, પરંતુ મને અલ્લાહ તઆલા જીવતો રાખવા માગતો હતો તેથી જાણે તેણે મારા માટે આ પક્ષીને કામે લગાડી દીધું કે જે મને સાંજ અને સવાર ક્યાંકથી કંઈકને કંઈક ખાવાની વસ્તુઓ મારી પાસે લાવે છે અને તેની ચાંચ વડે તોડી નાના નાના ટુકડાઓ મારા મોઢામાં નાખી મને ખવડાવે છે. અને વળી આ જ પક્ષી મારા માટે રોજ તેની ચાંચમાં પાણી ભરીને લાવી મને પીવડાવે છે. બસ હમણાં આ પક્ષી મને ગોશ્ત ખવડાવી રહ્યું હતું ત્યાં તો તમારા આ ફોજી લોકો મને ઉપાડીને અહીં લઈ આવ્યા.

આટલું સાંભળવું હતું કે ઈબ્રાહીમ અદહમ બાદશાહ રડવા લાગ્યા. અને રડી રડીને એક વાક્ય પોતાના જબાનથી કહેવા લાગ્યા, અલ્લાહ ખરેખર મખ્લૂકની રોજીનો જામીન છે. આજે અને હમણાં પણ તે તમામને રોજી પહોંચાડી રહ્યો છે, માણસ ખોટી ચિંતાનો શિકાર બની ગયો છે. પછી તો તે યાદે ઈલાહીમાં તલ્લીન થઈ ગયા.

સારાંશ એ જ કે સર્જકે પોતાના તમામ સર્જન માટેનો રોજીનો કરેલો વાયદો આસમાનમાં સુરક્ષિત રાખ્યો છે. તે બંદાને કોઈ પણ સંજોગોમાં મળીને જ રહેશે. અલ્લાહ તઆલા આપણને તેના તવક્કુલ કરનારા બંદાઓમાં શુમાર કરે. આમીન. યા રબ્બલ આલમીન !



કવર પેજ નં.૨ નું અનુસંધાન



# મીઠું

અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.)એ ફરમાવ્યું છે કે, મારા લીધે બે સમૂહો ગુમરાહ અને જહન્નમી થશે. લોકોનો એક સમૂહ જે મારી શાનમાં અતિશયોક્તિ કરશે તે અને બીજો સમૂહ મારી શાનને ઘટાડી દેશે તે. જે સમૂહ રસૂલલ્લાહ (સ.)એ મને જેમ નીમેલો છે તેમ તેમના સાચા જાનશીન, વસી, વઝીર અને ખલીફા તરીકે જે સમૂહ મને કબૂલ કરે છે તે સમૂહ જ હક પર છે. આમ નમકનું દ્રષ્ટાંત અમીરુલ મોમિનીન (અ.) પર છે. માણસના આરોગ્ય માટે અને એના અગ્નિને પ્રદીપ્ત રાખવા માટે સ્વાદ-રૂચી જ મહત્ત્વની વસ્તુ છે. આ રસેનિયોને નિયમીત અને વ્યવસ્થિત રાખવા માટે જ આપણા આહારમાં ખારા રસનું મહત્ત્વ સ્વીકારાયું છે.

ખારા રસનું મુખ્ય કાર્ય ખોરાક પાચન કરવાનું અને ભૂખ લગાડવાનું છે એ દૃષ્ટિએ આંતરડાના જુદા જુદા દરદોમાં નમકનો અનુપાન ભેદથી ઉપયોગ કરવામાં આવે છે. ખારો રસ શરીરનું શોધન (શુધ્ધ) કરે છે અને શરીરમાં જામેલા દોષોને દૂર કરે છે. આ દોષોની દૃષ્ટિએ આપણે અવાળું ચડ્યું હોય ત્યારે નમકના કોગળા કરીએ છીએ, ગળાના કાકડા, સોજો વગેરેમાં પણ એ અવયવોની ઉપર જામેલા જાળાં, વિજાતિય દ્રવ્યો નમકના ગરમ પાણીમાં કોગળાથી જ દૂર કરવામાં આવે છે.

ખારા રસનું એક વિશિષ્ટ કાર્ય રોપણ કરવાનું છે અને એ દૃષ્ટિએ જ કેટલીક વાર નમકના હળવા પાણીથી (આજનું NORM SALINE) ગુમડાં, ધારા ધોવાનો કે આનો પાટો બાંધવાનો આયુર્વેદ નિર્દેશ કર્યો છે. નમક એ મળશોધક છે તેથી જ આંતરડામાં ભરાયેલા મળને દૂર કરવા અને બસ્તિ (એનીમા) આપવામાં આવે છે.

દરેક માણસના શરીરમાં ૮ ઔંસ નમક હોય છે. જે નમક આપણે ખાઈએ છીએ તે પેટમાં જઈને સીધું હાઈડ્રોક્લોરિક એસીડ બની જાય છે. શરીરમાં સ્નાયુઓને સંકોચવાની શક્તિ નમક જ આપે છે. હ્રદયના ધબકારા, મગજના જ્ઞાનતંતુઓની કામગીરી અને પાચનમાં નમક ખૂબ જ ઉપયોગી બને છે. નમક વગરનું ભોજન લાંબા સમય લેવાથી લકવો થઈ જાય છે. માણસ અશક્ત થઈ જાય છે.

આપણા શરીમાં કુલ વજનના ૭૦ ટકા વજન તો પ્રવાહી જ છે. દરેક માનવ શરીરમાં લોહી, પાણી, હાડકાં બધામાં નમક હોય છે. લોહી, પરસેવો, પેશાબ, તથા આંસુમાં પણ ખારાશ હોય છે. નમકનો સપ્રમાણ ઉપયોગ એ અમૃત સમાન છે. પરંતુ તેનો અતિ ઉપયોગ ઝેર બરાબર છે. વધારે પ્રમાણમાં લેવાથી સૌથી પહેલાં બે અવયવો પર ખરાબ અસર થાય છે. લીવર (યકૃત) અને કીડની. ત્યાર પછી હાથ પગના સાંધાઓ પર તેની ખરાબ અસર થાય છે. ચામડીના રોગો થાય છે.

ઈ.સ. ૧૯૮૮માં બ્રિટિશ મેડીકલ જર્નલમાં ઈન્ટર સોલ્ટ અભ્યાસના પ્રસિધ્ધ થવાથી જણાવેલું કે રોજના ૬ ગ્રામ જેટલું નમક ખાવામાં વધારો કરવામાં આવે તો ૩૦ વરસ પછી બ્લડપ્રેશર માં ૧૦ મિ.મી. વધારો થાય છે. નાના શીશુઓ તેમજ ચિમ્પાન્ઝી વાંદરા પર નમકના રસપ્રદ પ્રયોગ થયા છે.

એક બ્રિટિશ સંશોધન મુજબ જો માત્ર નમકના વપરાશનો ત્રીજો ભાગ ઘટાડી દેવામાં આવે તો લોકોના બ્લડપ્રેશર, રક્તવાહિનીઓ અને હ્રદય પર એટલી સારી અસર થઈ કે બ્રિટનમાં લકવાના કિસ્સામાં ૨૨ ટકા અને

હાર્ટએટેકના કિસ્સાઓમાં ૧૬ ટકા જેટલો ઘટાડો થયો.

વધારે બ્લડપ્રેશરના દર્દીઓમાં નમક ઘટાડવાથી ખૂબ જ ફાયદો થાય છે. આવા લોકો માટે નમક ઓછું લેવાની જે સલાહ અપાય છે તે મુજબ ઊંચા લોહીના દબાણવાળા દર્દી - ૧૯ થી ૫૦ વર્ષ સુધીનાએ રોજનું ૧૫૦૦ મિ.ગ્રા. નમક ખાવું. ૫૧ થી ૭૦ વર્ષના એ ૧૩૦૦ મિ.ગ્રા. અને ૭૦ વર્ષથી ઉપરનાએ ૧૨૦૦ મિ.ગ્રા. ખાવું જોઈએ. આ રિપોર્ટ મુજબ નમકની વધુમાં વધુ મર્યાદા ૨૩૦૦ મીલી ગ્રામ રોજની છે.

## અન્ય



મંજૂરઅહમદ હૈદરઅલી
સુરપુરા (સુરપુર)
M.Sc. Agri First Class



રહમતફાતમા ગુલામઅલી
સુણસરા (સેવાલણી)
B.Ed. (Distinction)



મોહસિનઅલી અકબરઅલી
નુરભાણેજ (હરીપુરા)
M.C.A. (7.65)



મોહંમદઅલી તાહિરઅલી
નુરભાણેજ (હરીપુરા)
કોમ્પ્યૂટર એન્જી. (7.40)



હસનઅલી હૈદરઅલી
નુરભાણેજ (હરીપુરા)
ફાર્મા. ટેકનો. (6.85)



રઝીયાફાતેમા રફીકઅલી
પટેલ (મહેરપુરા)
B.Ed. (8.64) Distinction


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

:::::::: ઓર્થોરાઈઝ ડીલર ::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



**મહેર ટૂર**

*હજ–૨૦૧૪, ઝિયારત ઈરાક–ઈરાન મોહર્રમ–૨૦૧૪માં, ફેબ્રુઆરી–૨૦૧૫ ઉમરા ઝિયારત માટે જવા ઈચ્છતા દરેક મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.*

**ઈસ્માઈલ ઉસ્તાદ (ઈલોલ તલાવ)**
૯૪૨૬૩ ૪૩૯૦૭, ૯૭૨૭૩૭૪૮૭૮
**અનવરઅલી શરીફભાઈ કડીવાલા (કાકોશી)**
૯૮૭૯૦ ૨૦૬૯૨
**હિદાયતઅલી રહીમભાઈ શેલીયા (અમદાવાદ)**
૯૮૨૫૬ ૨૯૩૪૦

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૫** **સૂરા બોરુજ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક જે લોકો ઈમાનદાર પુરુષો તથા સ્ત્રીઓને સંતાપવા બાદ તોબા કરતા નથી તેમના માટે જહન્નમનો અઝાબ છે, અને તેમના જ માટે (આગમાં) બાળવાનો અઝાબ પણ છે. (૧૦)**

**બેશક જે લોકો ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમના માટે બગીચા છે, જેમની હેઠળ નદીઓ વહે છે, અને એ જ મોટી સફળતા છે. (૧૧)**

**બેશક તારા ખુદાની પકડ અત્યંત સખત છે. (૧૨)**

**لَمۡ یَتُوۡبُوۡا** (તોબા ન કરી) એટલે કે મોમિનોને સતાવ્યા પછી પણ પોતાના કુફ્ર અને શિર્ક ઉપર બાકી રહ્યા અને તોબા કર્યા વગર મરી ગયા. આવા લોકો માટે જહન્નમમાં વિવિધ પ્રકારનો અઝાબ હશે અને તે સિવાય આગમાં બળવાનો પણ હશે અને તેથી જ અઝાબે જહન્નમ અને અઝાબે હરીકનું અલગ અલગ વર્ણન છે અને બની શકે છે કે અઝાબે જહન્નમથી મુરાદ ઉખરવી (આખેરતનો) અઝાબ હોય અને અઝાબે હરીકથી મુરાદ દુન્યવી અઝાબ હોય. જેવી રીતે કે રિવાયતમાં છે કે તેઓ જ્યારે મોમિનોને આગમાં નાખતા હતા તો આગના ભડકા તેમને પણ પોતાની લપેટમાં લઈ લેતા હતા અને તેઓ પોતે પણ બળીને ખાક થઈ જતા હતા જ્યારે મોમિનોની અરવાહને અલ્લાહ આગમાં જવા પહેલાં જ જન્નતમાં પહોંચાડી દેતો હતો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક એ જ નવેસરથી પેદા કરે છે અને એ જ બીજી વખતે (કયામતમાં પણ પેદા) કરશે. (૧૩)**

**અને તે મહા ક્ષમાવાન (અને) મહાન હેતાળ છે. (૧૪)**

**અર્શ (સિંહાસન)નો માલિક (અને) મહિમાવાળો છે. (૧૫)**

**જે કાંઈ ચાહે તે કરીને જ રહેનાર છે. (૧૬)**

ખરેખર એ જ ખુદા નવેસરથી સર્જન કરે છે અને કયામતમાં પણ સજીવન કરશે. તે બહુ જ માયાળુ અને મહેરબાન છે અને અર્શનો માલિક છે અને ખુદા જે કંઈ ચાહે છે તે કરીને જ રહે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ભલા તારી પાસે લશ્કરોની ખબરો આવી. (૧૭)**

**(યાને) ફિરઓન તથા સમૂદના (લશ્કરોની)?(૧૮)**

**વાત આ છે કે જેઓ ઈમાન નથી લાવ્યા તેઓ (આ કુરઆનને) જૂઠલાવવામાં મંડ્યા રહ્યા છે ? (૧૯)**

**અને અલ્લાહે તેમને પાછળથી ઘેરી રાખેલા છે. (૨૦)**

**બલ્કે તે એક માનવંત કુરઆન છે. (૨૧)**

**જે સુરક્ષિત પત્રક (લૌહે મહેફૂઝ)માં (અક્ષરસ:**

**લખેલું) છે. (૨૨)**

جُنُوْد (લશ્કરો) એટલે કે કાફરો કે જેમણે પોતાના લશ્કરો વડે અંબિયાને ડરાવ્યા જેવી રીતે કે ફિરઓન–સમૂદ, વગેરે. તો ખુદાવંદે કરીમે અંબિયાને સબ્રની તોફીક અતા કરી અને પોતાના દુશ્મનોને સખત સજા દીધી કે જેને હંમેશાં યાદ રાખવામાં આવશે. માટે કુફ્ફારે મક્કા અગર આપને જૂઠલાવે છે તો તેની પરવા ન કરો. તેઓ મારી પકડથી છટકી શકશે નહીં. કાફિરોએ આપના ઉપર પ્રકાર પ્રકારના આક્ષેપો મૂક્યા હતા કે આપ જાદુગર છો, દીવાના છો, નજરબંદી કરો છો, વગેરે. આમ કાફિરો લોકોના દિલોમાં શંકાઓ પેદા કરતા હતા પણ તેમનો આ જુઠ્ઠો પ્રચાર લાંબો ન ચાલ્યો અને એ સિધ્ધ થયું કે આ કુરઆને મજીદ અલ્લાહનું કલામ છે કે જેમાં અલ્લાહની નેઅમતોનું વર્ણન તથા અઝાબનું બયાન છે અને પહેલાંના લોકો ઉપર જે અઝાબ થયા છે તેના કિસ્સાઓ પણ છે, જેથી લોકોને માર્ગદર્શન મળી રહે.

પછી લૌહે મહેફૂઝનું વર્ણન કરવામાં આવ્યું છે કે તે એક સફેદ મોતીની જેમ છે અને તેની લંબાઈ આસમાન અને જમીનની વચ્ચેના અંતર જેટલી છે અર્થ એ કે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના અંત જેટલી છે. જ્યારે કેટલાકે ઈસરાફીલના કયામને લૌહે મહેફૂઝ કહેલ છે જ્યારે કેટલાકે અર્શની જમણી બાજુના સ્થળને બતાવેલ છે. જો મહેફૂઝને કુરઆનની સિફત માનવામાં આવે તો કુરઆને મજીદ કંઈ પણ ફેરફાર કે એબ વગરનું પાક અને પવિત્ર છે અને તે તખ્તીની અંદર મહેફૂઝ છે કે જેને જિબ્રઈલે અમીન અલ્લાહના હુકમથી જરૂર મુજબ અંબિયા પાસે પહોંચાડતા હતા.

## સૂરા નં.૮૫  સૂરા તારિક

૧૭ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**કસમ છે આસમાનની અને કસમ છે (અંધારી) રાતમાં આવનારની. (૧)**

**અને તું શું સમજ્યો કે (અંધારી) રાતમાં આવનાર શું છે ? (૨)**

**તે (દૃષ્ટિને) આંજી નાખે એવા પ્રકાશવાળો એક તારો છે. (૩)**

**એક પણ એવી વ્યક્તિ નથી કે જેના પર એક ચોકીદાર નીમેલો ન હોય. (૪)**

**માટે ઈન્સાને વિચારવું જોઈએ કે તેને કઈ વસ્તુમાંથી પેદા કરવામાં આવ્યો છે. (૫)**

**તેને ઉછળતા પાણીમાંથી પેદા કરવામાં આવ્યો છે. (૬)**

**જે (પુરુષની) પીઠ અને (સ્ત્રીની) છાતીના હાડકાંઓ વચ્ચેથી નીકળીને આવે છે. (૭)**

**બેશક તે (અલ્લાહ) તેને પાછો લાવવા (પેદા કરવા) ઉપર અવશ્ય કાબૂ ધરાવે છે. (૮)**

એક રાત્રે હઝરત રસૂલે ખુદા (સ.) પોતાના કાકા હઝરત અબૂ તાલિબ (અ.) પાસે બેઠા હતા. એટલામાં એક ચમકતો તારો પ્રગટ થયો, જેથી જનાબે અબૂ તાલિબ (અ.) ભય પામ્યા અને હઝરતને પૂછ્યું કે આ શું છે ? આપે ફરમાવ્યું કે આ એક તારો છે કે જે શયતાનોને દૂર કરે છે. ત્યારે જનાબે જિબ્રઈલ (અ.) આ સૂરો લઈને નાઝિલ થયા, જેમ કે ખુદા ફરમાવે છે કે આસમાનની કસમ

કે તે બહુ જ બુલંદ છે અને તારિક એટલે રાત્રે પ્રગટ થતા સિતારાની કસમ, તારિક એટલે ખખડાવવું અને સાકિબનો અર્થ પ્રકાશિત અને બહુ જ બુલંદ થાય છે, અલ્લાહ બધી કસમ ખાઈને ફરમાવે છે કે દરેક ઈન્સાન ઉપર નિગેહબાન મોજૂદ છે.

આ જગ્યાએ ઈન્સાનથી મુરાદ કાફર છે એટલે કે એ ઈન્સાન કે જે મરવા પછી જીવતા થવાનો ઈન્કાર કરે છે. તેણે પોતાના સર્જન ઉપર વિચાર કરવો જોઈએ કે ટપકવાળા પાણીથી તેને કેવી રીતે પેદા કરવામાં આવ્યો છે. જે અલ્લાહ તેને માના ગર્ભમાં એક હાલતથી બીજી હાલતમાં બદલતો જાય છે એટલે સુધી કે તે બાળકનો આકાર ધારણ કરે છે તો તે જ ખુદા તેને મરવા પછી ફરીથી સજીવન કરી શકે છે. (ક્રમશઃ)


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**





**નઝીફ દાંતનું દવાખાનું**



**ડો. હુસૈનમોહંમદ વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
**મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪**

**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)

દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન
અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.

**::::: સમય :::::**
સવારે ૯-૦૦ થી ૧-૦૦
સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

**::::: સ્થળ :::::**
**૨૩, ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

Zakir Hussain Y. Batti (Badarpur)
**98 79 66 20 66**

Aashiqali H. Momin (Dhroda)
**99 749 87 901**




PLASTIC CONTAINER | PACK LUCH TRAY | PACK LUCH COVER



PLASTIC SPOON | PLASTIC BAG | GARBAGE BAG



SILVER CONTAINER | Up Side Square & Owl Lid



SILVER FOIL | PAPER NAPKIN | TOOTHPICKS

**ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE**

# PERENNIAL PACKAGING

17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com

**Customer Care No.: 99 241 44 429, 99 798 68 429**



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## હુનૈનની લડાઈ

હવે હુનૈનની લડાઈ સામે આવી હતી કે જેના માટે પયગમ્બરે ઈસ્લામ (સ.)ને પોતાના દોસ્તોની મદદની જરૂરિયાત મહેસૂસ થઈ, કેમ કે આપના વિરૂધ્ધ જે લોકો એકઠા થયા હતા, તેમની સંખ્યા ખૂબ જ વધારે હતી. પયગમ્બર (સ.) પોતાના દુશ્મનો તરફ આગળ વધ્યા. આંહઝરત (સ.)ની સાથે દસ હજાર મુસલમાનો હતા. મોટા ભાગના મુસલમાનો આ કાર્યમાં એટલા માટે શામેલ થયા હતા કે વિજય એમનો જ થશે, કેમ કે આના પહેલાં કોઈ પણ લડાઈમાં મુસલમાનોની આટલી બધી મોટી ફોજ રહેતી નહોતી. આ વખતે મુસલમાનોની સંખ્યા પણ વધારે હતી અને તેમનાં હથિયારો પણ સારાં હતાં. લડાઈના દિવસે અબૂ બક્રને મુસલમાનોની સંખ્યા જોઈને ખુશી થઈ. છેવટે તેઓ બોલી ઉઠ્યા, “આજે આપણી હાર નહીં થાય કેમ કે આપણી સંખ્યા ઓછી નથી.”

પરંતુ ઓચિંતી પરિસ્થિતિ બદલાઈ ગઈ. તખ્તો ઊલટાઈ ગયો, અને જેવી કે અબૂ બક્રે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે મુસલમાનોની સંખ્યા ઘણી છે, એટલે તેમની હાર નહીં થાય, તેમની આ ભવિષ્યવાણી ખોટી સાબિત થઈ. જ્યારે મુસલમાનોનો સામનો બુતપરસ્તોની સાથે થયો તો તેમણે એટલો બધો દબાવ નાખ્યો કે મુસલમાનો નાસી ગયા. માત્ર દસ મુસલમાનો બાકી હતા કે જેઓ પયગમ્બર (સ.)ની હિફાઝત કરી રહ્યા હતા. તેમાંથી નવ જણા હાશમી ખાનદાન સાથે સંબંધ ધરાવતા હતા. દસમા માણસનું નામ અમીન ઈબ્ને ઉમ્મે અયમન હતું. પયગમ્બર (સ.)ની સુરક્ષામાં અયમનને શહીદ કરી દેવામાં આવ્યા. છેવટે જે મુસલમાનો નાસી ગયા હતા, તેઓ પાછા આવવા લાગ્યા અને પયગમ્બર (સ.)ની આજુબાજુ એકઠા થવા લાગ્યા. પાછા આવનારા મુસલમાનોની સંખ્યા વધતી ગઈ અને પછી તો એમની સંખ્યા એટલી બધી થઈ ગઈ કે તેઓ બુતપરસ્તોના હુમલાનો જવાબ આપી શકે. જ્યારે મુસલમાનોની મોટી સંખ્યા જોઈને અબૂ બક્ર નવાઈ પામ્યા હતા એ જ વખતે અલ્લાહ તઆલાએ આ વહી નાઝિલ કરી હતી : (ભાષાંતર)

“જંગે હુનૈનના દિવસે જ્યારે તમને પોતાની સંખ્યાએ મગરૂર કરી દીધા હતા, પછી તે સંખ્યા તમને કંઈ પણ કામમાં ન આવી અને (તમે એવા ગભરાઈ ગયા કે) જમીન તેની વિશાળતા હોવા છતાં તમારા માટે તંગ થઈ ગઈ, તમે પીઠ બતાવીને નાસવા લાગ્યા ત્યારે અલ્લાહે પોતાના રસૂલ પર અને મોમિનો પર સંતોષ નાઝિલ ફરમાવ્યો.”

(સૂરા તૌબા, આયત-૨૫)

અહીં મોમિનોથી મુરાદ હઝરત અલી

(અ.) અને બની હાશિમના આઠ માણસો કે જે બાકી રહી ગયા હતા (હઝરત અલી (અ.) નો સમાવેશ કરતાં નવ માણસો બની હાશિમના હતા.) અબ્બાસ બિન અબ્દિલ મુત્તલિબ પયગમ્બર (સ.)ની જમણી બાજુએ હતા અને ફઝલ બિન અબ્બાસ આંહઝરત (સ.)ની ડાબી બાજુએ હતા. અબૂ સુફિયાન બિન હારિસ આંહઝરત (સ.) ના ઘોડાનું જીન પકડીને ઊભેલા હતા, જ્યારે કે અમીરુલ મોમિનીન આંહઝરત (સ.)ની સામે તલવાર લઈને ઊભેલા હતા. નોફેલ બિન હારિસ, રબીયા બિન હારિસ, અબ્દુલ્લાહ બિન ઝુબૈર બિન અબ્દિલ મુત્તલિબ અને અબૂ લહબના બે દીકરા ઉતબા અને મોઅતબ આંહઝરત (સ.)ને પોતાના ઘેરામાં લીધેલા હતા. એ લોકો સિવાય બધા જ લોકો નાસી ગયા હતા. આપ્રસંગની બાબતમાં માલિક બિન ઉબાદા ગાફકીએ આ અશઆર નઝમ કર્યા હતા :

(૧) હુનૈનની લડાઈ દરમિયાન જ્યારે દુશ્મનોની તલવારો ખેંચેલી હતી ત્યારે રસૂલ (સ.)ને દિલાસો આપનારો કોઈ ન હતો સિવાય હાશિમની ઓલાદ.

(૨) બધા લોકો નાસી ગયા. માત્ર ૯ (નવ) માણસો જ હતા કે જે બોલાવી રહ્યા હતા કે અય લોકો ! તમે ક્યાં છો ? તમે બધાં ક્યાં ગયા છો ?

(૩) ત્યારે એ બધાં જાંબાઝો રસૂલ (સ.)ની આજુબાજુ ઊભા થઈ ગયા અને મોતનો મુકાબલો કરવા લાગ્યા. તે લોકોએ અમને ઝીનત (ઈજ્જત) ન આપી પરંતુ શરમિંદગી આપી છે.

(૪) અયમન (બિન ઉમ્મે અયમન) કે જે અમીન (પયગમ્બર)નો રક્ષણહાર હતો, તેણે શહાદતનો જામ પી લીધો અને કાયમી ખુશી તેને મળી ગઈ. આ જ એનું ઈનામ હતું.

એ પ્રસંગે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબે આવા અશઆર પઢ્યા :

(૧) અમે નવ લોકો હતા કે જેઓ પયગમ્બર (સ.)ની મદદ કરી રહ્યા હતા. બાકીના લોકો કે જે નાસી ગયા હતા તેઓ ફરાર થઈ જવા પછી વેરવિખેર થઈ ગયા હતા.

(૨) જ્યારે પણ ફઝલ પોતાની તલવારથી લોકો ઉપર હુમલો કરતા હતા તો હું એકાએક કહેતો હતો : "એક પ્રહાર વધારે, બેટા ! એના પહેલાં કે દુશ્મનો પાછા આવી જાય."

(૩) અમે નવ લોકો મોતનો મુકાબલો કરી રહ્યા હતા. અલ્લાહની રાહમાં જે કુરબાની આપી દેવામાં આવે છે તેમાં તકલીફ પડતી નથી.

(પહેલી નઝમમાં) અયમન બિન ઉમ્મે અયમનનો હવાલો આપવામાં આવ્યો છે.

(અલ્લાહ એમના પર રહેમત નાઝિલ કરે.)

જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ જોયું કે લોકો તેમને છોડીને નાસી રહ્યા છે તો આંહઝરત (સ.)એ અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબને કહ્યું, (તેમનો અવાજ સખત હતો) "લોકોને પોકારીને કહો અને તેમને તેમનો અહદ યાદ દેવડાવો." અબ્બાસે બુલંદ અવાજમાં કહ્યું, "અય લોકો ! તમોએ ઝાડની નીચે અહદો પયમાન કર્યો હતો. અય અસ્હાબે સૂરા બકરા ! તમે લોકો ક્યાં નાસી જઈ રહ્યા છો ? તે પયમાન (પ્રતિજ્ઞાને) યાદ કરો કે જે તમે લોકોએ પયગમ્બર (સ.)ની સાથે કર્યો

હતો."

એ અવાજ પર કોઈએ ધ્યાન આપ્યું નહીં, લોકો રોકાયા નહીં અને પીઠ બતાવીને ભાગતા રહ્યા. અંધારી રાતના મજબૂત કાળા પડદા પડ્યા હતા અને એ અંધકારમાં પયગમ્બર (સ.)નો મુકામ વાદીએ હુનૈનમાં હતો. બુતપરસ્તોની ગોળ પહાડીની સાંકડી જગ્યાએથી ખીણની તરફ ઉતરતા હતા જેથી પયગમ્બર (સ.) ઉપર હુમલો કરે. તેમના હાથોમાં તલવારો ખેંચેલી હતી. બાકીના લોકોના હાથમાં ડંડા અને પથ્થર હતા. તે લોકોનું બયાન છે કે, "પયગમ્બરે ખુદા (સ.)ને અમે લોકોએ જોયા તો તેમનો ચહેરો ચાંદની માફક ચમકી રહ્યો હતો, બિલકુલ એવી જ રીતે કે જેવી રીતે ચાંદ ચમકતો હોય છે." ત્યારે આંહઝરત (સ.)એ મુસલમાનોને બુમ પાડીને કહ્યું, "તમે લોકો ક્યાં છો કે જેમણે અલ્લાહની સાથે અહદોપયમાન કર્યો હતો કે તમે લોકો મારી હિફાઝત કરશો ?"

(લોકોનું બયાન છે) હવાઝનનો એક માણસ મુસલમાનોની સામે આવ્યો. તે રાતા રંગના ઊંટ ઉપર બેઠો હતો. તેના હાથમાં કાળો પરચમ હતો કે જે એક નેઝાની સાથે બાંધેલો હતો. જ્યારે પણ તેને મુસલમાનોના મુકાબલામાં ફતેહ મળી હતી તો તે તેમને ચહેરા નીચા રાખીને ચાલવાનું કહેતો હતો અગર કોઈ મુસલમાન તેના હુકમને માનતો ન હતો તો તે તેને બુતપરસ્તોના હવાલે કરી દેતો હતો. તે નાસતો નાસતો મુસલમાનોનો પીછો કરી રહ્યો હતો અને આ અશઆર પઢતો હતો :

"હું અબૂ જરૂલ છું. હું ત્યાં સુધી દમ નહીં લઉં જ્યાં સુધી કાં તો તમે મને તબાહ કરી દો કે કાં તો તમે પોતે તબાહ થઈ જાઓ."

આ અવાજ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.) તેની તરફ ઝપટ્યા. આપ (અ.)એ તેના ઊંટના પાછળના પગો ઉપર પ્રહાર કર્યો. ઊંટ નીચે પડી ગયો. ત્યારે આપ (અ.)એ તેને નિશાનો બનાવ્યો અને કતલ કરી દીધો. આપ (અ.)એ કહ્યું,

"હવે લોકોની સમજમાં આવ્યું કે દિમાગ કોની પાસે છે. જંગમાં દુશ્મનોએ મારા હાથે શરમનાક અપમાનનો સામનો કરવો પડે છે."

અબૂ જરૂલના કતલ પછી બુતપરસ્તોમાં ભાગદોડ મચી ગઈ. અને લોકોએ નાસી જવાનું શરૂ કરી દીધું. અલ્લાહે તેમને ગારત કરી દીધા. આ જોઈને નાસી ગયેલા મુસલમાનોએ શરમિંદગીનો અનુભવ કર્યો અને પાછા આવીને સફોમાં ગોઠવાવા લાગ્યા. પયગમ્બરે ખુદા (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો,

"અય અલ્લાહ ! તેં પહેલાં તો કુરેશને પરાજયનો સ્વાદ ચખાડ્યો, હવે છેવટે તેમને જીતનો સ્વાદ ચખાડી દે."

હવે મુસલમાનો અને બુતપરસ્તોની વચ્ચે હાથોહાથની તલવારો ચાલવા લાગી. જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ તેમને લડતા જોયા તો આંહઝરત (સ.)એ પોતાની જીન ઊંટ ઉપર મૂકી અને ઊંચા થઈને જંગ નિહાળવા લાગ્યા, અને ફરમાવ્યું,

"હવે જંગની જ્વાળાઓ સળગી ઉઠી છે. હું અલ્લાહનો રસૂલ છું. આ જૂથ નથી. હું અબ્દુલ મુત્તલિબની ઓલાદ છું."

પયગમ્બરે ઈસ્લામ (સ.)ના આ ઈરશાદ પછી કાફિરોમાં ભાગદોડ મચી ગઈ. બુતપરસ્તોનાં

ટોળે ટોળાં ગિરફ્તાર કરીને આંહઝરત (સ.)ની સામે રજૂ કરવામાં આવ્યાં.

જ્યારે અમીરુલ મોમિનીન (અ.)એ અબૂ જરૂલને કતલ કરી નાખ્યો હતો ત્યારે તેના કતલથી એટલી બધી દહેશત પેદા થઈ ગઈ હતી કે લોકોએ સંતાવાનું શરૂ કરી દીધું હતું. આવી પરિસ્થિતિમાં મુસલમાનોએ તેમના ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો. આ વિજયી જંગમાં પણ અમીરુલ મોમિનીન (અ.) મુસલમાનોની આગળ હુમલા કરનારાઓમાંથી હતા. આપની શમશીરથી ૪૦ બુતપરસ્તો હલાક થઈ ગયા. બુતપરસ્તોનો પરાજય થયો અને અસંખ્ય બુતપરસ્તોને કેદ કરી લેવામાં આવ્યા.

અબૂ સુફિયાન શકર બિન હરફ બિન ઉમય્યાએ પણ આ જંગમાં ભાગ લીધો હતો. તે પણ એ મુસલમાનોમાં શામેલ હતો કે જેઓ નાસી ગયા હતા.

(મુઆવિયા બિન અબૂ સુફિયાનના હવાલાથી બયાન કરવામાં આવે છે કે તેણે બતાવ્યું કે)

"હું મારા બાપથી એ વખતે ભાગી મળ્યો કે જ્યારે બેદીન લોકો ભાગી રહ્યા હતા, તેમની સાથે મક્કાના બધા રહેવાસીઓ ભાગી રહ્યા હતા. મેં તેમને બૂમ પાડીને કહ્યું, "અય હરબના બેટા ! શું તું પણ તારા પિત્રાઈ ભાઈની માફક દુઃખ વેઠી શકતો નથી ? તમે તમારા દીનના માટે જિહાદ નથી કરી રહ્યા કે ન તો તમે એ બદ્દુ અરબનો સામનો કરી રહ્યા છો જેથી તમારી ઓરતોની આબરૂ બચી શકે."

તેણે પૂછ્યું, "તમે કોણ છો ?"

મેં જવાબ આપ્યો, "હું મુઆવિયા છું."

તે બોલ્યો, "શું હિન્દાનો બેટો છે ?"

મારો જવાબ હતો, "હા."

તેણે ચીસ પાડી, "મારાં મા બાપ તમારા પર કુરબાન થઈ જાય."

ત્યાર પછી તે રોકાઈ ગયો અને મક્કાના જાહિલો તેની સાથે નાસી રહ્યા હતા તે બધા રોકાઈ ગયા. હું એ લોકોની નજીક ગયો ત્યાર પછી અમે લોકોએ કાફિરો ઉપર હુમલો કર્યો અને તેમને નસાડી દીધા. મુસલમાનોએ જંગ કરવાનું ચાલુ રાખ્યું. અને બુતપરસ્તોને પરાજય આપીને તેમને ગિરફ્તાર કરી દીધા. પછી સૂરજ આથમી ગયો. ત્યાર પછી પયગમ્બરે ઈસ્લામ (સ.)એ તેમને હુકમ આપ્યો કે જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમને હલાક ન કરવામાં આવે."


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪,
મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : માબાપ વિષે

૧૮

પ્રસ્તુતકર્તા : મોલ્વી કાઝિમઅલી હાસમભાઈ ગોદડ (કનાઈ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡم

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારા-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૨૩

...وَقَضٰی رَبُّکَ اَلَّا تَعۡبُدُوۡۤا اِلَّاۤ اِیَّاہُ وَبِالۡوَالِدَیۡنِ اِحۡسَانًا ؕ اِمَّا یَبۡلُغَنَّ عِنۡدَکَ الۡکِبَرَ اَحَدُہُمَاۤ اَوۡ کِلٰہُمَا فَلَا تَقُلۡ لَّہُمَاۤ اُفٍّ وَّلَا تَنۡہَرۡہُمَا وَقُلۡ لَّہُمَا قَوۡلًا کَرِیۡمًا ﴿۲۳﴾

*(...અને તારા પરવરદિગારે (તદ્દન છેવટનો) હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં અને માબાપ સાથે નેકી કરતા રહો. જો તેઓમાંથી એક અથવા બન્ને તારી સામે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય. (અને કોઈ કારણે) તારા ઉપર ક્રોધે ભરાય તો તેમની સામે ઉફ પણ ન કર તેમજ તેમને તરછોડ પણ નહીં અને તેમની સામે માયાળુ પણે વાત કર.)*

આ આયતમાં અલ્લાહ આપણને તેની ઈબાદત કરવા તરફ પ્રેરે છે. કહે છે કે મારા સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં, ત્યાર પછીનો હુકમ છે કે માબાપની સાથે નેકી કરો. એ નેકી કરતાં કરતાં એટલે કે માબાપની ફરમાબરદારી કરતાં જો કદાચ કોઈ આપણી ભૂલના કારણે તેઓ ક્રોધે ભરાઈ જાય તો આપણે ઉફ પણ ન કરવું જોઈએ. ઉફ શબ્દ ઘણો હલકો છે. જો તેનાથી પણ વધારે કોઈ હલકો શબ્દ હોત તો ખુદા તઆલા તે વાપરત, મતલબ કે માબાપને ઉફ પણ કહેવું જોઈએ નહીં. તેમને તરછોડવાં જોઈએ નહીં. તેમની સામે ચૂપ રહેવું જોઈએ જેમ કે ઈમામ (અ.)એ ફરમાવ્યું છે, "કે તેઓ તમને મારે તો અદબની સાથે કહો કે ખુદા તમને બક્ષી આપે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તેજ નજરથી માબાપની સામે ન જુઓ, પણ બહુ જ નમ્રતાથી તેમની સામે જુઓ અને તેમના અવાજથી તમારો અવાજ ઊંચો ન કરો. તેમના હાથ સામે તમારો હાથ ઊંચો ન કરો. તેમની આગળ ન ચાલો, પણ તેમની પાછળ ચાલો જેવી રીતે કે ખિદમતગારો ચાલે છે."

આ હદીસથી માબાપ સાથે જાહેરી વર્તન કેવું કરવું તે દેખાઈ આવે છે કે તેમના ગુસ્સાના જવાબમાં આપણે હાથ ઉગામવો જોઈએ નહીં. તેમની આગળ ચાલવાની પણ મનાઈ કરી છે, કારણ કે તેમનો

આપણા ઉપર જે એહસાન છે તેને આપણે ચૂકવી શકતા નથી. જાહેરી વર્તન વિષે એક અન્ય હદીસ.

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું છે કે, "માબાપને નામ લઈને બોલાવો નહીં. તેમની આગળ પણ બેસવું નહીં. એવું કામ ન કરવું કે જેથી તેમને કોઈ બૂરું ભલું કહે."

જો આ તમામ બાબતો આપણે અપનાવી લઈએ તો જેમ અલ્લાહે માબાપ સાથે નેકી કરવાનું કહ્યું છે, તે અદા થઈ શકશે. વળી તેમના મરતબા વિષે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, "જેના માબાપ રાજી હોય તેનાથી હું રાજી છું. તમારી માના કદમો નીચે જન્નત છે. જન્નતની ખુશ્બૂ ૫૦૦ વર્ષના રસ્તાથી આવે છે, પણ જેણે માબાપને નારાજ કર્યા તે જન્નતની ખુશ્બૂ સૂંઘી શકશે નહીં.''

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

સૂરા બકરા, સૂરા-૨, આયત-૮૩

...لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ ۗ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ... ﴿۸۳﴾

*(અલ્લાહ સિવાય કોઈની ઈબાદત ન કરો, અને માબાપની સાથે એહસાન કરો.)*

આ આયતમાં અલ્લાહે પોતાની ઈબાદત પછી તરત જ માબાપની સાથે એહસાન કરવાનો હુકમ કર્યો છે. આમ પણ જોવા જઈએ તો દુનિયામાં માબાપ એવી હસ્તી તરીકે ઉપસી આવે છે કે દરેક લોકો તેમની કદ્રો કિંમતને સમજે છે અને ઈજ્જતની નજરે જુએ પણ છે, પરંતુ આ જ વાત ઈસ્લામની અંદર ખુદાએ પોતાની કિતાબમાં શામેલ કરી દીધી અને તેના ઉપર ભાર મૂકીને દરેક ઓલાદને જણાવી દીધું કે મારી ઈતાઅત કરો અને સાથે સાથે તમારા માબાપની સાથે નેકીથી વર્તો.

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે કે, "માબાપ સાથે નેકી અને એહસાન એ નમાઝ, રોઝા, હજ, ઉમરા અને જિહાદથી પણ અફઝલ છે અને તેનો સવાબ પણ વધારે છે.

આ ઈમામોના અણમોલ શબ્દોથી આપણને માઅરેફત અને હિદાયત મળે છે. એહસાન નમાઝ, રોઝા, હજ અને જિહાદ કરતા પણ વધારે મહત્ત્વની છે. માબાપની સેવામાં પણ સાથે સાથે એ પણ યાદ રાખવાનું રહ્યું કે જો કદાચ આપણા માબાપ હક મઝહબ પર ન હોય તો પણ આપણે તેમનાથી સારું જ વર્તન કરવાનું છે જેમ કે હઝરત ઈમામ અલી રઝા (અ.)ને એક માણસે પૂછ્યું કે, "મારા માબાપ હક મઝહબ પર નથી. શું તેમના માટે હું દુઆ કરી શકું છું ?" આપે ફરમાવ્યું, "હા, જો તેઓ જીવતા હોય અને હક મઝહબ પર ન હોય તો પણ તેમના માટે દુઆ કર અને સદકો આપ. તેમની સામે નરમીથી વર્ત અને મેળમેળાપ રાખ, કારણ કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે અલ્લાહે મને રહેમતની સાથે મોકલેલ છે, નહીં કે ગઝબની સાથે.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

સૂરા બની ઈસરાઈલ, આયત-૨૪

وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿٢٤﴾

*(અને તેમની પાસે નમ્રતાનો બાજુ માયાળુપણે ઝુકાવ અને એ કહ્યા કર કે હે મારા પરવરદિગાર ! આ બન્ને ઉપર એવી જ કૃપા ફરમાવ કે જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં (કૃપા) કરી હતી.)*

માબાપ સાથે આજીજી અને નમ્રતાથી પેશ આવવું અને જે દિવસોમાં તેમણે આપણી પરવરિશ કરી હતી તે દિવસોને આપણે યાદ કરીએ કે જેથી તેમના ઉપકારો યાદ આવે.

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું છે કે, "બીજો કોઈ ઉપાડી ન શકે તેવો તમારો ભાર માતાએ સહન કરેલ છે. પોતાના દિલનાં ફળ આપ્યાં છે. પોતાની તમામ શક્તિથી તમને બચાવતી રહી. પોતાની ભૂખની પરવા કર્યા વગર તમને ખવડાવ્યું. પોતાની તરસ ભૂલીને તમારી તરસ સંતોષી. પોતે પહેર્યું નહીં પણ તમને પહેરાવ્યું. પોતે તડકામાં રહી તમને છાંયડામાં રાખ્યા. તમારા માટે રાતની ઊંઘ છોડીને ગરમી, ઠંડીથી સુરક્ષિત રાખ્યા કે જેથી તમે તેણીના માટે બાકી રહો. ખરેખર અલ્લાહની મદદ અને તોફીક સિવાય તમારામાં માતાનો શુક્ર અદા કરવાની શક્તિ નથી કે જેનો ઝિક્ર કુરઆને મજીદમાં આ રીતે કર્યો છે :

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારા-૨૬, સૂરા અહ્કાફ, આયત-૧૫

وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ۭ حَمَلَتْهُ اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ۭ وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا ۭ

*(અને અમોએ મનુષ્યને તેના માબાપના સંબંધમાં ઉપકાર કરવાનો હુકમ આપ્યો છે (કારણ કે ) તેની માએ તેને કષ્ટ સાથે ગર્ભાશયમાં રાખ્યો, અને (વળી) કષ્ટ સાથે તેને જન્મ આપ્યો.)*

એટલે કે અલ્લાહે માબાપની સાથે એહસાન કરવાનો હુકમ આપ્યો છે અને માના હકકો માટે ખાસ કરીને ધ્યાન ખેંચ્યું છે કે તેણીએ કેટલાંય દુઃખ દર્દો સહન કરીને બાળકનું પાલનપોષણ કર્યું છે. જ્યારે બાળક માતાના પેટમાં હોય છે તે સમય પણ તકલીફનો હોય છે અને જ્યારે જન્મનો સમય આવે છે ત્યારે પણ તેણી તકલીફ ઉપાડે છે, પણ બાળકની ભલાઈ માટે તે આ બધી તકલીફોને ભૂલી જાય છે અને પ્રત્યેક દુઃખને ખુશીની સાથે સ્વીકારી લે છે અને બાળકના રક્ષણ માટે દરેક પ્રકારની કુરબાની આપે છે. હમલનો સમય ઓછામાં ઓછો છ મહિનાનો હોય છે અને દૂધ પીવડાવવાની મુદત વધુમાં વધુ બે વરસની હોય છે. આમ પૂરા અઢી વરસ સુધી બાળકના ઉછેરની પાછળ પોતાના દરેક દુઃખને ભૂલી જાય છે.

કુરઆન શરીફની આયતો અને હદીસોથી જાણવા મળ્યું કે બાપ કરતાં માનો દરજ્જો વિશેષ છે, કારણ કે માએ ઓલાદ માટે ઘણી તકલીફો ઉઠાવી છે. હવે આપણે રસૂલે ખુદા (સ.)ની હદીસ જાણીએ કે માનો દરજ્જો કેટલો મહાન છે.

એક વાર એક માણસે ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મોહંમદ (સ.)ની સેવામાં ઉપસ્થિત થઈને અરજ કરી, “યા રસૂલલ્લાહ ! મારા ભલા વર્તનનો સૌથી વધુ હકદાર કોણ ?” રસૂલ (સ.)એ ફરમાવ્યું, “તારી મા.” તેણે ફરીથી પૂછ્યું, “તેના પછી કોણ ?” હુઝૂર (સ.)એ ફરમાવ્યું, “તારી મા.” તે માણસે ફરીથી પૂછ્યું, “ત્યાર પછી કોણ ?” રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, “તારી મા.” તેણે ફરીથી પૂછ્યું, “અને ત્યાર પછી કોણ ?” રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું, “તારા પિતા.”

આપણને જાણવા મળ્યું છે કે માબાપનો દરજ્જો કેટલો છે. માબાપ સાથે આપણે ભલાઈથી વર્તવું, તેમની સામે મોહબ્બતની નજરે જોવું પણ ઈબાદત છે.

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, “ઓલાદનું મા બાપની સામે મોહબ્બત ભરી નજરથી જોવું ઈબાદત છે.'' વળી બીજી હદીસમાં આપ (સ.)એ ફરમાવ્યું કે, “જે માબાપની સાથે નેકી કરે છે તેના આયુષ્યમાં વધારો થાય છે.'' (રૌઝતુલ વાએઝીન)

આજે માણસ પછી તે સ્ત્રી હોય કે પુરુષ, દરેક જણ જન્નતના તલબગાર છે, પણ ઈન્સાનને એ જન્નતમાં જવાનો પરવાનો પોતાના ઘરમાં જ મળી શકે છે જેમ કે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, “માના પગ નીચે જન્નત છે અને બાપ જન્નતનો દરવાજો છે.”

વળી બીજી હદીસમાં હુઝૂરે અકરમ (સ.)એ ફરમાવ્યું છે કે, “વાલેદૈનના ખિદમતગુઝાર બનીને જન્નતમાં સ્થાન મેળવી લો અને વાલેદૈનના આક (નાફરમાન) થઈ ગયા તો જહન્નમ તમારું ઠેકાણું છે.”

આ હદીસોથી આપણને સબક મળે છે કે જન્નતમાં જવા શું શું કરવું જોઈએ. માણસ પોતે તેનો નિર્ણય લઈ શકે છે, ફક્ત એવું નથી કે માબાપ હયાત હોય ત્યાં સુધી જ તેમનાથી નેકી કમાઈ શકાય, પરંતુ તે તો નેકી કરવાના મોકા આપનાર દરિયા છે એટલે કે તેમના મૃત્યુ પછી પણ તેમનાથી નેકી કમાઈ શકાય છે.

જ્યારે માબાપ મૃત્યુ પામે ત્યારે તેમની બક્ષિસો માટે નમાઝો પઢે, દુઆ કરે, તેમનાં કર્ઝ ભરવાની જવાબદારી હસતે મોઢે પોતે સ્વીકારી લે, તેમની પાછળ તેમને સવાબ પહોંચાડવાની નિય્યત સાથે ખેરાત કરે અને ફાતેહા આપીને મિસ્કીનો અને મોહતાજોને ખવડાવીને તેના બદલામાં તેમની બક્ષિસ માટે આજીજીપૂર્વક દુઆ માગે.

**અંતમાં દુઆ માગીએ :**

- અય અલ્લાહ ! બહકકે મોહંમદ વ આલે મોહંમદ, અમને અમારા માબાપ ના સાચા ફરમાબરદાર બનાવજે.
- અય બારે ઈલાહા ! ઊંઘથી ભારે થયેલી આંખોમાં ઊંઘ માણસને જેટલો નશાકારક બનાવી શકે છે તેનાથી વધુ નશાકારક અમારી નજરોમાં તેમનું આજ્ઞાપાલન બનાવી દેજે.
- અય રબ્બલ આલમીન ! અમને અમારા રૂહાની રહેબરના હુકમ પ્રમાણે ચલાવજે.
- અય મા'બૂદ ! અમારા રૂહાની રહેબરનો સાયો અમારા સર પર સદા સલામત રાખજે… આમીન.

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**આયતે તત્હીર**

(૨) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી નકલ છે કે એક દિવસે જનાબે રિસાલત મઆબ (સ.) મારા ઘરમાં તશરીફ લાવેલા હતા કે ખાદિમાએ અરજ કરી કે જનાબે અલી અને સૈયદા દરવાજા ઉપર છે. પછી આંહઝરત (સ.) એ મને ઈર્શાદ કર્યો કે ઊઠ અને મારી અહલેબૈતથી એક તરફ થઈ જા. ઉમ્મે સલમા ફરમાવે છે કે હું ઊઠીને ઘરથી નજીક એક બાજુએ થઈ ગઈ. પછી જનાબે અલી અને ફાતેમા અને હસનૈન ઘરમાં દાખલ થયા અને હસનૈન હજુ નાના બાળકો હતા. પછી બન્ને બાળકોના બાઝૂ પકડીને તેમને પોતાની ગોદમાં બેસાડી દીધા અને તેમને બોસા આપ્યા અને જનાબે અલીની ગરદનમાં એક હાથ નાખ્યો અને બીજા હાથથી જનાબે ફાતેમાને પકડ્યાં અને તે બન્નેને બોસા આપ્યા અને તેમના ઉપર કાળી ચાદર (કંબલ) ઓઢાડી દીધી અને ફરમાવ્યું, "અય મારા પરવરદિગાર ! હું તને સોંપું છું મારી જાતને અને મારી અહલેબૈતને, ન કે દોઝખને." ઉમ્મે સલમા કહે છે, મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! અને હું પણ ? ફરમાવ્યું, તું તારા મકામ પર છે.

(૩) અમ્ર બિન અબી સલમા, આંહઝરત (સ.)ની રબીબ એટલે કે જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમાની બેટીથી રિવાયત છે કે ઈન્નમા યોરીદુલ્લાહ...ની આયત આંહઝરત (સ.)ના ઘેર નાઝિલ થઈ. પછી આંહઝરત (સ.)એ જનાબે અલી અને સૈયદા અને હસનૈન (અ.)ને બોલાવ્યા અને તેમને કપડું ઓઢાડીને ફરમાવ્યું, "અય મારા પરવરદિગાર ! આ મારી અહલેબૈત છે તેમનાથી પલીતીને દૂર કર અને પાક કરી દે તેમને પૂરા પાક કરજે." ઉમ્મે સલમાએ અરજ કરી, યા રસૂલલ્લાહ! હું પણ એમની સાથે છું ? આપ (સ.)એ ફરમાવ્યું, તું તારી જગ્યાએ છે.

(૪) જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.અ.)થી રિવાયત છે કે એક વખત જનાબે રિસાલત મઆબ (સ.) ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા અને તેમના ઉપર કાળા બાલની એક ગલીમે મુન્કશ (ભરતગૂંથણ કરેલી કામળી) હતી. પછી હસન તશરીફ લાવ્યા. આપ (સ.)એ તેમને તેમાં લઈ લીધા. પછી હુસૈન (અ.) તશરીફ લાવ્યા, તે પણ તેમની સાથે દાખલ થઈ ગયા. પછી જનાબે ફાતેમા (અ.) તશરીફ લાવ્યાં. તેમને પણ હઝરત (સ.)એ દાખલ કરી દીધાં. પછી જનાબે અલી (અ.) તશરીફ લાવ્યા. તેમને પણ હઝરતે દાખલ

કરીને ફરમાવ્યું, "સિવાય તેના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો કરે છે કે અય અહલેબૈત ! તમારાથી પલીતીને દૂર કરે અને પાક કરે તમને પૂરા પાક કરવા."

(૫) વાસલા બિન અલ અસ્કઅ કહે છે કે હું જનાબે સૈયદા (અ.)ની ખિદમતમાં એ કારણે આવ્યો કે જનાબે અલી (અ.)ના બારામાં તેમને પૂછું. તે ફરમાવવા લાગ્યાં કે જનાબે અલી (અ.) આંહઝરત (સ.) તરફ તશરીફ લઈ ગયા છે. હું તેમની વાટ જોવા ત્યાં બેસી ગયો એટલામાં હુઝૂર (સ.) તશરીફ લાવ્યા અને હુઝૂર (સ.)ની સાથે જનાબે અલી અને હસનૈન (અ.) પણ હતા. આપ (સ.) તે દરેકનો હાથ પકડીને હુજરામાં દાખલ થઈ ગયા. પછી જનાબે હસન (અ.)ને પોતાના જમણા જાંઘ ઉપર બેસાડ્યા અને જનાબે હુસૈન (અ.)ને ડાબી જાંઘ પર અને જનાબે અલી (અ.) અને સૈયદા (અ.)ને પોતાની સામે બેસાડ્યાં અને તેમના ઉપર કપડું ઓઢાડી દીધું અને પછી તે આયતને પઢી કે, "સિવાય એના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો ધરાવે છે કે અય અહલેબૈત ! પલીતીને તમારાથી દૂર કરે અને પાક કરે તમને પૂરાં પાક કરવા."

(૬) અનસ બિન માલિક (રઝી.અ.) કહે છે કે આંહઝરત (સ.) છ મહિના સુધી જનાબે સૈયદા (અ.)ના દરવાજા પરથી પસાર થતા જ્યારે કે નમાઝે સુબ્હના માટે ઘરમાંથી બહાર તશરીફ લાવતા અને ફરમાવતા હતા, અય અહલેબૈત ! અસ્સલવાત અને ત્યાર પછી આયતે તત્હીર પઢતા.

(૭) અબૂ હમરાઅ (રઝી.અ.)થી મન્કૂલ છે કે હું નવ મહિના સુધી આંહઝરત (સ.)ની ખિદમતમાં રહ્યો. જ્યારે સુબ્હ થતી તો આપ (સ.) જનાબે ફાતેમાના દરવાજા પર તશરીફ લાવતા અને ફરમાવતા કે અય અહલેબૈત ! તમારા પર અલ્લાહ રહમ કરે, અને પછી આ આયતે તત્હીર પઢતા.

(૮) જનાબે ઈમામ હસન (અ.)એ એક વખત ખુત્બામાં ઈરશાદ કર્યો કે અમે છીએ અહલેબૈત કે જેમની શાનમાં ખુદા તઆલા ફરમાવે છે કે, "સિવાય તેના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો ધરાવે છે કે તમારાથી પલીતીને દૂર કરે અને પાક કરે તમને પૂરા પાક કરવા."

(૯) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.) કહે છે કે આ આયતે તત્હીર પંજેતન પાકની શાનમાં નાઝિલ થઈ. આ હદીસને ઈમામ અહમદે પોતાની મસ્નદમાં અને ઈબ્ને તબરીએ પોતાની તારીખમાં, આંહઝરત (સ.)ની તરફ મરફૂઅ કરીને અને તબરાનીએ મોઅજ્જમ કબીરમાં અને શોઅલબીએ પોતાની તફસીરમાં કહી છે અને આ હદીસે અકબરે આલાની નજીક ઉત્તમ છે અને કેટલાકે તેની સહત પણ બયાન કરી છે.

(૧૦) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.) અને તાબેઈનમાંથી એક જમાઅત કે જેમાંથી મુજાહિદ અને કુતાદા વગેરે છે, તેમનો એ મઝહબ છે કે આયતે તત્હીરમાં અલી અને ફાતેમા અને હસનૈન (અ.) જ મુરાદ છે.

(૧૧) જનાબે અમીર (અ.) ફરમાવતા હતા કે અમે અહલેબૈત છીએ જેમનાથી કે અલ્લાહ ઈઝઝોજલે બૂરાઈઓ જાહેર અને બાતિન કરી, તે દૂરનાં છે.



# મીર અનીસના મરસિયા

**મરસિયા–૨**

مرثیہ–۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ

کہتی تھی سمجھتی نہیں کیسی ہے یہ فریاد — تم سب کو ہے کس بات کا غم میں تو ہوئی شاد
اکبرؑ جیے اصغرؑ جیے جیتا رہے سجّادؑ — گھر میں نہ ہوئی تو نہ ہوئی اِک مری اولاد
سب مل کے عبث ہوش مرے کھوتے ہو لوگو
بھائی تو پھرے خیر سے کیوں روتے ہو لوگو

**કહેતી થી સમઝતી નહીં કૈસી હય યે ફર્યાદ — તુમસબકોહયકિસબાતકાગમમૈંતોહુઈશાદ**
૪૦
**અકબરજીએ,અસ્ગરજીએ,જીતારહેસજ્જાદ, — ઘર મેં ન હોતી તો ન હુઈ એક મેરી ઔલાદ**
**સબ મિલકે અબસ હોશ મેંરે ખોતે હો લોગો**
**ભાઈ તો ફિરે ખૈર સે ક્યૂ રોતે હો લોગો**

(બીબી ઝૈનબ (અ.) કહેતાં હતાં કે મને સમજાણ પડતી નથી કે આ બધી શાની ફરિયાદ છે. તમને બધાને કઈ બાબતનો ગમ છે ? હું તો ખુશ થઈ છું. અકબર જીવતો રહે, અસ્ગર જીવતો રહે અને સજ્જાદ જીવતો રહે. ઘરમાં તો ફક્ત મારી એકલીની જ ઓલાદ નથી. તમે બધા લોકો મળીને નકામા મારા હોશ ખોઈ નાખો છો. મારા ભાઈ હુસૈન ખેરિયતમાં છે. તમે લોકો શા માટે રડો છો ?)

سر کھولے ہیں کیوں سب سے مجھے آتا ہے وسواس — ہے ہے نہ کرو بھائی کو آنے دو مرے پاس
اکبرؑ سا پسر جیتا ہے میں تو نہیں بے آس — قاسمؑ تو سلامت ہیں جو بیٹوں سے ہوئی یاس
منہ ڈھانپتے ہو کیوں یہ کوئی رونے کی جا ہے
ماموں پہ یہ صدقے ہوئے خوش ہونے کی جا ہے

સર ખોલે હય ક્યૂં સબ સે મુઝે આતા હય વસવાસ    ૪૧    હય હય ન કરો ભાઈ કો આને દો મેરે પાસ
અકબરસા પિસર જીતા હય મૈં તો નહીં બેઆસ      કાસિમ તો સલામત હય જો બેટોં સે હુઈ યાસ
મુંહ ઢાંપતે હો ક્યૂં યે કોઈ રોનેકી જા હય
મામૂં પે યે સદકે હુએ ખુશ હોને કી જા હય

(બીબી ઝૈનબ (અ.) કહેતાં હતાં કે બધાએ શા માટે પોતાનાં માથાં ખુલ્લાં કરી નાખ્યાં છે ? મને શંકા પેદા થાય છે. હાય, હાય ન કરો. મારા ભાઈને મારી પાસે આવવા દો. અકબરના જેવો દીકરો જીવતો છે. હું નિરાશ થઈ નથી. કાસિમ સલામત છે પછી બેટાઓથી નિરાશ થાઉં ? તમે બધાં મોઢાં ઢાંકો છો શા માટે ? શું આ કોઈ રડવાની જગ્યા છે ? મામાના ઉપર બન્ને જણ ફિદા થઈ ગયા, આ તો ખુશ થવાનો સમય છે.)

کہنے کو کہا یہ مگر آنسو نکل آئے      سب بیبیوں نے پیٹ کے سر اشک بہائے
لاشے وہیں لا کر شہِ بیکس نے لٹائے      زینبؑ کے قریب بیٹھ گئے سر کو جھکائے
تعظیم کو اُٹھتے ہوئے گر نے لگی زینبؑ
گِرد پسرِ فاطمہ پھر نے لگی زینبؑ

કહેને કો કહા યે મગર આંસૂ નિકલ આયે    ૪૨    સર બીબીયોંને પીટ કે સર અશ્ક બહાયે
લાશે વહીં લાકર શહે બેકસને લિટાયે      ઝૈનબ કે કરીબ બૈઠ ગયે સર કો ઝુકાયે
તા'ઝીમ કો ઉઠતે હુએ ગિરને લગી ઝૈનબ,
ગિર્દ પિસરે ફાતેમા ફિરને લગી ઝૈનબ

(બીબી ઝૈનબ (અ.)એ કહેતાં તો એવું કહી નાખ્યું, પરંતુ તેમની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. બીબીયોએ પોતાનાં માથાં કૂટીને આંસુ વહાવ્યાં. શહે બેકસ હુસૈને બન્નેની લાશો લાવીને ત્યાં સૂવાડી દીધી, અને બીબી ઝૈનબ (અ.)ની નજીક આવીને માથું ઝુકાવીને બેસી ગયાં. જ્યારે ઈમામની તા'ઝીમ માટે બીબી ઝૈનબ ઉઠ્યાં તો પડી ગયાં. ત્યાર પછી ફાતેમાના લાલની ફરતાં બીબી ઝૈનબ ફરવા લાગ્યાં.)

رو نے لگے زینبؑ سے لپٹ کر شہِ دلگیر      فرمایا کہ میں تجھ پہ فدا اے مری ہمشیر
لاشوں کو کرو پیار جو ہے خاطر شبیرؑ      اک دم میں چلے جائیں گے یہ کشتۂ شمشیر
ان لاشوں کو لو گود میں اپنی کہ ہو ماں تم
پھر بیٹیوں کا دیدار کہاں اور کہاں تم

રોને લગે ઝૈનબ સે લિપટ કર શહે દિલગીર    ૪૩    ફરમાયા કે મૈં તુઝ પે ફિદા અય મેરી હમશીર
લાશો કો કરો પ્યાર જો હય ખાતિરે શબ્બીર      એક દમ મેં ચલે જાએંગે યે કુશ્તે શમશીર
ઉન લાશોં કો લો ગોદમેં અપની કે હો માં તુમ
ફિર બેટોં કા દીદાર કહાં ઔર કહાં તુમ

(બીબી ઝૈનબ (અ.)ને વળગી પડીને ઈમામ હુસૈન (અ.) રડવા લાગ્યા. ફરમાવવા લાગ્યા કે અય મારી હમશીર ! હું તારા પર ફિદા થઈ ગયો છું. (અય બહેન !) આ શબ્બીરના ખાતર તમે આ લાશોની સાથે પ્યાર કરો. તલવારથી માર્યા ગયેલા આ બંને ફરઝંદો થોડી વારમાં તો અહીંથી ચાલ્યા જશે. અય ઝૈનબ (અ.) !આ લાશોને તમારી ગોદમાં લઈ લો. કેમ કે તમે તેમની મા છો. પછી તમે આ બેટાઓનો દીદાર ક્યોં કરશો ? અને તમે પણ ક્યાં હશો ?

## ગડમથલ નં.૨૬૩નો ઉકેલ

**આડી ચાવીઓ:** (૧) માહે સિયામ (૪) હરકત (૬) દબીર (૭) તાસ (૯) ઈદ (૧૦) કસ્ દ (૧૧) બરકત (૧૩) શદીદ (૧૪) કબર (૧૫) મજા (૧૭) કાશ (૧૮) તદબીર (૨૦) ઈસ (૨૩) બદકાર (૨૫) નામર્દ (૨૭) સેબ (૨૯) તકી (૩૦) શાહઝાદા (૩૨) બાર (૩૩) નસીહત (૩૪) નાચીઝ **ઊભી ચાવીઓ:** (૧) માહતાબ (૨) સિમ્ત (૩) મદદ (૪) હર (૫) તબાદલા (૮) સરકશ (૯) ઈતરત (૧૦) કદમ (૧૨) કબ (૧૩) શરાબી (૧૬) જાઈકા (૧૭) કાઈનાત (૧૯) રબ (૨૧) સરકાર (૨૨) સર્દ (૨૪) દગા (૨૬) મકીન (૨૭) સેહત (૨૮) બઝા (૩૦) શાહઝાદા (૩૧) દાના (૩૨) બાઝ

## જાહેરાત માટે સંપર્ક

જાફરી આવાઝમાં જાહેરાત આપવા માટે મો.એહસાનઅલી ભોવણીયાનો સંપર્ક કરવો.

મો. ૯૪૨૮૨૨૦૯૨૭ ૯૪૨૮૫૪૨૯૮૭


Life Line Surgicare
care for Life

હિંમતનગર ખાતે શુભારંભ...

લાઈફ લાઈન સર્જીકેર

એન્ડોસ્કોપી અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ

ડૉ. આબિદઅલી એમ. ખણુસીયા

એમ.અસ (સર્જન)
એન્ડોસ્કોપીસ્ટ અને લેપ્રોસ્કોપીસ્ટ
કન્સલ્ટન્ટ સર્જન

ડીપ્લોમા ઇન મિનીમલ એક્સેસ સર્જરી, વર્લ્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ, ગુડગૉવ
ફેલોશીપ ઇન લેપ્રોસ્કોપી, મેકસ હોસ્પિટલ, દિલ્લી
ફેલોશીપ ઇન એન્ડોસ્કોપી, ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ એન્ડોસ્કોપી, મુંબઇ

ડો. ગોપલાણીના હોસ્પિટલની ઉપર, આરોગ્યનગર, હિંમતનગર-૩૮૩ ૦૦૧.
ફોન : (૦૨૭૭૨) ૨૪૦૪૨૯, મો. ૯૯૦૯૯૩૦૪૨૯

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

# એપિટોમ એગ્રીકલ્ચરલ રિસર્ચ & ડેરી એજ્યુકેશન પ્રોગ્રામ

પ્રસ્તુતકર્તા : એપિટોમ ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ. નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## વિષાણુઓ (વાઈરસ)થી થતા રોગો

### : વલો (ડેન્ગુ ફીવર) :

પશુઓમાં થતો આ રોગ અતિ સામાન્ય રોગ છે. આ રોગ થ્રી ડે સીકનેશ તરીકે પ્રચલિત છે, પણ ગ્રામ્ય કક્ષાએ 'વલા' તરીકે જાણીતો છે. આ રોગ વાઈરસથી થાય છે. રોગિષ્ટ જાનવરોમાંથી તંદુરસ્ત પશુઓમાં માખી, ચાંચડ, મચ્છર જેવા પરોપજીવીઓના ડંખથી આ રોગ પ્રસરે છે. રોગિષ્ટ પશુને કરડતી વખતે આ પરોપજીવીઓ લોહી ચૂસે છે. અને વાઈરસયુક્ત લોહી તંદુરસ્ત પશુના ડંખ સાથે અન્યના શરીરમાં દાખલ થાય છે. આ રોગ ઉનાળો, પાનખર અને જ્યારે માખી-મચ્છરનો ઉપદ્રવ વધે ત્યારે વિશેષ ફેલાય છે, રોગમાં અસર પામતા પશુઓની સંખ્યા ૫૦ થી ૬૦ ટકા થવા જાય છે. જ્યારે મરણ-પ્રમાણ નહિવત છે. જે ૧ ટકાથી ઓછું રહે છે. પરંતુ કાયમી રોગગ્રસ્ત પશુઓની સંખ્યા ૫ ટકાથી ઓછી રહેવા સંભવ છે. રોગથી સાજા થયેલ પશુઓમાં એકબે વર્ષ સુધી આ રોગ જોઈ શકાતો નથી.

**રોગના ચિહ્નો :**

ચેપ લાગ્યા બાદ રોગના ચિહ્નો જણાવવાનો સમય ૨ થી ૧૦ દિવસનો છે. શરૂઆતમાં પશુને ૧૦૪૦ થી ૧૦૫૦ ફે. થી વધુ તાવ હોય છે. પશુ ખાવાનું બંધ કરે છે. સૂનમૂન ઊભું રહે છે. નાક અને આંખમાંથી પાણી જેવું પ્રવાહી પડે છે. પશુનું શરીર અક્કડ બની જાય છે. તે વારંવાર ધ્રૂજે છે. વળી આગલા ખભા, પાછલા પગ અને કમરથી પશુ જકડાયેલ જણાય છે અને લંગડાય છે. એકાદ-બે દિવસમાં તાવ ઉતરે છે. પરંતુ પશુ બેસી પડે છે. દૂધ તદ્દન ઘટી જાય છે. ૪ થી ૫ દિવસની બીમારી બાદ ખાવા માંડે છે. પરંતુ શરીર થોડું જકડાયેલું રહે છે. કેટલીક વાર દિવસો સુધી પશુ ઊભું થઈ શકતું નથી. પાછળના ભાગે પક્ષાઘાત જેવી અસર જણાય છે. આવા પશુ રીબાય છે. આ રોગ બળદમાં વિશેષ જોવા મળે છે.

**રોગ નિદાન :**

આ રોગ સામાન્ય રીતે પ્રચલિત હોઈ નિદાન સરળ છે.

**સારવાર અને અટકાવ :**

રોગના ચિહ્નો તપાસી તેની સારવાર નિષ્ણાત દ્વારા આપવામાં આવે છે. દેશી સારવારમાં ચારે પગે તથા પડખા અને પીઠ પર તેલનું માલીશ, ગરમ પાણીનો શેક કે લીનીમેન્ટ ટરપેન્ટાઈનનો માલીશ કરી રાહત આપી શકાય છે. આ રોગ તદ્દન અટકાવી શકાતો નથી. પરંતુ રહેઠાણની તથા પશુના શરીરની સ્વચ્છતા અને અન્ય પરોપજીવીઓનું નિયંત્રણ ખૂબ ફાયદાકારક બને છે.

# જ્ઞાનગોષ્ઠિ

**સંપાદક : મોમિન રત્ન**

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**વસિયત વિષેની અજોડ હદીસો :**

મોહંમદ બિન અહમદ બિન યહ્યાએ મોહંમદ બિન ઈસાથી, તેમણે મોહંમદ બિન સનાનથી, તેમણે અમ્માર બિન મરવાનથી, તેમણે સમાઆ બિન મહરાનથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે અલ્લાહ તઆલાના આ કોલની બાબતમાં

...الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَالْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ ۖ حَقًّا عَلَى الْمُتَّقِينَ ﴿١٨٠﴾

(સૂરા બકરા, આયત-૧૮૦)

*'મુત્તકીઓ પર લાઝિમ છે કે તેઓ માબાપ અને કરાબતદારો માટે હુસ્ને સુલૂકની વસિયત કરે."*

તો આપ (સ.)એ ફરમાવ્યું, આ એ વસ્તુ છે કે જેને અલ્લાહ તઆલાએ સાહેબે અમ્ર (ઈમામ) માટે ગણી છે. મે અરજ કરી, તો પછી તેની કોઈ હદ છે ખરી? આપ (સ.)એ ફરમાવ્યું, હા, એક તૃત્યાંશ (૧/૩) નો એક તૃત્યાંશ (૧/૩) ઓછામાં ઓછો. (૫૫૬૨)

યૂનુસ બિન અબ્દુર્રહમાને દાવૂદ બિન નોઅમાનથી, તેમણે હઝરત ઈમામ જાફર (અ.) ના ગુલામ ફઝીલથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.)એ ફરમાવ્યું, રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)થી પોતાની વસિયત પર મહાન ફરિશ્તાઓમાંથી ચારને ગવાહ બનાવ્યા, હઝરત જિબ્રઈલ (અ.), હઝરત મીકાઈલ (અ.), હઝરત ઈસ્રાફીલ (અ.). રાવી કહે છે કે ચોથાનું નામ મને યાદ નથી રહ્યું. (૫૫૬૩)

મોહંમદ બિન યાકૂબ કુલૈની (રઝી.અ.)એ હમીદ બિન ઝિયાદથી, તેમણે ઈબ્ને સમાઆથી, તેમણે સુલયમાન બિન દાવૂદથી, તેમણે અલી બિન અબી હમઝાથી તેમણે હઝરત ઈમામ અબુલ હસન (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને અરજ કરી કે આપ (અ.)ના દોસ્તદારોમાંથી એક માણસ મરી ગયો અને નાનાં નાનાં બાળકો મૂકી ગયો અને થોડો માલ છોડી ગયો અને તેના ઉપર કર્ઝ છે અને કર્ઝ આપનારોને તેની ખબર નથી, જો કર્ઝ આપનારાઓને કર્ઝ અદા કરી દેવામાં આવે તો તેનાં બાળકો પાસે કંઈ બાકી નહીં રહે. આપ (અ.)એ ફરમાવ્યું કે તે માલને તેના બાળકો ઉપર ખર્ચ કરો. (૫૫૬૪)

મોહંમદ બિન અબી ઉમૈર હિશામ બિન હકમથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં આંજનાબ (અ.)ને પૂછયું કે એક માણસ પોતાના ગુલામને વ્યવસ્થાપક બનાવી દે છે. શું તેના માટે એ જાઈઝ છે કે તેનાથી ફરી જાય ? આપ (અ.)એ ફરમાવ્યું, હા, આ વસિયતના જેવું જ છે. (૫૫૬૫)

અલી બિન હકમે ઝિયાદ બિન અબી હિલાલથી રિવાયત કરી છે, તેમનું બયાન છે કે એક વખત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું કે શું રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ની સાથે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને પણ વસિયત કરી હતી ? આપ (અ.)એ ફરમાવ્યું, હા, મેં અરજ કરી, શું એ

બન્ને હઝરત એટલી ઉંમરના હતા ? આપ (અ.)એ ફરમાવ્યું, હા, પરંતુ એ બન્ને સિવાય બીજા કોઈને પાંચ વર્ષથી ઓછી ઉંમરના હોવું ન જોઈએ (કે જેથી તેને વસિયત કરવામાં આવે.) (૫૫૬૬)

**વકફ અને સદકો અને અતિય્યા (બક્ષિસ) :**

મોહંમદ બિન હસન સફ્ફાર (રઝી.અ.)એ હઝરત ઈમામ અબૂ મોહંમદ હસન બિન અલી (અ.)ને વકફ અને જે કંઈ તેમના બાપદાદા (અ.) થી રિવાયતો આવી છે તેમની બાબતમાં પત્ર લખ્યો તો જવાબમાં આપ (અ.)નું લખાણ આવ્યું કે વકફ કરવાવાળાની ઈચ્છા અનુસાર વકફ થાય છે, ઈન્શાઅલ્લાહ તઆલા. (૫૫૬૭)

મોહંમદ બિન અહમદ બિન યહ્યાએ મોહંમદ બિન ઈસા યકતનીથી, તેમણે અલી મહઝયારથી, તેમણે અબુલ હસનૈનથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ અબુલ હસન સાલિસ (અ.) (ઈમામ અલી નકી (અ.))ને પત્ર લખ્યો કે મેં એક જમીન પોતાના છોકરા પર હજ અને બીજાં નેક કાર્યો માટે વકફ કરી દીધી છે અને તે જમીનમાં આપનો પણ હક રાખ્યો છે કે જે મારા પછી આપ (અ.)નો અને આપ (અ.)ના પછી આપની ઓલાદનો હશે. અને મેં તે હિસ્સાને તેનાથી અલગ કરી નાખ્યો છે તો આપ (અ.)એ જવાબમાં લખીને ફરમાવ્યું કે તમે તેમાં આઝાદ છો, તમને ઈખ્તિયાર છે. (૫૫૬૮)

અલી બિન મહઝયારથી રિવાયત છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને અરજ કરી કે આપ (અ.)ના કેટલાક દોસ્તોએ આપ (અ.)ના બાપદાદા (અ.)થી રિવાયત કરી છે કે દરેક વકફ કે જે નિર્ધારિત સમય સુધી હોય તો તેના વારસા પર વાજિબ છે અને દરેક એ વકફ કે જેનો કોઈ વકફ મુકર્રર ન હોય તે વારસા પર અજ્ઞાનતા, આળસ તેમજ બાતિલ અને રદ છે અને આપ (અ.) આપના પવિત્ર વડવાઓના કોલને સૌથી વધારે જાણવાવાળા છો. તો આપ (અ.)એ જવાબમાં લખીને ફરમાવ્યું કે મારી દ્રષ્ટિએ આ પણ એવું જ છે. (૫૫૬૯)

મોહંમદ બિન અહમદ બિન યહ્યાએ ઉબૈદીથી, તેમણે અલી બિન સુલયમાન બિન રશીદથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પત્ર લખ્યો કે મૌલા ! હું આપના ઉપર કુરબાન થાઉં, મારે કોઈ ઓલાદ નથી અને મારી પાસે જાયદાદો છે કે જે મેં અમુક મારા બાપથી વારસામાં મેળવી છે અને અમુક મેં બનાવી છે અને દુર્ઘટનાનું કોઈ ઠેકાણું નથી. અગર મારે કોઈ ઓલાદ ન થઈ અને મને મોત આવી ગયું તો હું આપ (અ.) ઉપર કુરબાન, આપ (અ.)ની શું રાય છે ? જો તેમાંથી હું અમુક ફકીરો અને કમઝોર ભાઈઓના માટે વકફ કરી દઉં અથવા મારી જિંદગીમાં જ વેચી દઈને તેની કિંમત તે લોકો ઉપર ન્યોછાવર કરી દઉં, એટલા માટે કે મને ડર છે કે મારા પછી મારો વારસો વકફને ચાલુ નહીં કરે અને જો મેં વકફ કરી દીધું તો જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તેમાંથી ખાઈ શકીશ કે નહીં ? તો આપ (અ.)એ ફરમાવ્યું કે મેં તમારા પત્ર દ્વારા તમારી જાયદાદના મામલાને સમજી લીધો છે. તમારા માટે જાઇઝ નથી કે એ વકફમાંથી અને સદકામાંથી કંઈ ખાઓ, અગર તેમાંથી તમે કંઈ ખાધું અને તમારા વારસો થયા તો પછી તે વકફ ચાલુ નહીં થાય. તેથી તમે તેને વેચી દો અને પોતાની જિંદગીમાં તેની કિંમતનો અમુક ભાગ ન્યોછાવર કરો એટલા માટે કે અગર તમે તસદ્દુક (ન્યોછાવર) કરશો તો

પોતાના માટે કંઈક રોકી પણ લેશો જેવું કે અમીરુલ મોમિનીન (અ.)એ કર્યું હતું. (૫૫૭૦)

મોહંમદ બિન ઈસા ઉબૈદીએ રિવાયત કરી છે. તેમનું બયાન છે કે અહમદ બિન હમઝાએ હઝરત ઈમામ અબુલ હસન (અ.)ને પત્ર લખ્યો કે એક ગુલામે મુદબ્બિર વકફ કરી દેવામાં આવ્યો. ત્યાર પછી તેનો માલિક મરી ગયો અને તેના ઉપર કર્ઝ છે અને એટલું બધું છે કે તેનો માલ તેની અદાયગી માટે કાફી નથી તો આપ (અ.)એ જવાબમાં લખી મોકલ્યું કે કર્ઝમાં તેના વકફને વેચી દેવામાં આવશે. (૫૫૭૧)

મોહંમદ બિન અહમદે ઉમર બિન અલી બિન ઉમરથી, તેમણે ઈબ્રાહીમ બિન મોહંમદ હમ્દાનીથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પત્ર લખ્યો કે એક મરવાવાળાએ વસિયત કરી છે કે તેના ૧/૩ (એક તૃત્યાંશ)માંથી ફલાણા માણસની મદદ ચાલુ રાખવામાં આવે અને એક તૃત્યાંશને ચાલુ રાખવાનો કોઈ હુકમ આપ્યો નથી. શું વસીના માટે એ જાઈઝ છે કે અજ અતા ચાલુ રાખવાના કારણે મય્યતના ૧/૩ (એક તૃત્યાંશ)ને વકફ કરી દે ? આપ (અ.)એ ફરમાવ્યું કે તેણે ૧/૩ (એક તૃત્યાંશ)ની જે વસિયત કરી છે તેને ચાલુ રાખે તેને વકફ ન કરે. (૫૫૭૨)

સફ્વાન બિન યહ્યાએ હઝરત ઈમામ અબુલ હસન (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે એક માણસે પોતાની જાયદાદ વકફ કરી દીધી પછી તેને વિચાર આવ્યો કે એમાં કંઈક સુધારો (ફેરફાર) કરે તો આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તેણે પોતાની ઓલાદ અથવા કોઈ અન્યના માટે વકફ કરી હોય, પછી તેનો મુતવલ્લી (પ્રબંધક) પણ બનાવી દીધો હોય તો પછી તેને કોઈ હક નથી કે તેને પાછું લઈ લે. અગર તેનાં બાળકો નાનાં નાનાં હોય અને તેના વલીથી શરત કરી લીધી કે બાળકોના બાલિગ થવા સુધી દેખભાળ અને જ્યારે બાલિગ થઈ જાય તો તેને હવાલે કરી દે તો આવી પરિસ્થિતિમાં પણ તેને હક નથી કે તે એમાં બીજી નજ કરે અને જો બાળકો મોટાં હોય, પરંતુ હજુ તેમને સોંપ્યાં નથી અને બાળકો પણ વિરોધ કરી રહ્યાં નથી કે તે જાયદાદ તેનાથી અલગ કરી દે તો તે તેમાં બીજી નજ કરી શકે છે એટલા માટે કે તે બાલિગ થયા પછી પણ તેનાથી અલગ નહીં કરે. (૫૫૭૩)

## શબ્દ પરિચય

### હંગામા

**હાલ :** (حال) હાલ અરબી ભાષાનો શબ્દ છે. તેના અર્થ આ મુજબ થાય છે : (૧) હાલત, દશા, (૨) ખબર, સમાચાર (૩) વિવરણ, વર્ણન, (૪) કથા, ચરિત્ર (૫) વર્તમાનકાળ (૬) અલ્લાહમાં તલ્લીનતા (૭) હમણાં, હાલ. આ શબ્દ ઉપરથી બનતા રૂઢિપ્રયોગો જોઈએ. **હાલ આના -** રાગ સાંભળીને ડોલવું. **હાલ આઈના હોના -** સાચી સ્થિતિની જાણ થવી. **હાલ ખુલ જાના -** અસલ સ્થિતિ પ્રગટ થઈ જવી, ભેદ ખુલી જવો, રહસ્ય છતું થઈ જવું. **હાલ આબાદી -** એ વિસ્તાર કે જે હાલમાં જ વસાવવામાં આવ્યો હોય. હાલ પતલા હોના - આર્થિક સ્થિતિ ખરાબ હોવી, ખરાબ સ્થિતિ હોવી. **હાલ પર રોના આના -** કોઈની ખરાબ સ્થિતિ જોઈને અફસોસ કરવો **હાલ પુછના -** તબિયતની ખબર પૂછવી **હાલ બેહાલ હોના -** ખરાબ સ્થિતિ હોવી **હાલ હાલ હોના -** પરેશાન થવું, વ્યાકુળ થવું.

# આપણા ઘરની વાતો

**● સુરપુર મુકામે બોસ્તાને તિફ્લાન "ફલાહ કિન્ડર ગાર્ટન"ના નવીન મકાનનું થયેલ ઉદ્‌ઘાટન :**




સુરપુર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતની યાદી જણાવે છે કે મક્તબા જાફરીયા સંલગ્ન ચાલી રહેલા બોસ્તાને તિફ્લાન "ફલાહ કિન્ડર ગાર્ટન"ના નવા મકાનનું ઉદ્‌ઘાટન હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબના આદેશ અનુસાર મુ.તા. ૧૫ શાબાન, વિલાદતે ઈમામ મહદી (અ.)ના દિવસે સમગ્ર જમાઅતના ભાઈબહેનો અને બાળકોની હાજરીમાં કુરઆનખ્વાની તથા ઝિક્રે મોહંમદ વ આલે મોહંમદ કરી, આ કાર્યમાં મળેલી સફળતા માટે શુક્રે ઈલાહી કરતા દુઆ અને ફાતેહાખ્વાની પછી હર્ષોલ્લાસ અને અનેરા આનંદની લાગણી સાથે બોસ્તાને તિફ્લાનનું આ નવીન મકાન જમાઅત માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સુરપુર બોસ્તાને તિફ્લાનમાં અત્યારે અંદાજિત ૫૦ બાળકો નર્સરી, એલ. કે. જી. તથા યુ. કે. જી. અભ્યાસ કરી રહ્યા છે.

**● શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે ''પ્રોગ્રેસિવ બૂક બેંક'' યોજના :**

અલ્લાહ તઆલા અને મોહંમદ વ આલે મોહંમદની દુઆથી આપણા સમાજમાં તા.૨૪–૧–૨૦૧૩ના રોજ "પ્રોગ્રેસિવ બૂક બેંક" યોજના ચાલુ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩–૧૪માં કુલ ૧૭૭ વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલો છે. ચાલુ વર્ષે ૨૦૧૪–૧૫માં ધો.૧૧ અને ધો.૧૨ આર્ટસ અને કોમર્સને આવરી લેવામાં આવેલ છે અને ધો.૮ થી ૧૨માં અભ્યાસ કરતા કુલ ૨૫૫ બાળકોએ આ બૂક બેંક યોજનાનો લાભ લીધેલ છે જેમાં ૧૪ વિદ્યાર્થીઓને ફ્રી આપવામાં આવેલ છે. વધુ માહિતી માટે મો.બાકરઅલી પરબડીયા–૯૨૨૭૭૮૬૪૪૦, મો.ખાદિમહુસૈન બાદરપુરા–૯૭૧૨૮૦૧૯૭૧નો સંપર્ક કરવો.

**● શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ,સાબરકાંઠા સંચાલિત મદીનતુલ ઇલ્મ સ્કૂલ :**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત મદીનતુલ ઈલ્મ સ્કૂલ (English Medium)ની જૂન ૨૦૧૩થી કિશોરગઢ મુકામે શરૂઆત કરવામાં આવી હતી. શાળા શરૂ થયા પછી હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દ.)એ સંસ્થાની મુલાકાત લીધી હતી અને દુઆ આપી હતી.

મદીનતુલ ઈલ્મની શરૂઆતથી જ ગ્રામ્ય વિસ્તારમાં અને તે પણ અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓના


વાલીઓએ બાળકોના પ્રવેશ માટે ખૂબ જ ઉત્સાહ દર્શાવી તેમના બાળકોને આપણી આ નવીન સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હતો અને શરૂઆતના તબક્કામાં મદીનતુલ ઈલ્મ સ્કૂલમાં માત્ર પહેલા (1st Standard) થી જ શરૂઆત કરવાનું આયોજન હતું પરંતુ બીજા ધોરણ માટે ઘણા વાલીઓની માગણી આવતાં ધો.૧ અને ૨ સાથે શરૂ કરવાની ફરજ પડી હતી. ગત વર્ષે ધો. ૧ માં ૫૩ બાળકો અને ધો. ૨ માં ૩૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. અને શિક્ષણની સાથે સાથે વર્ષ દરમિયાન શાળાના મેનેજમેન્ટ અને શિક્ષકો દ્વારા ગ્રીન હાઉસની મુલાકાત, કાંકરીયા–અમદાવાદનો પ્રવાસ, શાળાનો વાર્ષિકોત્સવ, ઓમ લેંડ માર્ક સ્કૂલ તેમજ દિવ્યપથ સ્કૂલ– અમદાવાદની મુલાકાત, વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આમ શાળાના શિક્ષકોએ બાળકોને તૈયાર કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવી હતી. જેથી ઉપરોક્ત તમામ બાબતોના પરિણામ સ્વરૂપે જૂન ૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે વિદ્યાર્થીઓનો ખૂબ જ ધસારો જોવા મળ્યો હતો અને નવા ૬૯ બાળકોએ મદીનતુલ ઈલ્મ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો હતો. આપ સુવિદિત છો કે મદીનતુલ ઈલ્મ સ્કૂલમાં પ્રવેશ મેળવતા બાળકોનો પાયો તૈયાર કરવામાં મુખ્ય ફાળો આપણી જમાઅતના વિવિધ ગામોમાં ચાલતા બોસ્તાને તિફ્લાનનો છે તે બાબતને ધ્યાનમાં રાખી ગત વર્ષે ચાર વખત BT Teachers માટે મદીનતુલ ઈલ્મ સ્કૂલ ખાતે વર્કશોપનું આયોજન કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને ચાલુ વર્ષે પણ ઈન્શાઅલ્લાહ વર્કશોપનું આયોજન થશે. હાલમાં મદીનતુલ ઈલ્મ સ્કૂલના નવા મકાનનું બાંધકામ ચાલુ છે અને ઈન્શાઅલ્લાહ ભાડાના મકાનમાં ચાલતી આ સંસ્થા ટૂંક સમયમાં જ નવીન મકાનમાં કાર્યરત થશે.

● **હૈદરીબાગ, જુહાપુરા–અમદાવાદ ખાતે યોજાયેલ શેર–શાયરી અને મુશાયરાનો કાર્યક્રમ :**

આપણા બીજા ઈમામ હસન મુજતબા (અ.)ની વિલાદતની ખુશીના પ્રસંગે તા.૧૨–૭–૧૪ને શનિવારના રાત્રે ૯–૩૦ કલાકે પ્રથમવાર શેર–શાયરી અને મુશાયરાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઝાકિરાને આલે રસૂલ (સ.)ના શાયરો અલગ અલગ ગામડાઓમાંથી ઉપસ્થિત રહી પોતાની આગવી શૈલીમાં શેર–શાયરી અને મનકબત રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન શ્રોતાગણ બુલંદ અવાજે નારા તક્બીર અને દુરૂદ શરીફ પઢવાનું જરાય ભૂલતા ન હતા. આ કાર્યક્રમનું આયોજન નવીન આકાર લઈ રહેલ રેસીડેન્સીયલ સંકુલ 'બાબે મુજતબા'ના આયોજકો તરફથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મહેરપુરાના જનાબ 'વફા' મહેરપુરીએ કર્યું હતું. આજના આ ખુશીના અવસર પર ઝાકિરાને આલે રસૂલ (સ.)ના શાયરો ઉપરાંત લખ્નવી શાયર સૈયદ હસનૈન ઝોહરી, જનાબ સૈયદ નાસિરઅબ્બાસ જાફરી તથા આપની સાથે આવેલ પ્રખ્યાત શાયર જનાબ કૌસર કાદરી સાહેબે પણ શેર–શાયરી અને મનકબત રજૂ કરી કાર્યક્રમને રૂહાનિયતથી તરબોળ કરી દીધું હતું. આ કાર્યક્રમને રાત્રે ૯–૩૦ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો અને લગભગ રાત્રે ૨–૦૦ વાગે પૂર્ણ થયો હતો. કાર્યક્રમમાં વચ્ચે ચા–પાણી અને નાસ્તા માટે બ્રેક રાખવામાં આવ્યો હતો. ચા–નાસ્તાની વ્યવસ્થા બાબે મુજતબા તરફથી કરવામાં આવી હતી. કાર્યક્રમને

સફળ બનાવવા માટે જુહાપુરાની વર્કીંગ કમિટીના સભ્યો, નવયુવાન ભાઈઓએ ખડે પગે રહી ઉમદા સેવા આપી હતી. જે કોઈ પણ મોમિન ભાઈબહેને આ કાર્યક્રમમાં સહકાર આપ્યો છે તે સૌનો બાબે મુજતબા તરફથી શુક્રિયા અદા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે સ્થાનિક મોલ્વી સાહેબ રજબઅલી ગાંધીએ દુઆ–ફાતેહા પઢાવ્યા હતા અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

● **ઇન્નાલિલ્લાહે..:**



કાકોશી નિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઇ દાવૂદભાઇ ચીડી** અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵વાઘણા નિવાસી **મર્હૂમા મો.ફિઝ્ઝાબેન ગુલામહુસૈન સુણસરા** મુ.તા.૧૮, શાબાન–૧૪૩૫, તા. ૧૭/૦૬/૨૦૧૪ને મંગળવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમા સ્વભાવે શાંત, માયાળુ અને નેક દિલ હતાં. તેઓ પીરો મુરશિદ અને અહલેબૈત (અ.) નાં ચાહક હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન કમાલભાઈ મસી** મુ.તા. ૧૮, શાબાન–૧૪૩૫, તા.૧૭–૬–૨૦૧૪ને મંગળવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, રહમદિલ, રમઝાના રોઝાના પાબંદ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. ⟶



⟵બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન સાવદીભાઈ ધરખડ** મુ.તા.૧૫, રજબ–૧૪૩૫, તા.૧૫–૫–૨૦૧૪ને ગુરૂવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ, રહમદિલ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.



મેતા નિવાસી **મર્હૂમા મો.નૂરીબેન શરીફભાઈ અસામદી** મુ.તા. ૧૫, રમઝાન–૧૪૩૫, તા.૧૪–૭–૨૦૧૪ને સોમવારના રોજ ૮૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતનાં ચાહક હતાં. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ગતાંકનો સુધારો** : ગતાંકમાં **"આપણા ઘરની વાતો"** વિભાગમાં ઈન્નાલિલ્લાહેમાં **મર્હૂમ મો. નૂરમોહંમદભાઈ જુસબભાઈ મોમિન** છપાયેલ છે તે **મર્હૂમ મો.નજરમોહંમદ જુસબભાઈ મોમિન** સુધારીને વાંચવું.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મોમિન ગુલામ અબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા (જોગેશ્વરી-મુંબઈ) તરફથી ચૌદ માસૂમીન(અ.)ની પાક અરવાહો તથા મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. જાફરઅલી ગુલામઅબ્બાસ મોમિન (નડિયાદ)તરફથી તેમના દીકરા અબ્બાસઅલી ધો. ૧૦ માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૪૦૦/- ડૉ. તાહિરઅલી યૂસુફભાઈ વિજાપુરા (ઈલોલ.ત.-ગાંધીનગર)તરફથી તેમના પુત્ર સાકિરઅલી ધો-૧૨ વિજ્ઞાન-પ્રવાહ (એ-ગૃપ) માં ૯૮.૦૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.હાસમભાઈ જલાલભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી તેમના પૌત્ર કામયાબઅલી S.S.C. માં 9.4 રેન્ક મેળવી પાસ થયો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- ઝવ્વારે હુસૈન (ઈલોલ તલાવ) તરફથી જાફરી આવાઝ (માસિક)ના ઉત્તેજન અર્થે.

રૂા.૨૫૦/- મો.અસગરઅલી હસનઅલી મોમિન તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મર્હૂમ મો.મોહંમદહુસૈન હાજી રહેમાનભાઈ લકી (ધોળકા) તથા તેમના મર્હૂમ કુટુંબીજનોના રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧૧૧/- મર્હૂમા જીજીબેન અલજીભાઈ બટ્ટી (બાદરપુર)ના પરિવાર તરફથી તેમની રૂહના સવાબ અર્થે.

રૂા.૪૨૯/- પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન ગુલામઅલી દાંત્રોલિયા (ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો-મુરશિદની પાક અરવાહોના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. ગુલામહસન ગુલામઅલી દાંત્રોલિયા (ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો-મુરશિદની પાક અરવાહોના સવાબ અર્થે.

૧૦૦/- મો.નજરઅલી ગુલામઅલી દાંત્રોલિયા (ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો-મુરશિદની પાક અરવાહોના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.અબ્બાસભાઈ દાવૂદભાઈ ચીડીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. હસનઅબ્બાસ શબ્બીરઅલી સુથાર (ખાટાઆંબા) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૩૫૦/- મો. કામયાબઅલી કમ્બરઅલી

મુસબજી (શેરપુરા-વડોદરા) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો. ઝિનતફાતેમા સરફરાઝઅલી મોમિન તરફથી સારા ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો. તાહિરઅલી સદીકભાઈ નુરભાણેજ (હરીપુરા) તરફથી ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો. હૈદરઅલી નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની પાક રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૫૦૦/- મો.મર્હૂમા અમીનાબેન સાવદીભાઈ ધરખડ (બાદરપુર)ના પરિવારજનો તરફથી મર્હૂમાની રૂહના સવાબ અર્થે.**

**રૂા.૧૧૧૦/- મો.મર્હૂમા અમીનાબેન કમાલભાઈ મસી (બાદરપુર)ના કુટુંબીજનો તરફથી મર્હૂમાની રૂહના સવાબ અર્થે.**

**મર્હૂમા મો.નૂરીબેન શરીફભાઈ અસામદી (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૩૦૦૦/- મો.શરીફ નશીર અસામદીના દિકરાઓ અને પરિવાર તરફથી

રૂા.૫૦૦/- મો.વારિસઅલી ફેઝુલહુસૈન સુણસરા

રૂા.૫૦૦/- મો.આબિદહુસૈન ફેઝુલહુસૈન સુણસરા

રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી શબ્બીરહસન સુણસરા

રૂા.૫૦૦/- મો.ગુલામહુસૈન અલીમદ સુણસરા (મુખી) અને તેમના દિકરાઓ તરફથી

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલ નશીર અસામદી

રૂા.૧૦૦/- મો.હબીબ નશીર અસામદી

રૂા.૧૦૦/- મો.ઈનૂઆમએહમદ ગુલામહુસૈન અસામદી

રૂા.૧૦૦/- મો.અનવરઅલી યૂસુફ અસામદી

